
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
ઓક્ટોબર, ૨૦૧૮



## આ તે વાતું છે? આ તો અમૃત છે...

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતોનું આચમન-મનન








## ઇંગ્લેન્ડમાં અક્ષરપુરુષોત્તમ દર્શન શિબિર

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ઇંગ્લેન્ડની પ્રસિદ્ધ વૉરિક યુનિવર્સિટી ખાતે તા. ૧૫થી ૩૦ ઑગસ્ટ દરમ્યાન 'અક્ષરપુરુષોત્તમ દર્શન'ના તત્ત્વજ્ઞાનના કેન્દ્રિય વિષય પર યુ.કે.ના યુવાનો, બાળકો અને વડીલોની વિવિધ શિબિરો યોજાઈ હતી. પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી તથા અન્ય વિદ્વાન સંતોએ વિવિધ વિષયોની છણાવટ સાથે હજારો શિબિરાર્થીઓનાં હૈયે ભગવાન શ્રી સ્વામિનારાયણના 'અક્ષરપુરુષોત્તમ દર્શન'ની અસ્મિતા છલકાવી દીધી હતી.

વચનામૃત ને સ્વામીની વાતો વાંચશો
તો સમજણમાં ખામી નહીં રહે...



# ક્રમિકા


૪. પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન (લેખ-૮)
- સાધુ ભદ્રેશદાસ

૮. બ્રહ્મજ્ઞાનના દિવ્ય પડછંદા
- સાધુ બ્રહ્મદર્શનદાસ

૧૪. આચમન અને મનન સ્વામીની વાતોનું...
- આ વાતમાં ઘણો મર્મ છે... (૧૬)
  - પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ
- જ્ઞાનની સ્થિતિ અધિક છે... (૧૮)
  - પૂજ્ય ડૉક્ટર સ્વામી
- ભગવાનને જીતવાનો ઉપાય... (૨૦)
  - પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી
- રસોઈ કરીને ન જમીએ તો? (૨૨)
  - પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી

૨૪. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૭. સત્સંગ શિક્ષણ પરીક્ષા પરિણામ

૪૪. આફ્રિકા ખંડમાં સંતોની પધરામણી

૪૬. એલ્ડોરેટ અને ચિગવેલમાં પ્રતિષ્ઠા

૪૮. બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ વૃત્ત

૪૯. અક્ષરવાસ-અભિનંદન

૫૦. જાહેરાત


“અત્યારે સત્સંગમાં કથાવાર્તા કરી, પરસ્પર સદ્‌ભાવ અને દિવ્યભાવ રાખી, એકબીજાને સદુપદેશ કરી સત્સંગનું બળ પમાડવાની ખાસ જરૂર છે. તે શ્રીજીમહારાજનાં શ્રીમુખનાં વચનામૃત વાંચવાથી ને હંમેશાં એક રુચિવાળા ભેગા થઈને વિચારવાથી શ્રીજીનો સિધ્ધાંત શ્રીજીકૃપાથી સમજાય છે. વચનામૃતનો ખરો સિધ્ધાંત હાથ આવે, તેને સારુ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની વાતો વાંચવાની અને અખંડ અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. કારણ, વાતોમાં શ્રીજીમહારાજની ઉપાસના ને મહિમા, સત્સંગમાં આત્મબુધ્ધિ ને વૈરાગ્ય ને ધર્મ ને આત્મજ્ઞાનની ઘણી વાતો વખતોવખત સ્વામીએ કરેલી છે. માટે વચનામૃત અને સ્વામીની વાતો વાંચવાનો અભ્યાસ રાખશો તો કોઈ વાતની સમજણમાં ખામી નહીં રહે. ને આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ, પક્ષ - એ ચાર મુદ્દા સિધ્ધ કરી છેલ્લો જન્મ કરી અક્ષરધામમાં શ્રીજીની સેવામાં જોડાશો.”

- લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ (બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ)

(તા. ૬-૭-૧૯૩૭ના રોજ બોચાસણથી આફ્રિકા સત્સંગમંડળને લખેલો એક પત્ર)


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૦, અંક : ૧૦, ઑક્ટોબર, ૨૦૧૮**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**સ્થાપના** : સન ૧૯૫૫
**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકો** : સાધુ નિખિલેશદાસ, સાધુ બ્રહ્મર્ષિદાસ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર અને ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું, સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે. ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે.

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**

લેખ-૮

પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત

# અક્ષરપુરુષોત્તમ દર્શન

લેખમાળા



■ મહામહોપાધ્યાય સાધુ ભદ્રેશદાસ

# 'અક્ષરપુરુષોત્તમ દર્શન'માં ગુરુની વિભાવના

ગુરુરક્ષરબ્રહ્મૈવ દિવ્યો દિવ્યતનોર્ધરઃ ।
નારાયણસ્વરૂપં ચ સમ્પ્રદાયાક્ષિરક્ષકઃ ॥
પરમાત્મા તુ તત્રૈવ સમ્યક્ સદા વિરાજતે ।
સ્વપ્રાકટ્યાનુભૂત્યર્થં નૃણાં ભક્તાનુકમ્પયા ॥
યથા બ્રહ્મગુરૌ વાસઃ સ્વામિનારાયણપ્રભોઃ ।
નૈવાન્યત્ર તથા ક્વાપિ પાત્રાણાં તારતમ્યતઃ ॥

દિવ્ય અક્ષરબ્રહ્મ દિવ્ય મનુષ્ય શરીર ધારણ કરી ગુરુરૂપે રાજે છે. આ અક્ષરબ્રહ્મ ગુરુ પ્રત્યક્ષ નારાયણ-સ્વરૂપ તુલ્ય છે અને તેઓ જ સંપ્રદાયની પરંપરાને રક્ષે છે.

કારણ કે પરમાત્મા ભક્તો પર અતિ કરુણા કરીને પોતાના પ્રગટપણાની અનુભૂતિ કરાવવા, આ અક્ષરબ્રહ્મ ગુરુમાં સમ્યક્ અને સદાય વિરાજમાન રહે છે.

અને પાત્રના તારતમ્યને કારણે સ્વામિનારાયણ પ્રભુ જેવા અક્ષરબ્રહ્મ ગુરુમાં નિવાસ કરીને રહે છે તેવા અન્ય કોઈમાં રહેતા નથી.

ગુરુ શબ્દ ભારતવર્ષનો આધ્યાત્મિક ખજાનો છે. ગુરુ-શિષ્ય-સંબંધ આપણે ત્યાં નવી વાત નથી. દરેક સંપ્રદાયમાં ગુરુની અનિવાર્યતાનો સિદ્ધાંત સ્પષ્ટપણે સ્વીકારાયેલો દેખાય છે. 'સંપ્રદાયો હિ ગુરુક્રમઃ' અર્થાત્ 'જ્યાં અવિરત ગુરુપરંપરા હોય તેને જ સંપ્રદાય કહેવામાં આવે છે.' એમ પ્રાચીન કાળથી સનાતન ધર્મમાં દૃઢપણે માનવામાં આવે છે.

દરેક સંપ્રદાયમાં તે તે સંપ્રદાયના સિદ્ધાંતને અનુકૂળ ગુરુ વિશેની વિભાવનાઓ સ્વીકારવામાં આવી છે. તે રીતે પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન'માં પણ ગુરુની વિભાવના વિશિષ્ટ રીતે પ્રતિપાદિત થઈ છે. પ્રસ્તુત લેખમાં તે વિશેષતાઓને જાણીએ. નીચેના સંદર્ભો વાંચો...

- ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧)

- તદ્ વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત્ સમિત્પાણિઃ શ્રોત્રિયં બ્રહ્મ નિષ્ઠમ્ ।
  મુમુક્ષુએ બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર પામવા ગુરુને શરણે જવું જોઈએ, જે ગુરુ શ્રોત્રિય કહેતાં સર્વ શાસ્ત્રોનાં રહસ્યોનો સાક્ષાત્કાર ધરાવતા હોય, પોતે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હોય અને પરબ્રહ્મમાં નિત્ય નિષ્ઠા ધરાવતા હોય. (મુંડક ઉપનિષદ ૧/૨/૧૨)
- સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમક્ષય્યમશ્નુતે ।
  જે મનુષ્યને પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મનો યોગ થાય છે, તે અક્ષય સુખને પામે છે. (ભગવદ્ગીતા ૫/૨૧)

વચનામૃત, ઉપનિષદ તથા ભગવદ્ગીતાનાં ઉપરોક્ત વાક્યો છે. આ વાક્યોમાં – અક્ષરબ્રહ્મ પણ પરબ્રહ્મની જેમ મનુષ્યરૂપે અવતરે છે, અક્ષરબ્રહ્મને જ બ્રહ્મવિદ્યાના સાક્ષાત્કાર માટે ગુરુ કરાય, અને અક્ષરબ્રહ્મ પોતાના યોગમાં આવનારને પુરુષોત્તમના અક્ષય સુખનો અનુભવ કરાવે છે – એમ અક્ષરબ્રહ્મ ગુરુ સંબંધી વિવિધ આધ્યાત્મિક સિદ્ધાંતોનું પ્રદિપાદન થયું છે.

## સંસારમાં અનેક પ્રકારના ગુરુ

સામાન્ય રીતે જે કોઈની પાસે આપણે કાંઈક શીખીએ એટલે તેઓ આપણા ગુરુ થયા કહેવાય. જેમ કે, નવજાત સંતાન માટે માતા-પિતા પ્રથમ ગુરુ બને છે. ત્યારપછી તે બાળક માટે નિશાળમાં, મહાવિદ્યાલયોમાં કે પછી વિશ્વ-વિદ્યાલયોમાં ભણાવતા શિક્ષકો પણ ગુરુ બને છે. ક્યારેક મિત્રો પણ સદુપદેશ દ્વારા ગુરુ બને છે. આમ, બોલવું, ચાલવું, લખવું, દોરવું, ખાવું, ગાવું, નાચવું, ગણવું વગેરે જીવનની પ્રત્યેક વિદ્યા કે ક્રિયા માટે આપણે કોઈને ને કોઈને ગુરુ કર્યા જ છે. ગુરુ કર્યા વગરનો કોઈ વ્યક્તિ આ સંસારમાં જીવિત નથી. લૌકિક બાબતોમાં આ નિયમ સર્વત્ર દેખાય છે.

એ જ રીતે ધાર્મિક સંપ્રદાયોમાં પણ અનેક પ્રકારના ગુરુઓ હોય છે. કેટલાક કોઈ આશ્રમ કે મઠના અધિપતિ હોવાને લીધે ગુરુ કહેવાતા હોય છે. કેટલાક શાસ્ત્રોનો અભ્યાસ, કથા-પારાયણ કે પ્રવચન વગેરે કરતા હોય તેથી ગુરુ કહેવાતા હોય છે. કેટલાક મંડળધારી હોવાને લીધે ગુરુ કે સદ્ગુરુ કહેવાતા હોય છે. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ શ્રીજીમહારાજના વખતમાં નાના સંતો, જે વરિષ્ઠ સંતના મંડળમાં રહી તેમની પાસે ભણે કે માર્ગદર્શન મેળવે, તો તે વરિષ્ઠ મંડળધારી સંતોને ગુરુ કે સદ્ગુરુ કહી સંબોધવામાં આવતા. શ્રીજીમહારાજના વખતમાં નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી જેવા ઘણા એવા વરિષ્ઠ નંદ પરમહંસો હતા કે જેમને શ્રીજીમહારાજે મંડળધારી બનાવેલા. આ વરિષ્ઠ સંતોનાં મંડળમાં કેટલાક સંતોને રાખવામાં આવેલા. આ સંતો પોતાના મંડળધારી સંતની આજ્ઞામાં રહી તેમની સાથે વિચરણ વગેરે સેવા કરતા. આમ, મંડળધારી હોવાથી નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી જેવા વરિષ્ઠ સંતોને પણ સદ્ગુરુ કે ગુરુ કહેવામાં આવતા. આથી જ તે તે મંડળમાં રહેતા સંતો પોતાના નામ લખ્યા પછી, ગુરુ તરીકે તે મંડળધારી સંતનું નામ લખતા. આ એક આશ્રમ વ્યવસ્થા છે.

## મોક્ષદાતા પરમાત્મસાક્ષાત્કારી ગુરુ અક્ષરબ્રહ્મ જ

પરંતુ મોક્ષની બાબતમાં આ વાત જુદી પડે છે. મુક્તિ પ્રાપ્ત કરવાની જ્યારે વાત આવે છે, ત્યારે 'ગુરુ' શબ્દનો અર્થ બદલાય છે. પૂર્વે જે અનેક પ્રકારના ગુરુઓની વાત કરી, તે ગુરુઓ અવશ્ય આપણા સહાયક, માર્ગદર્શક અને પ્રેરણાપ્રદ બની શકે, પરંતુ મોક્ષદાતા ગુરુની વાત તદ્દન જુદી છે. સમગ્ર સંપ્રદાયના આધ્યાત્મિક મોક્ષદાતા ગુરુ એક જ હોય છે. અને આ ગુરુ થવાનો અધિકાર પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાને પોતે રાખ્યો છે અને એમની જ નિત્ય ઇચ્છાથી કેવળ અને કેવળ અક્ષરબ્રહ્મને જ આપ્યો છે.

આ અક્ષરબ્રહ્મ ગુરુના જ આધારે સંપ્રદાયની મૂળભૂત સૈદ્ધાંતિક પરંપરા સચવાય છે. આ ગુરુ સંપ્રદાયના કેવળ વહીવટી વડા જ નથી હોતા પરંતુ સંપ્રદાયના સિદ્ધાંતોના સંરક્ષક, સંપોષક અને સંવર્ધક હોય છે, મોક્ષદાતા હોય છે.

આ રીતે આગળ કહ્યા એવા મઠાધિપતિ, અધ્યાપક કે પછી મંડળધારી હોવાને લીધે ગુરુ કે સદ્ગુરુ તરીકે ઓળખાતા મનુષ્યો કરતાં, આ મોક્ષદાતા અક્ષરબ્રહ્મ ગુરુ અલગ પડી જાય છે.

## અક્ષરબ્રહ્મનું મનુષ્યરૂપે અવતરણ

અક્ષરબ્રહ્મ મનુષ્યરૂપે અવતરે છે અને ગુરુ તરીકે બિરાજે છે.

પુરુષોત્તમ પરબ્રહ્મ આ લોકમાં અનંત જીવનાં કલ્યાણ કરવા તેમજ લાડ લડાવવા અવતરે છે, પોતાના આશ્રિતોને આનંદ પમાડે છે અને પરમ મુક્તિ આપે છે. તે જ રીતે પુરુષોત્તમ પરબ્રહ્મની ઇચ્છાથી અક્ષરબ્રહ્મ પણ આ લોકમાં પધારે છે. મનુષ્ય શરીર ધારણ કરે છે, પોતાના દૃઢ પ્રસંગ દ્વારા આશ્રિતોમાં પોતાના દિવ્ય ગુણો પ્રગટાવે છે, પરબ્રહ્મના સ્વરૂપનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ કરાવે છે અને આત્યંતિકી મુક્તિ પમાડે છે. પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન'નો આ આગવો સિદ્ધાંત છે.

સહજાનંદ શ્રીહરિએ કહ્યું છે કે 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧)

ઉપરોક્ત સંદર્ભમાં 'પોતાનું જે અક્ષરધામ' એમ કહીને પરમાત્મા જેમાં અખંડ નિવાસ કરીને રહ્યા છે તે મનુષ્યરૂપ અક્ષરબ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે.

આ જ રીતે સ્વામિનારાયણ ભગવાને પોતાના ઉપદેશોમાં ક્યારેક સંત, ક્યારેક એકાંતિક સાધુ, ક્યારેક પરમ એકાંતિક સંત, ક્યારેક વડવાનળ અગ્નિ જેવા સંત, સત્પુરુષ કે મોટાપુરુષ જેવા શબ્દો મનુષ્યરૂપ અક્ષરબ્રહ્મ માટે પ્રયોજી તેનો મહિમા ગાયો છે.

## ઉપનિષદોમાં મનુષ્યરૂપ અક્ષરબ્રહ્મ

આપણાં સનાતન શાસ્ત્રોમાં પણ અક્ષરબ્રહ્મ મનુષ્યરૂપે અવતરે છે એ સિદ્ધાંત વારંવાર પ્રતિપાદિત થયો છે.

ઈશાવાસ્ય ઉપનિષદમાં પરબ્રહ્મની સાથે અક્ષરબ્રહ્મનાં પણ સ્વરૂપ, ગુણ, ઐશ્વર્યો વગેરેનો ઉપદેશ કરવામાં આવ્યો છે. તેના એક મંત્રમાં કહેવામાં આવ્યું કે **'તદેજતિ'** (ઈશાવાસ્ય ઉપનિષદ ૫). **'એજતિ'** શબ્દનો અર્થ થાય છે – ગતિ કરવી, જવું, અવતરવું. પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ બંને મુમુક્ષુઓનાં પરમ કલ્યાણ માટે જ્યાં મુમુક્ષુઓ વસે છે, તે લોકમાં જાય છે, અવતરે છે, એમ આ મંત્રનો અર્થ છે.

મુંડક ઉપનિષદમાં પણ અક્ષરબ્રહ્મનું નિરૂપણ કરતાં કહ્યું છે કે 'આવિઃ એજત્ પ્રાણન્નિમિષચ્ચ... તદેતદ્ અક્ષરં બ્રહ્મ'. (મુંડક ઉપનિષદ ૨/૨/૧)

**'આવિઃ'** કહેતાં તે અક્ષરબ્રહ્મ આર્વિભૂત થાય છે. અનેક આત્માઓના ઉદ્ધાર માટે તે તે બ્રહ્માંડોમાં મનુષ્યરૂપ ધારી પ્રગટ થાય છે.

**'એજત્'** કહેતાં ગતિ કરે છે, ચાલે છે, વિચરણ કરે છે.

**'પ્રાણત્'** કહેતાં શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા કરે છે. અનંત આત્માઓની મુક્તિ માટે દિવ્ય જીવન ધારી રાખે છે.

**'નિમિષત્'** કહેતાં તે અક્ષરબ્રહ્મ આંખો પટપટાવે છે. જુએ છે.

ઉપરોક્ત સંદર્ભોથી અક્ષરબ્રહ્મ મનુષ્યરૂપે અવતરે છે તે ખ્યાલ આવે છે.

## ગીતામાં મનુષ્યરૂપ અક્ષરબ્રહ્મ

જીવતાં મોહમુક્તિનો અહેસાસ થવો જોઈએ એ ગીતાનું તાત્પર્ય છે. **'એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ'** 'હે પાર્થ ! આ (મેં તને જે અત્યારે કહી તે) અક્ષરબ્રહ્મની સ્થિતિ છે. આ સ્થિતિને પામીને કોઈ મોહ પામતો નથી.' (ગીતા ૨/૭૨)

આ શબ્દોથી શ્રીકૃષ્ણ ભગવાને એક પ્રકરણનો ઉપસંહાર કર્યો છે. પ્રકરણ છે – સ્થિતપ્રજ્ઞતાનું. **'સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા'** 'સ્થિતપ્રજ્ઞ મનુષ્યનાં શા લક્ષણો છે ?' (ગીતા ૨/૫૪) એમ અર્જુનની જિજ્ઞાસા થતાં શ્રીકૃષ્ણ ભગવાને તેનો જે ઉત્તર આપ્યો તે ગીતામાં નિરૂપ્યો છે.

લૌકિક કામનાઓનો ત્યાગ, પરમાત્માથી જ સંતુષ્ટ રહેવું, સુખ-દુઃખના પ્રસંગોમાં સમભાવ, રાગ-ભય અને ક્રોધથી રહિત હોવું, ઇંદ્રિયોનો સંયમ, સદા પરમાત્મ-પરાયણતા વગેરે ગુણોને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો તરીકે ત્યાં ગણાવવામાં આવ્યાં છે. ત્યારપછી અંતે આ જ ગુણો માટે **'એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ'** 'હે પાર્થ ! આ અક્ષરબ્રહ્મની સ્થિતિ એટલે કે જીવનશૈલી છે' એમ કહીને આ પ્રકરણનો ઉપસંહાર કર્યો છે.

ઉપરોક્ત ગુણોને અક્ષરબ્રહ્મની જીવનશૈલી તરીકે ગણાવવાથી અક્ષરબ્રહ્મ મનુષ્યરૂપે અવતરે છે એ સિદ્ધાંત સહેજે જ પ્રસ્થાપિત થઈ જાય છે.

હવે જો અક્ષરબ્રહ્મ મનુષ્યદેહ ધારી આ લોકમાં આવતા જ ન હોય, તો સુખ-દુઃખમાં સ્થિરતા વગેરે લક્ષણો કહ્યાં તેને **'એષા બ્રાહ્મી સ્થિતિઃ'** એમ કઈ રીતે કહી શકે? આથી ગીતાના આ શબ્દો 'અક્ષરબ્રહ્મ આપણી વચ્ચે મનુષ્યરૂપે અવતરે છે' એમ સમજાવી, તે પ્રગટ અક્ષરબ્રહ્મને શરણે જઈ, તેમના જેવું જીવન જીવવાનો રાહ ચીંધે છે.

સમગ્ર ભગવદ્‌ગીતામાં આ બ્રાહ્મી સ્થિતિનું જ જુદાં જુદાં સ્વરૂપે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એટલે 'અક્ષરબ્રહ્મ મનુષ્યરૂપે અવતરે છે' એ સમગ્ર ગીતામાં નિરૂપાયેલો સિદ્ધાંત છે – એમ નક્કી થાય છે.

## અક્ષરબ્રહ્મ ગુરુ દ્વારા જ બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર

આપણાં શાસ્ત્રો 'અક્ષરબ્રહ્મ મનુષ્યરૂપે અવતરે છે' એટલું જ પ્રતિપાદન કરી અટકતાં નથી, એ મનુષ્યરૂપે અવતરેલ અક્ષરબ્રહ્મને શરણે જઈ તેમને ગુરુ બનાવવા જોઈએ – એમ સ્પષ્ટ આદેશ પણ કરે છે.

મુંડક ઉપનિષદમાં આ આદેશ સ્પષ્ટ જોવા મળે છે. ત્યાં કહેવામાં આવ્યું કે –

**'તદ્ વિજ્ઞાનાર્થં સ ગુરુમ્ એવાભિગચ્છેત્ સમિત્પાણિઃ શ્રોત્રિયં બ્રહ્મ નિષ્ઠમ્'** અર્થાત્ 'બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર પામવા મુમુક્ષુએ ગુરુ પાસે જવું જ પડે. તે ગુરુ શ્રોત્રિય કહેતાં સર્વ શાસ્ત્રોનાં રહસ્યોનો સાક્ષાત્કાર ધરાવતા હોય, બ્રહ્મ કહેતાં સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હોય અને નિષ્ઠમ્ કહેતાં પરબ્રહ્મમાં નિત્ય સ્થિતિ, નિષ્ઠા ધરાવતા હોય.' (મુંડક ઉપનિષદ ૧/૨/૧૨)

ધ્યાન ખેંચે તેવી એક મહત્ત્વની બાબત આ ઉપરોક્ત મંત્રમાં કહેવાઈ છે. અહીં ગુરુને અક્ષરબ્રહ્મ સમજવા એમ નથી કહ્યું, પરંતુ અક્ષરબ્રહ્મને ગુરુ સમજવા એમ કહ્યું છે. આનો અર્થ એવો થયો કે મનુષ્યરૂપે વિચરતા અક્ષરબ્રહ્મ સિવાય બીજા કોઈને મોક્ષદાતા આધ્યાત્મિક ગુરુ થવાનો અધિકાર નથી. બ્રહ્મભાવ પામેલા અક્ષરમુક્તને પણ નહીં. બ્રહ્મવિદ્યાના સાક્ષાત્કાર માટેનો આ શાસ્ત્રીય સિદ્ધાંત છે.

આથી જ મુંડક ઉપનિષદમાં આગળ જઈ કહેવામાં આવ્યું કે –

**'વરેણ્યં પરં વિજ્ઞાનાદ્ વરિષ્ઠં પ્રજાનામ્ તદેતદ્ અક્ષરં બ્રહ્મ ।'** (મુંડક ઉપનિષદ ૨/૨/૧,૨)

**'વરેણ્યં વરિષ્ઠં પ્રજાનામ્'** એટલે તે અક્ષરબ્રહ્મ સર્વ દેહધારીઓ માટે વરણીય, સમર્પિત થવા યોગ્ય, પ્રાર્થનીય અને શરણાગતિનું સર્વોત્કૃષ્ટ સ્થાન છે. જેવા-તેવાને સમર્પિત ન થઈ જવું, જેવા-તેવાને પ્રાર્થના ન કરવી અને જેવા-તેવાને શરણે જઈ ગુરુ પણ ન બનાવવા. સમર્પણ, પ્રાર્થના અને શરણાગતિ માટે તો અક્ષરબ્રહ્મ જ ઉત્કૃષ્ટ સ્થાન છે. આથી જ તો, અક્ષરબ્રહ્મ આ લોકમાં પધારી આપણા સૌની વચ્ચે વિચરે છે – એમ આ મંત્રનો ધ્વનિતાર્થ છે.

## અક્ષરબ્રહ્મ ગુરુ થકી થતા લાભો

મુમુક્ષુ જ્યારે પ્રામાણિકપણે અને પરમ શ્રદ્ધાથી અક્ષરબ્રહ્મ ગુરુના શરણે જાય તો તેને મોક્ષમાર્ગની ત્રણ અગત્યની બાબતો સહેજે સિદ્ધ થાય છે –

૧. બ્રાહ્મી સ્થિતિ.

૨. પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય.

૩. પુરુષોત્તમની પ્રત્યક્ષતાનો અનુભવ.

## બ્રાહ્મી સ્થિતિ

બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવી એટલે બ્રહ્મરૂપ થવું, અક્ષરરૂપ થવું, અક્ષરબ્રહ્મના ગુણો આત્મસાત્ કરવા.

કામ-ક્રોધ, માન-ઈર્ષ્યા, દંભ-કપટ વગેરે દોષોથી રહિત થવું; માયાના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણથી પર ગુણાતીત થવું; સદાચાર અને નિયમથી યુક્ત જીવન જીવવું; આત્મનિષ્ઠા અને વૈરાગ્ય આત્મસાત્ કરવાં; પુરુષોત્તમની દાસભાવે ઉપાસના-ભક્તિ કરવી વગેરે અક્ષરબ્રહ્મ ગુરુહરિના દિવ્ય ગુણો છે. અક્ષરબ્રહ્મ ગુરુહરિમાં આ ગુણો સહજ અને નિત્ય હોય છે, જ્યારે અન્ય આત્માઓમાં તે ગુણો ગુરુરૂપ અક્ષરબ્રહ્મના દૃઢ સમાગમથી આવે છે.

શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણના ૩૧મા વચનામૃતમાં કહ્યું છે કે મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો તે બ્રહ્મના ગુણ છે તે જીવને વિશે પણ આવે છે.

## પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય

અક્ષરબ્રહ્મ ગુરુને પુરુષોત્તમ ભગવાનનો નિત્ય યથાર્થ નિશ્ચય છે. તેઓ સદૈવ પુરુષોત્તમ પરમાત્માને જેમ છે તેમ સંપૂર્ણપણે પ્રત્યક્ષ જુએ છે, પરમાત્માનો યથાર્થ આનંદ માણે છે. આથી, આ અક્ષરબ્રહ્મ ગુરુ દ્વારા જ ભગવાનના સ્વરૂપનો સાચો અને દૃઢ નિશ્ચય થાય છે. ભગવાન નિર્દોષ છે, અનંત કલ્યાણકારી ગુણે યુક્ત છે, સર્વોપરી છે, સર્વકર્તાહર્તા છે, સદા સાકાર છે અને સદા પ્રગટ રહે છે... વગેરે પુરુષોત્તમ નારાયણનો યથાર્થ નિશ્ચય, તેમનો સાક્ષાત્કાર આ ગુરુ કરાવે છે. આ પ્રમાણે ગુરુ દ્વારા અક્ષરરૂપ થયેલો ભક્ત પુરુષોત્તમના સ્વરૂપનો દૃઢ નિશ્ચય સિદ્ધ કરીને તેમની ઉપાસનામાં રમમાણ થાય છે.

## પુરુષોત્તમની પ્રત્યક્ષતાનો અનુભવ

અક્ષરબ્રહ્મ ગુરુ સ્વયં પુરુષોત્તમ ભગવાન નથી જ. તે તો સદાય પરમ દાસભાવે પુરુષોત્તમની પરાભક્તિમાં ડૂબેલા હોય છે. તેમ છતાં તેમનામાં સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નિત્ય સમ્યક્ નિવાસ કરીને રહ્યા છે અને તેમના દ્વારા પ્રત્યેક પ્રકારનું અને સંપૂર્ણ પોતાનું દિવ્ય સુખ મુમુક્ષુજનોને આપે છે; આથી તેઓ પુરુષોત્તમનું પ્રગટ-પ્રમાણ પ્રત્યક્ષ સ્વરૂપ કહેવાય છે. પુરુષોત્તમ નારાયણ પોતે મનુષ્ય શરીર ધારણ કરી પોતે પ્રગટ હોય, ત્યારે તો પોતે જ પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપે છે. તેઓના અંતર્ધાન થયા પછી અક્ષરબ્રહ્મ ગુરુ દ્વારા તેઓ પોતાના પ્રગટપણાનો અનુભવ કરાવે છે. આથી આજે સંપ્રદાયમાં અક્ષરબ્રહ્મ ગુરુમાં ભક્તોને સાક્ષાત્ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન મળ્યાની અનુભૂતિ થાય છે અને પૂર્ણકામપણું મનાય છે.

ઉપનિષદોએ પણ ગુરુહરિને વિશે પરમાત્માના ભાવથી જોડાવાનો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે.

શ્વેતાશ્વતર ઉપનિષદના અંતમાં કહ્યું છે –

**'યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ।**
**તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ॥'**

આ મંત્રનો અર્થ કરતાં ભગવાન સ્વામિનારાણ કહે છે - 'જેવી પરોક્ષ દેવને વિશે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.' (વચનામૃત ગઢડા અંત્ય ૨)

આથી જ અક્ષરબ્રહ્મ ગુરુહરિનું પ્રત્યક્ષ નારાયણસ્વરૂપની ભાવનાથી ધ્યાન અને માનસી કરવાનો સિદ્ધાંત 'અક્ષર-પુરુષોત્તમ દર્શન'માં પ્રતિપાદિત થયો છે.

આ રીતે અક્ષરબ્રહ્મ ગુરુહરિ દ્વારા બ્રાહ્મી સ્થિતિ, પરબ્રહ્મનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય અને પરબ્રહ્મના પ્રગટપણાની અનુભૂતિ પ્રાપ્ત થાય છે – એમ 'અક્ષરપુરુષોત્તમ દર્શન'માં ખૂબ સ્પષ્ટપણે અને દૃઢતાથી માનવામાં આવે છે.

ઉપરોક્ત ત્રણે આધ્યાત્મિક બાબતોને સિદ્ધ કરાવવાનો અને મોક્ષદાતા તરીકેનો અધિકાર પુરુષોત્તમ ભગવાનને અને તેમની નિત્ય ઇચ્છાથી કેવળ અક્ષરબ્રહ્મને જ છે. અક્ષરરૂપ થયેલ મુક્તાત્માને પણ આ અધિકાર પુરુષોત્તમ ભગવાને આપ્યો નથી.

આથી જ આવા આધ્યાત્મિક મોક્ષદાતા ગુરુઓની નિમણૂક વંશ-વારસામાં નથી ચાલતી. મોક્ષદાતા ગુરુ થવું એ તો દિવ્ય ગુણોની ગાદી છે. એનો અધિકાર કેવળ અને કેવળ અક્ષર અને પુરુષોત્તમ એ બેનો જ છે – એમ સ્વયં સ્વામિનારાયણ ભગવાનનો સિદ્ધાંત છે.


## સંપ્રદાયસિદ્ધ ગુરુપરંપરા

સ્વામિનારાયણ સંપ્રદાય એક પ્રમાણભૂત અને શાસ્ત્રીય સંપ્રદાય છે, કારણ કે અહીં સ્વામિનારાયણ ભગવાનના મૂળ સિદ્ધાંતનું એટલે કે 'અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત'નું સંરક્ષણ, સંપોષણ અને સંવર્ધન કરતી દિવ્ય અક્ષરબ્રહ્મ ગુરુની પરંપરા છે.

સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વયં સ્વામિનારાયણ ભગવાનરૂપે આ અવની પર આવ્યા અને તેમની સાથે જીવ, ઈશ્વર, માયા અને અક્ષરમુક્તોથી પર એવું અક્ષરબ્રહ્મ તત્ત્વ પણ સ્વયં ગુણાતીતાનંદ સ્વામી રૂપે આ લોકમાં આવ્યું. વળી, પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાને પોતે જ એકમાત્ર આ ગુણાતીતાનંદ સ્વામીની જ 'સાક્ષાત્ મૂળ અક્ષર' તરીકે ઓળખાણ, મુનિવર્ય ગોપાળાનંદ સ્વામી તથા મુનિવર્ય મુક્તાનંદ સ્વામી જેવા મહાન પરમહંસો સહિત બીજા અનેક સંતોને તેમજ વંથળીના કલ્યાણભાઈ જેવા અનેક ગૃહસ્થ ભક્તોને પણ વારંવાર કરાવી. અને તે ગુણાતીતાનંદ સ્વામી દ્વારા સંપ્રદાયની સૈદ્ધાંતિક ગુરુપરંપરાનો આરંભ કર્યો.

સ્વામિનારાયણ ભગવાન સ્વયં અંતર્ધાન થયા પછી, આ બ્રહ્મસ્વરૂપ ગુણાતીત ગુરુપરંપરા દ્વારા આ ભૂમિ પર પ્રગટ રહ્યા. સંપ્રદાયસિદ્ધ આ ગુરુપરંપરા આ રીતે છે –

૧. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી મહારાજ. ૨. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ. ૩. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ. ૪. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ. **(અનુસંધાન પૃષ્ઠ ૪૩ પર)**



*અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો એટલે સ્વામિનારાયણ સંપ્રદાયનું જ નહીં, પરંતુ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઈચ્છતા પ્રત્યેક મુમુક્ષુ માટેનું અજોડ માર્ગદર્શક શાસ્ત્ર. ભગવાન શ્રી સ્વામિનારાયણના હૃદ્‌ગત અભિપ્રાયનું એક સરળ અને અનુભવપૂર્ણ નિરૂપણ. આગામી શરદપૂર્ણિમાએ ગુણાતીતાનંદ સ્વામીના ૨૩૪મા જન્મોત્સવે બ્રહ્મપડછંદા સમી એ સ્વામીની વાતોનું એક મનનાત્મક વિશ્લેષણ...*

## અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતોઃ

# બ્રહ્મજ્ઞાનના દિવ્ય પડછંદા

■ સાધુ બ્રહ્મદર્શનદાસ

આધ્યાત્મિક શાસ્ત્રોના ઇતિહાસમાં અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતોનું સ્થાન અનન્ય છે. જેમ વચનામૃત એ સંપ્રદાયનો રહસ્ય ગ્રંથ છે, તેમ સ્વામીની વાતું એ પણ સંપ્રદાયનો રહસ્ય ગ્રંથ જ છે. બંને ગ્રંથોના અધ્યયનથી શુદ્ધ ઉપાસના, સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન અને બ્રાહ્મીસ્થિતિ સિદ્ધ કરવા માટે આવશ્યક સાધનોની સૂઝ પડે. ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃત ગ્રંથની જેમ 'સ્વામીની વાતો'નો આ ગ્રંથ પણ ઉપદેશ-વચનોનું એક સંકલિત શાસ્ત્ર છે. બસો વર્ષ પૂર્વે ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં અને અનેક શહેરોમાં, ગામોમાં તથા રસ્તે ચાલતાં જે કંઈ ઉપદેશ આપ્યો તે તેઓના સંતો-ભક્તો દ્વારા લખાયો. તેમાંનો કેટલોક ઉપદેશ સ્વામીની વાતો ગ્રંથમાં સંકલિત થયેલો છે.

ગુણાતીતાનંદ સ્વામી (સન ૧૭૮૪ થી સન ૧૮૬૭) તેઓના ૫૭ વર્ષના ત્યાગી જીવનમાં અહોરાત્ર આધ્યાત્મિક વાતો ઉચ્ચારતા રહ્યા હતા. તેઓએ જ એક વાર નોંધેલું છે કે, *'અમે જે કંઈ બોલ્યા છે તે બધું લખવા જો કોઈ બેસે તો બ્રહ્માંડ ભરાઈ જાય એટલી વાતો અમે કરી છે.'* આમ કહીને તેઓ સમજાવે છે કે તેઓએ અપાર વાતો કરી છે.

ભગવાન સ્વામિનારાયણનો આદેશ થતાં જ આધ્યાત્મિક જ્ઞાન પીરસવામાં એટલે કે દિવસ-રાત વાતો કરવામાં ગુણાતીતાનંદ સ્વામી પાછા પડ્યા નથી. તેઓ કહે છે :

*"એક દિવસ મહારાજે (સ્વામિનારાયણ ભગવાને) મુને કહ્યું જે, 'મંડળ બાંધો.' ત્યારે હું કાંઈ બોલ્યો નહીં. ત્યારે સામું જોઈને કહ્યું જે, 'સાધુ તો પાંચ રાખીએ જેથી જીવનું કલ્યાણ થાય.' એમ કહીને કહેવા માંડ્યા જે, 'સાધુ તો દસ રાખીએ, વીસ રાખીએ, પચાસ રાખીએ, સો રાખીએ ને સાધુ તો બસેં રાખીએ.' પછી તો હું બોલ્યો નહીં, પણ અંતે એમ કર્યું. એ વાતની દીર્ઘદર્શીને ખબર પડે, આપણે તો કાંઈ જાણીએ નહીં. અરે, એક દિવસ મહારાજે મુને પૂર્વાશ્રમમાં હતો ત્યાં આવીને કહ્યું જે, 'શું કરો છો ને શું કરવા આવ્યા છીએ ? ને બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે !' એમ કહીને દેખાણા નહીં. તે દિવસથી જીવનું કલ્યાણ થાય તેમ જ કરીએ છીએ અને એક દિવસ મહારાજને ચાર પ્રશ્ન પુછાવ્યા, તેમાં એક તો ધ્યાન કરવું, બીજું આત્માપણે વર્તવું, ત્રીજું માંદાની સેવા કરવી ને ચોથું ભગવાનની વાતું કરવી. એ ચારેમાં અધિક કોણ છે, તે કહો ? પછી મહારાજે કહ્યું જે, 'વાતું જ અધિક છે.' તે દિવસથી મેં વાતું કરવા માંડી છે, તે રાત-દહાડો સોપો જ પડતો નથી; જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે."*

*(સ્વામીની વાતો : ૩/૫૬)*

વાતો કરવાની ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાને એક પવિત્ર સેવા-ભક્તિ માનીને ગુણાતીતાનંદ સ્વામીએ હૃદયપૂર્વક સ્વીકારી હતી. એક વાર તેઓએ આ કાર્ય શરૂ કર્યું ત્યારબાદ સ્થળ, સમય, સંજોગો કે શારીરિક પરિસ્થિતિ સામે જોયા વિના તેઓએ વાતો કર્યે જ રાખી છે. વાતો કરવામાં તેઓ કોઈના રોક્યા રોકાયા નથી. પાત્ર-કુપાત્ર જોયા વિના તેઓની વાતોનો અમૃતપ્રવાહ અસ્ખલિતપણે વહેતો જ રહ્યો છે. અનેક જીવોનાં અજ્ઞાનનાં બંધનો કાપીને

આત્યંતિક મુક્તિનાં દ્વાર ઉઘાડવા માટે તેઓએ જાણે કથાવાર્તાનો અખાડો જ જમાવેલો! આષાઢી મેઘની જેમ સ્વામીના મુખમાંથી અવિરતપણે પુષ્કળ પ્રમાણમાં વાતો વરસ્યા જ કરી છે.

એ સ્વાભાવિક છે કે એ સમયમાં ગુણાતીતાનંદ સ્વામીના ઉપદેશનો પ્રત્યેક શબ્દ કોઈ ઝીલી શક્યા નહીં હોય! છતાં જે કંઈ લખાયું તે સાત પ્રકરણોમાં વહેંચાયું, જેમાં કુલ ૧,૪૭૮ ઉપદેશવચનોનો સંગ્રહ છે. વધુમાં અન્ય આઠ પ્રકરણની આવૃત્તિમાં બીજી ૨,૧૪૨ વાતો સંકલિત થયેલી છે. આ રીતે આ વાતો વિવિધ વિષયો અનુસાર વિવિધ પ્રકરણોમાં વિભક્ત કરવામાં આવેલી છે. વાતોની લંબાઈ એક વાક્યથી માંડીને એક પૃષ્ઠ સુધીની પણ છે.

આ વાતોની પ્રથમ આવૃત્તિમાં આ વાતોને કોઈ ક્રમાંક આપ્યા વિના કે ફકરા પાડ્યા વિના જ મૂકવામાં આવી હતી, પરંતુ ત્યારપછી તો પ્રત્યેક વાતને યોગ્ય ફકરા પાડીને અને સ્વતંત્ર સંદર્ભક્રમાંક ટાંકીને છાપવામાં આવી છે.

## ગ્રંથના સંકલનકર્તાઓ

એ ખરું છે કે ગુણાતીતાનંદ સ્વામીએ ઉચ્ચારેલી પ્રત્યેક વાત નોંધાઈ કે પ્રકાશિત થઈ નથી. વધુમાં ભગવાન સ્વામિનારાયણના સ્વધામગમન બાદ ગુણાતીતાનંદ સ્વામીના કેટલાક સંત-ભક્ત શિષ્યોએ તેઓની 'વાતો' નોંધવાનું શરૂ કર્યું. તે સંતોમાં મુખ્યત્વે સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી તથા જાગા ભક્ત અને ગૃહસ્થ ભક્તોમાં શ્રી હરિશંકરભાઈ રાવળ, સદાશંકરભાઈ અમરજી અને ઠક્કર નારાયણ પ્રધાન મુખ્ય હતા. સ્વામીની વાતોનાં સાત પ્રકરણોમાંથી પહેલાં ત્રણ પ્રકરણો જાગા ભગત દ્વારા, ચોથું-પાંચમું પ્રકરણ હરિશંકરભાઈ દ્વારા, છઠ્ઠું પ્રકરણ સદાશંકરભાઈ દ્વારા અને સાતમું પ્રકરણ બાલમુકુંદદાસ સ્વામી દ્વારા સંકલિત થયું છે. આઠથી પંદર પ્રકરણોમાં આઠમું પ્રકરણ જાગા ભક્ત દ્વારા અને બાકીનાં બધાં ઠક્કર નારાયણ પ્રધાન દ્વારા લખાયાં છે.

સ્વામીની વાતોનું લેખન-સંકલન કરનારા તમામ સંતો-ભક્તો ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર અને નિષ્ઠાવાન શિષ્યો હતા. તેઓએ આ સંકલન માન-મોટપ કે કીર્તિ માટે નહીં, પરંતુ પોતાના અને અન્યના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે કર્યું છે. જે ઉપદેશનું કેવળ એક વાર શ્રવણ જ થયું હોય તે ભુલાઈ જાય છે, પરંતુ જે ઉપદેશ લખાઈ જાય છે તે વારંવાર વંચાતો રહે છે અને તેનું મનન-ચિંતન થતું રહે છે. તે વાચકને પ્રેરણાથી ભીંજવે છે અને તદનુસાર વર્તવાનું બળ પૂરું પાડે છે. આવા શુદ્ધ હેતુથી તેઓએ સ્વામીના ઉપદેશો લખ્યા છે. આગળ જતાં એ ઉપદેશો પુસ્તકરૂપે સંકલિત થયા. પાંચ પ્રકરણો ધરાવતી સ્વામીની વાતોની પ્રથમ પ્રકાશિત આવૃત્તિમાં સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી નોંધે છે કે જ્યારે ગુણાતીતાનંદ સ્વામીએ આ પુસ્તક સમગ્રપણે સાંભળ્યું ત્યારે અચિંત્યાનંદ બ્રહ્મચારી વગેરે સંતો સાથે તેઓ પણ ઉપસ્થિત હતા. જ્યારે એ પુસ્તક વંચાતું હતું ત્યારે ગુણાતીતાનંદ સ્વામી સ્વયં બોલેલાઃ 'આ વાતુંમાં તો એકે શબ્દ આઘોપાછો નથી.'

અર્થાત્ સ્વામીની વાતોનો ગ્રંથ ભલે અન્ય લેખકો દ્વારા સંપાદિત થયેલો ગ્રંથ છે, પરંતુ સ્વયં ગુણાતીતાનંદ સ્વામીએ પ્રમાણિત કરેલો તે ગ્રંથ છે.

## સ્વામીની વાતોની વિવિધ આવૃત્તિઓનું પ્રકાશન

ગુણાતીતાનંદ સ્વામીની વાતો નોંધનાર સંતો-ભક્તોએ તેને પોતપોતાની શૈલીમાં નોંધી હતી. તે ખરડાને સંતો-ભક્તો ઉચ્ચ સ્વરે વાંચતા. કેટલાક તેની નકલો પણ ઉતારી લેતા. આ રીતે સ્વામીની વાતોનું વાંચન વધતું ચાલ્યું.

તે અરસામાં જાગા ભક્તે નોંધેલી વાતોની નકલો રાજકોટના કૃષ્ણજી ઈન્દ્રજી વ્યાસ (અદા) પાસે પણ પહોંચી. તેના થોડાં વર્ષો બાદ વિક્રમ સંવત ૧૯૫૯, સન ૧૯૦૩માં કૃષ્ણજી અદાના પુત્ર વૈજનાથભાઈએ પ્રથમ વાર સ્વામીની વાતો છ પ્રકરણમાં પ્રકાશિત કરી; જેમાં ત્રણ પ્રકરણો જાગા ભક્ત, બે પ્રકરણો હરિશંકરભાઈ અને એક પ્રકરણ સદાશંકરભાઈ દ્વારા સંકલિત થયેલાં હતાં. બાલમુકુંદદાસ સ્વામી દ્વારા નોંધાયેલું અને સંકલિત થયેલું પ્રકરણ તે વખતે કદાચ ઉપલબ્ધ નહીં હોવાને કારણે તેનો સમાવેશ આ પ્રથમ પ્રકાશનમાં કરવામાં આવ્યો નહોતો.

ત્યારબાદ વિક્રમ સંવત ૧૯૬૭, સન ૧૯૧૧માં રાજકોટથી બાલમુકુંદદાસ સ્વામીએ પાંચ પ્રકરણની સ્વામીની વાતો પ્રકાશિત કરી. આ પ્રતમાં ત્રણ પ્રકરણો જાગા ભક્ત અને એક-એક પ્રકરણ સદાશંકરભાઈ તથા સ્વયં બાલમુકુંદદાસ સ્વામી દ્વારા સંકલિત થયેલાં. ત્યારપછી આચાર્ય વાસુદેવપ્રસાદજીની અનુમતિથી વિક્રમ સંવત ૧૯૭૫, સન ૧૯૧૯માં ઉપરોક્ત પાંચ પ્રકરણવાળું સ્વામીની વાતોનું પુસ્તક સદ્‌ગુરુ નંદકિશોરદાસજીની પ્રેરણાથી પુસ્તક વિક્રેતા ગુરુપ્રસાદ નારણજી દ્વારા પ્રકાશિત થયું. બાલમુકુંદદાસ સ્વામી દ્વારા પ્રકાશિત આ પ્રતને મુખ્ય માનીને રાજકોટના સત્સંગ હિતવર્ધક મંડળે વિક્રમ સંવત ૧૯૭૫, સન ૧૯૧૯માં આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજની અનુમતિ મેળવીને આ ગ્રંથ પ્રકાશિત કરેલો. વિક્રમ સંવત ૧૯૮૯, સન ૧૯૩૩માં આચાર્ય આનંદપ્રસાદદાસજીની પરવાનગીથી રાજારામ

ભટ્ટે બાલમુકુંદદાસ સ્વામી દ્વારા સંકલિત પ્રતને પ્રકાશિત કરી હતી. તે પછી વિક્રમ સંવત ૨૦૨૨, સન ૧૯૬૬માં સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ દ્વારા પાંચ પ્રકરણોમાં સ્વામીની વાતો પ્રકાશિત થઈ. ત્યારબાદ અન્ય ઘણી સંસ્થાઓ દ્વારા આ ગ્રંથ પ્રકાશિત થતો રહ્યો.

બાલમુકુંદદાસ સ્વામી દ્વારા પ્રકાશિત થયેલ પાંચ પ્રકરણ (સન ૧૯૧૧) બાદ વૈજનાથભાઈ દ્વારા પ્રકાશિત થયેલ સાત પ્રકરણ (વિક્રમ સંવત ૧૯૮૪, સન ૧૯૨૮) વિશેષ પ્રસિદ્ધ થયાં. સ્વામીની વાતોની આ પ્રતમાં સન ૧૯૦૩માં વૈજનાથભાઈ દ્વારા પ્રકાશિત પ્રતમાં સમાવિષ્ટ છ પ્રકરણો ઉપરાંત, સન ૧૯૧૧માં બાલમુકુંદદાસ સ્વામી દ્વારા પ્રકાશિત પ્રતમાં સમાવિષ્ટ એક પ્રકરણ કે જેમાં પુરુષોત્તમ(ભગવાન સ્વામિનારાયણ)નો અપાર મહિમા કહેવાયો છે, તેનો પણ સમાવેશ કરીને કુલ સાત પ્રકરણોમાં તે પ્રકાશિત થઈ.

આ સાત પ્રકરણોવાળું સ્વામીની વાતોનું પુસ્તક બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.) દ્વારા વારંવાર પ્રકાશિત થતું રહ્યું છે. અત્યાર સુધી ૨,૬૯,૦૦૦ ઉપરાંત પ્રતો પ્રકાશિત થઈ ચૂકી છે.

આ રીતે પાંચ પ્રકરણ અને સાત પ્રકરણવાળું સ્વામીની વાતોનું પુસ્તક વધુ માત્રામાં પ્રકાશિત થયું છે.

આ પ્રકાશિત પ્રકરણોની સાથે જાગા ભક્ત અને જૂનાગઢના લહિયા શ્રી ઠક્કર નારાયણ પ્રધાન દ્વારા નોંધાયેલ વાતોના ખરડા પણ હતા. રાજકોટના વૈજનાથભાઈ તથા અન્ય પ્રકાશકો દ્વારા આ ખરડાના આધારે વધારાનાં પ્રકરણોવાળું પુસ્તક પણ પ્રકાશિત છે. વિક્રમ સંવત ૧૯૫૯, સન ૧૯૦૩ થી વિક્રમ સંવત ૨૦૧૭, સન ૧૯૬૧ સુધીમાં વૈજનાથભાઈના નેતૃત્વમાં થયેલ સંપાદકીય પ્રવૃત્તિ અંતર્ગત જે જે પ્રકરણો જુદા જુદા સમયે ઉમેરાયેલાં તે પણ પ્રકાશિત થયાં. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આ પંદર પ્રકરણો બે વાર પ્રકાશિત થયેલાં છે.

હાલમાં સાત પ્રકરણવાળું સ્વામીની વાતોનું પુસ્તક અવારનવાર પ્રકાશિત થતું રહ્યું છે અને સર્વે સંતો-ભક્તો દ્વારા નિયમિતપણે વંચાતું રહ્યું છે. હવે જે વિષયો ખૂલી રહ્યા છે તેમાં આ સાત પ્રકરણોના સંદર્ભો લક્ષમાં લેવાયા છે.

## ૧. સ્વામીનો દિવ્ય ઉપદેશ

ખાખરાની ખિસકોલી કેરીનો સ્વાદ શું જાણે? તે જ રીતે ત્રણ ગુણયુક્ત જીવો ગુણાતીતાનંદ સ્વામીની ગુણાતીત વાતોનો મહિમા કેવી રીતે સમજી શકે? સ્વામીનો ઉપદેશ કદાચ બીજાની વાતો જેવો જ લાગે પણ તે બંનેમાં મોટો તફાવત એ છે કે માયિક જીવોની વાતો માન અને સ્નેહ, રાગ અને દ્વેષ, ઈર્ષ્યા અને મત્સરથી ભરપૂર હોય છે. માયાથી પર બ્રહ્મ-પરબ્રહ્મ(ગુણાતીતાનંદ સ્વામી - ભગવાન સ્વામિનારાયણ)ની વાતો આ માયિક દોષોથી સદંતર મુક્ત હોય છે. આ જ કારણ છે કે તેઓની વાતોથી અંતર ભેદાય છે અને જીવનું પરિવર્તન થાય છે. આ વાતો જીવનો માયિક ભાવ ટાળે છે, અનંત સંશયોને છેદે છે, જીવને જન્મ-મરણના ચક્રમાંથી છોડાવે છે અને એ રીતે તેને બ્રહ્મરૂપ કરે છે.

આ અદ્‌ભુત વાણીનો મહિમા જો ગુણાતીતાનંદ સ્વામી સ્વયં સમજાવે તો જ આપણે તેને યથાર્થ સમજી શકીએ એમ છીએ. તેથી જ તેઓએ ઘણી વાર આ વાતોનો મહિમા ખુલ્લેઆમ જણાવ્યો છે અને તેની વિવિધ વિશેષતાઓ દર્શાવી છે.

આવો, તેનો આસ્વાદ માણીએ.

## ૨. સ્વામીની વાતોનું મહત્ત્વ

પોતાની વાતોનો અસાધારણ મહિમા જણાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે:

- *'આ તો પુરુષોત્તમનાં વચન છે ને ગુણાતીત વાતું છે.'* *(સ્વામીની વાત: ૧/૧૩૧)*
- 'આ તે કાંઈ વાતું છે? આ તો અમૃત છે!' *(સ્વામીની વાત: ૬/૨૧૮)*
- *'આવી વાતું બીજે ક્યાંઈ નથી; આ તો અક્ષરધામની વાતું છે, ભગવાનની છે, નારાયણની છે.'* *(સ્વામીની વાત: ૪/૩૪)*

## ૩. સ્વામીની વાતોનું બળ

પોતાની અમૃતતુલ્ય વાતોની શક્તિ અને તે દ્વારા થતા લાભ બતાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે:

- *'આ વાતુંમાંથી તો બ્રહ્મરૂપ થવાશે ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રિયું, ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે ને કાંઈ દીઠું નહીં ગમે એવું થાશે. ત્યારે કહેશો જે, વાતું સાંભળીએ છીએ ને કેમ થાતું નથી? તે તો આજ આંબો વાવે ને કાલે કેરી કેમ થાય? પણ એ જ આંબો દસ વરસનો થાય ત્યારે એમાંથી કેરિયું થાય છે. એમ થાવાનું છે.'* *(સ્વામીની વાત: ૧/૩૩)*
- *'આ વાતું તો અનંત સંશયને છેદી નાખે એવી પુરુષોત્તમ ભગવાનની છે.'* *(સ્વામીની વાત: ૧/૨૩૧)*
- *'આ વાતું ફરીને જન્મ થાવા દે તેવી નથી.'* *(સ્વામીની વાત: ૪/૫૨)*
- *'આ વાતું તો જેના ભૂંડા આશય હશે તેને દબાવી દઈને પણ ઉપર નીકળે એવી છે.'* *(સ્વામીની વાત: ૧/૩૦૨)*

- *'આ વાતું તો જાદુ છે તે સાંભળે તો ગાંડો થાય. તે ગાંડો તે શું જે, જગત ખોટું થઈ જાય, પછી તેને ડાહ્યો કોણ કહે ?'* (સ્વામીની વાત : ૧/૧૩૬)

## ૪. અન્ય આધ્યાત્મિક સાધનાથી અધિક વાતો

પોતાની વાતો અન્ય અનેક આધ્યાત્મિક સાધનાઓથી અધિક છે તે જણાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

- *'કોટિ સાધન કરે પણ આમ વાતું કરવી અને સાંભળવી તેની બરોબર થાય નહીં ને બીજાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતું થાય નહીં.'* (સ્વામીની વાત : ૧/૨૨૬)
- *'કરોડ જન્મ તપ કરીએ તોપણ આટલી વાતુંના જેટલો સમાસ ન થાય, જો વિચાર હોય તો.'* (સ્વામીની વાત : ૬/૧૯૫)
- *'આ વાત તો કરોડ ધ્યાન કરતાં અધિક છે.'* (સ્વામીની વાત : ૩/૬૭)
- *'સુકાઈ જાઓ, અન્ન મૂકી દિયો, વનમાં જાઓ કે ઘર મૂકી દિયો તે કરતાં પણ આ સાધુની વાતું સાંભળવી તે અધિક છે.'* (સ્વામીની વાત : ૧/૧૩૧)

## ૫. સ્વામીની વાતોની દુર્લભતા

ગુણાતીતાનંદ સ્વામી સ્વયં કહે છે કે ગુણાતીત વાતો દુર્લભ, જીવનનું પરિવર્તન કરનારી અને અસંખ્ય આધ્યાત્મિક સાધનાથી અધિક છે :

- *'આ વાતું દુર્લભ છે.'* (સ્વામીની વાત : ૬/૨૪૪)
- *'કરોડ રૂપિયા દેતાં પણ આ વાતું મળે નહીં.'* (સ્વામીની વાત : ૧/૧૯)
- *''આવી વાતું બીજે ક્યાંઈ નથી.'* (સ્વામીની વાત : ૪/૩૪)
- *''આવી વાતું ક્યાંઈ થાતી નથી.'* (સ્વામીની વાત : ૫/૧૫૪)
- *'આ વાતું તો કોઈને મળી નથી.'*(સ્વામીની વાત : ૬/૧૯૦)
- *'આ વાતું સારુ તો પછી રોશો.'* (સ્વામીની વાત : ૬/૨૨૭)

## ૬. દુર્લભ વાતોના દુર્લભ ઉદ્‌ગાતા

આવી ગુણાતીત વાતોના કહેનારા પણ દુર્લભ છે. ગુણાતીતાનંદ સ્વામી જ કહે છે :

- *'આ વાતુંના કરનારા દુર્લભ છે.'*(સ્વામીની વાત : ૧/૨૪૬)
- *'બ્રહ્માંડમાં આવા સાધુ ખોળી લાવો, ક્યાં મળશે ? ને આમ બેસારી બેસારીને વાતું કોણ કરશે !'* (સ્વામીની વાત : ૬/૨૧૫)
- *'આવી વાત કોણ કરે ? કોઈ કરશે તો સુધી જન્મમરણની કરશે. ને આ તો મનના ને ઇન્દ્રિયુંના દોષ કહેવા તે એ કેને એની ખબર હોય ?'* (સ્વામીની વાત : ૬/૧૮૬)
- *'બીજાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતું થાય નહીં.'* (સ્વામીની વાત : ૧/૨૨૬)
- *'આ સમે એક વાત થાય છે તેવી વાત બીજા જન્માંતરમાં પણ કરી શકે નહીં ને તે કરતાં પણ આવડે નહીં ને જન્મારો અભ્યાસ કરે તોપણ એવી વાત શિખાય નહીં.'* (સ્વામીની વાત : ૧/૨૧૯)

## ૭. સ્વામીની વાતોના શ્રવણનો મહિમા

આ વાતો સાંભળવા કેટલી કિંમત ચૂકવવી પડે તે જણાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

- *'સોનાની મેડી હોય તો બાળીને આ વાતો સાંભળીએ.'* (સ્વામીની વાત : ૬/૨૪૪)
- *'સોનાનાં ખોરડાં બાળીને આ વાતું સાંભળવી.'* (સ્વામીની વાત : ૬/૨૪૫)
- *'રોટલા ખાવા મળે છે પણ કદાચ તે ન મળે તો રાંધેલું અન્ન માગી ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ, નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ, નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ, અથવા લીંબડો ખાઈને, નહીં તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે.'* (સ્વામીની વાત : ૨/૪૪)

ઉપરોક્ત વાતો પરથી ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોમાં જ તેઓની વાતોનો મહિમા જણાય છે. તે વાંચીને એમ પ્રતીતિ થાય છે કે અક્ષરધામમાં જવાના સોપાનરૂપ આ વાતો ખરેખર અક્ષરધામની છે. તે સ્વયં અક્ષરધામનું દિવ્ય અમૃત છે. જે આ વાતો વાંચે-સાંભળે તેને આ જ અનુભવ થાય એમ છે.

ભલે ગુણાતીતાનંદ સ્વામીએ સંસ્કૃતનો તથાકથિત શાસ્ત્રીય અભ્યાસ નહોતો કર્યો, પરંતુ તેઓની વાતોમાં વિદ્વાનોનાં હૃદયને પણ સ્પર્શી જાય તે રીતે સર્વ શાસ્ત્રોના મર્મ અને ઊંડાં અર્થઘટનો જોવા મળે છે. તેઓ ખરા અર્થમાં 'શાસ્ત્રજ્ઞ' હતા. તેઓની વાતો જેણે જેણે સાંભળી તે સૌને ખાતરી થઈ હતી કે શાસ્ત્રોના પુસ્તકિયા જ્ઞાન કરતાં આ અનુભવજ્ઞાનની તાકાત વધારે છે. ગુણાતીતાનંદ સ્વામીના જ શબ્દોમાં કહીએ તો તેઓની વાતો ફિરંગીની તોપો અને અંગ્રેજના લોઢા જેવી છે.

તેઓની વાતો જીવનું અનાદિ અજ્ઞાન નાશ કરીને જીવને બ્રહ્મરૂપ કરનારી છે. જેણે જેણે તેઓની વાતો સાંભળી તે સૌનો આ અનુભવ છે. ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા મુજબ દરેક સંત અને ગૃહસ્થ હરિભક્ત દર વર્ષે એક મહિનો ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળવા માટે જૂનાગઢ જતા. આચાર્ય રઘુવીરજી મહારાજ અને અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ ગુણાતીતાનંદ સ્વામી સાથે જોડાયેલા. વધુમાં સ્વામી ગઢડા, વરતાલ અને અમદાવાદમાં ઉપદેશ અર્થે



જૂનાગઢમાં તો
જેમ છે તેમ સોળ આની
વાતો થાય છે.
અહો!
ગુણાતીતાનંદ સ્વામી પોતે
જ અક્ષરબ્રહ્મનો અવતાર
છે એટલે તેઓને કોઈ
તંતી રોકી શકે નહીં.

**– સદ્. ગોપાળાનંદ સ્વામી**



જેમ સાક્ષાત્
શ્રીજીમહારાજની વાતોથી
અસંખ્ય જીવો આકર્ષાયેલા,
તેમ આ
ગુણાતીતાનંદ સ્વામીની
વાતોથી હજારો મુમુક્ષુઓ
ખેંચાય છે અને
એટલો જ સમાસ થાય છે.

**– સદ્. શુકાનંદ સ્વામી**



ગુણાતીતાનંદ સ્વામી
વાતો દ્વારા
પંચવિષયનાં મૂળિયાં
કાપી રહ્યાં છે.
બીજા આ રીતે
વાત કરી શકે નહીં.
પંડનું જ વર્તન બરાબર ન
હોય તે કેવી કરી શકે?

**– સદ્. નિત્યાનંદ સ્વામી**



સ્વામી!
તમે મુદ્દાની વાતો કરી.
અનંત જન્મોની
કસર ટાળીને
અક્ષરધામની
પ્રાપ્તિ કરાવે એવી આ
આપની વાતો છે.

**– આચાર્ય શ્રી
રઘુવીરજી મહારાજ**

અવારનવાર પધારતા. બંને આચાર્યો અને સર્વ પરમહંસો તથા ભક્તો સ્વામીની વાતોથી પ્રભાવિત થયેલા.

ઘણા કહેતા કે ગુણાતીતાનંદ સ્વામીની વાતો બે ધારી તલવારની જેમ તીખી, તીક્ષ્ણ અને શક્તિશાળી છે. તેમ છતાં સૌ અનુભવતા કે તેઓની વાતો સાકરના કટકા જેવી મીઠી અને દિવ્ય અમૃતતુલ્ય છે. ફળસ્વરૂપે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી જેવા વિદ્વાન વરિષ્ઠ પરમહંસ સંતો ગુણાતીતાનંદ સ્વામી અને તેઓની વાતોને ખુલ્લેઆમ બિરદાવતા.

જ્યારે ગુણાતીતાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણના પુરુષોત્તમપણાની વાતો કરતા ત્યારે ગોપાળાનંદ સ્વામી કહેતા: 'અહો! સ્વામી પોતે જ અક્ષરબ્રહ્મનો અવતાર છે એટલે તેઓને વેદની કોઈ તંતી રોકી શકે નહીં.'

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા મુજબ વર્ષોવર્ષ ગોપાળાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીનો સત્સંગ-સમાગમ કરવા એક મહિનો જૂનાગઢ પધારતા. એક વાર ગોપાળાનંદ સ્વામી જૂનાગઢમાં ચાર મહિના સુધી રોકાયેલા. તે સમયે ગુણાતીતાનંદ સ્વામી દ્વારા ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરી મહિમા સાંભળી તેઓ બોલેલા: 'વરતાલમાં મહારાજના મહિમાની ચાર આની વાતો થાય છે, ગઢડામાં આઠ આની વાતો થાય છે, પણ જૂનાગઢમાં તો જેમ છે તેમ સોળ આની વાતો થાય છે.'

જ્યારે ગુણાતીતાનંદ સ્વામી ત્યાગ-વૈરાગ્ય અને ધર્મ-નિયમની આકરી વાતો કરતા ત્યારે ઘણાને વૈરાગ્યની ખુમારી ચઢી જતી. તે જોઈ નિત્યાનંદ સ્વામી હરખાઈ ઊઠતા ને કહેતા: 'નિષ્કુળાનંદ સ્વામીએ શાસ્ત્રો રચીને પંચવિષયનાં મૂળિયાં ઉખાડ્યાં છે જ્યારે ગુણાતીતાનંદ સ્વામી તેઓની વાતો દ્વારા પંચવિષયનાં મૂળિયાં કાપી રહ્યાં છે.'

એક વાર નિત્યાનંદ સ્વામી જૂનાગઢ આવેલા. તેઓ સવારે પૂજા કરી રહેલા. તે સમયે ગુણાતીતાનંદ સ્વામી સભામાં બળપ્રેરક વાતો કરી રહેલા. તે સાંભળીને નિત્યાનંદ સ્વામી બોલ્યા: 'અહો! ભગવાન સ્વામિનારાયણે કહેલા એવા સ્વામી તો આજે ઓળખાયા. એ ઠીક કરે છે. કેવા બળથી ઉપદેશ કરી રહ્યા છે! બીજા કોઈ આ રીતે વાત કરી શકે નહીં. પંડનું જ વર્તન બરાબર ન હોય તો કેવી રીતે વાત થઈ શકે? કદાચ કોઈ વાત કરે તો કોઈને પણ પ્રભાવ પડે નહીં.'

આટલું કહ્યા પછી તેઓ ઊંડા ધ્યાનમાં સરકી ગયા. થોડી વારે આંખો ખોલ્યા પછી વળી કહ્યું: 'સ્વામીનું જીવન તેઓના ઉપદેશ મુજબ છે. કદાચ વાતોમાં સંકોચ રાખે પણ મહારાજની આજ્ઞાના પાલનમાં તો લેશ ક્યાશ રાખતા નથી. આખો સોરઠ ધ્રૂજાવી દીધો!'

એક વાર સુરતમાં શુકાનંદ સ્વામી બોલેલા: 'જેમ સાક્ષાત્ શ્રીજીમહારાજની વાતોથી અસંખ્ય જીવો આકર્ષાયેલા, તેમ આ ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી હજારો મુમુક્ષુઓ ખેંચાય છે. મહારાજની વાતોથી **(અનુસંધાન પૃષ્ઠ ૩૮ પર)**

# આચમન અને મનન

## સ્વામીની વાતોનું...

**અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો એટલે**
**આધ્યાત્મિક જ્ઞાનના મહાસાગરનું મંથન કરીને**
**અનુભવી મહાપુરુષ દ્વારા પીરસાયેલું અનુભવનું અમૃત!**
**આવો, શરદપૂર્ણિમાએ ગુણાતીતાનંદ સ્વામીના ૨૩૪મા જન્મોત્સવે**
**એ અમૃતનું આચમન અને મનન કરીએ,**
**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોની ચિંતનસભર કલમે...**




# 'આ તે કાંઈ વાતું છે? આ તો અમૃત છે...!'




**'આ તે કાંઈ વાતું છે? આ તો અમૃત છે...!'**

જેમણે ૮૨ વર્ષ સુધી અહોરાત્ર આધ્યાત્મિક જ્ઞાનવાતોનો અખાડો જમાવ્યો હતો
એવા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ એ જ્ઞાનવાતો માટે
ઉચ્ચારેલો આ અભિપ્રાય કેટલો મહત્ત્વપૂર્ણ છે!
સાદી તળપદી ગુજરાતી ભાષામાં ઉચ્ચારાયેલી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો
આધ્યાત્મિક જીવનશાસ્ત્રનાં અલૌકિક સૂત્રો સમી છે.
વૈદિક પરંપરામાં બ્રહ્મસૂત્રોનું મહત્ત્વ અનન્ય છે,
તેમ, સ્વયં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ઉચ્ચારેલાં આ
શાશ્વત આધ્યાત્મિક સૂત્રોનું મહત્ત્વ પણ અનોખું છે.
કારણ કે ગુણાતીતાનંદ સ્વામીએ ઉચ્ચારેલી એ વાતોમાં
અમૃતમય સત્યો છે, નક્કર અનુભવનું ઊંડાણ છે, ગહન આધ્યાત્મિકતાની
સરળ સમજૂતી છે, પરમ જ્ઞાનની પ્રસ્તુતિ છે,
અને સૌથી વિશેષ તો ભગવાન શ્રી સ્વામિનારાયણના અંતરના
સર્વોપરિ અભિપ્રાયનો મોક્ષપ્રદ અમૃત સમાન અર્ક છે.
સન ૧૭૮૪ની શરદપૂર્ણિમાએ ભાદરા ગામે પ્રગટેલા એ સ્વયં અક્ષરબ્રહ્મ
ગુણાતીતાનંદ સ્વામીના ૨૩૪મા જન્મોત્સવે આવો,
કેટલીક પસંદગીની સ્વામીની વાતોના અમૃતનું આચમન અને મનન કરીએ,
**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ** અને વરિષ્ઠ સંતોની ચિંતનસભર કલમે...

*આપણા પ્રભુ તો હમણાં આંહીં પૃથ્વી ઉપર છે.*
*આ વાતમાં ઘણો જ મર્મ છે,*
*તે સમજતા હોય તે સમજે.*
*અને આવી વાતુ ને આવા સાધુ*
*કોઈ દિવસ પૃથ્વી ઉપર આવ્યા નથી*
*ને હવે આવશે પણ નહીં.*
*– અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી*
*(સ્વામીની વાતો: ૪.૧૩)*





# આ વાતમાં ઘણો મર્મ છે...

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**

'આપણા પ્રભુ તો હમણાં આંહીં પૃથ્વી ઉપર છે. આ વાતમાં ઘણો જ મર્મ છે, તે સમજતા હોય તે સમજે. અને આવી વાતુ ને આવા સાધુ કોઈ દિવસ પૃથ્વી ઉપર આવ્યા નથી ને હવે આવશે પણ નહીં.'

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં આપણને સ્પષ્ટ કહે છે કે સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપરથી ગયા જ નથી. શ્રીજીમહારાજ સ્વામીમાં અખંડ બિરાજે છે.

આકાર જુદો છે. બાકી રોમમાત્રનો ફેર નથી.

નિષ્કુળાનંદ સ્વામી પણ ગાય છે: *'સંત તે સ્વયં હરિ...'*

વળી, સ્વામી કહે છે કે આ વાતમાં ઘણો જ મર્મ છે. મર્મ શું? શ્રીજીમહારાજને ભગવાન ઘણા માનતા. પરંતુ શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી ઘણાને એમ થઈ ગયું કે બસ, ખલાસ, ખેલ ખતમ! પણ વચનામૃતમાં શ્રીજીમહારાજના પોતાના જ શબ્દો છે, જેમાં ગુણાતીત સંત દ્વારા ભગવાન પોતે અખંડ પ્રગટ છે, એવું જણાવ્યું છે. આ વાત નહીં સમજનારને શ્રીજીમહારાજની હયાતીમાં જે સાધના કરતા, ધર્મ-વૈરાગ્ય-ભક્તિની ખુમારી હતી, તે બધા શ્રીજીમહારાજના ગયા પછી ઢીલા પડી ગયા.

*'જ્યારે મોટા પુરુષ મળે રે ત્યારે સૌ સૌના ધર્મ પળે રે.*
*તે વિના કોટિ ઉપાય રે, આત્યંતિક કલ્યાણ નવ થાય રે.'*

આ વાત કે મર્મ સમજનારને ચઢતો ને ચઢતો રંગ રહે. અને આજ સુધી રહ્યો છે.

વળી ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'આ સાધુ પૃથ્વી ઉપર આવ્યા નથી ને આવશે નહીં.' અર્થાત્? 'આવ્યા નથી' તે તો બરાબર, પણ 'આવશે નહીં' તેમાં શું સમજવું? તો કહેવાનું, સમજવાનું અનુભવવાનું એ છે કે ગુરુ ગુણાતીત ગયા જ નથી. અનાદિ કાળથી છે છે ને છે. તે ભજીને એટલે કે સાધના કરીને થયા નથી. એ ગુણાતીત ગુરુ અનાદિના છે, જે ભગવાનના અનન્ય અને અનાદિના સેવક છે. અને આજે પૃથ્વી ઉપર પણ એમ જ છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને સંતોએ પૂછ્યું, 'આપને શું થવું ગમે.' ક્ષણમાત્ર વિલંબ કર્યા વગર સ્વામીશ્રી બોલ્યા કે 'આપણને સેવક થવું બહુ ગમે.' આ વાતમાં ઘણો જ મર્મ છે.

આદર્શ સેવક છે એ જ આદર્શ ગુરુ છે. ગુરુ બનાવ્યા

બનતા નથી, ઠરાવ્યા ઠરતા નથી. અનાદિ ગુરુ ગુણાતીત, તે એક, તેમને લઈને બીજા ગુરુ કહેવાય. એકાંતિક થકી એકાંતિક થાય. ગુરુ થકી ગુરુ થાય. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી કહે, 'સેવક થવું ગમે.'

એક વખત શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીને કહે કે 'તમને ગુરુ કરવા પડશે.' ત્યારે સ્વામી કહે, 'મહારાજ, મારો શો વાંક, કાંઈ ગુનો, ખરો?'

મહારાજ કહેઃ 'તમારામાં ગુણ ગુરુના છે.'

હવે જે, ગુરુ થવું તેને વાંક ગણતા હોય, સજા ગણતા હોય તેને ગુરુ થવાની ઇચ્છા હોય જ ક્યાંથી? જે ગુરુ થવાની કાંઈ થોડી ઘણી ઇચ્છા રાખે (બહુ ઇચ્છા રાખે તેનો તો ક્લાસ જ નહીં) અથવા પોતાને ગુરુ માની બેઠા હોય, ગુરુપણાની ચેષ્ટા કરતા હોય તે ગુરુ જ નથી અને ગુરુ થઈ શકે જ નહીં. આવી અવ્યક્તપણે, સૂક્ષ્મપણે, જાણે-અજાણે પણ ઇચ્છા એ જ દેહભાવ છે. દેહભાવ એટલે અંધકાર, અજ્ઞાન, માયાના સર્ગનો સંબંધ. ગુરુનો અર્થ જ અંધકાર નાશ કરી પ્રકાશમાં લઈ જનાર.

એક માંદા હરિભક્તને અમે જોવા ગયા હતા. આંકડીનો રોગ તેથી એટલી બધી તકલીફ હતી કે સીધા ચાલી શકે નહીં. એમને અમારી પાસે આવવું હતું તો અમે બેઠા હતા તેથી બીજા ખૂણા બાજુ ચાલવાનું શરૂ કર્યું, ત્યારે અમારી પાસે પહોંચ્યા! પહેલાં તો ચાર ડગલા ચાલે અને ઉત્તરનું દક્ષિણ થઈ જાય એટલા વાંકા ચાલતા. આ તો શારીરિક તકલીફ હતી, પરંતુ ક્યારેક આવી આધ્યાત્મિક ખામી હોય છે. જે ગુરુમાં ગુરુ થવાની ઇચ્છા હોય તે સીધા ચાલી શકે જ નહીં. ધારો કે સાત્ત્વિક હોય, નિયમ-નીતિએ યુક્ત હોય, બીજા કેટલાય ગુણ હોય પણ જો ગુરુ થવાની ઇચ્છા જરાક પણ હોય તો આંકડીના રોગની જેમ થોડું પણ વાંકુ ચલાઈ જ જાય.

મોટી સ્ટીમરમાં હજારો માણસો હવા ખાતા, લહેર કરતા જતા હોય, આખી સ્ટીમર એકદમ ultra-modern (અલ્ટ્રા મોડર્ન) સાધનોથી સુસજ્જ થયેલી હોય. પણ કાણું હોય અને પેસેન્જરોને ખબર ન હોય, સ્ટીમરના સ્ટાફ અને કેપ્ટન કહે નહીં, કોઈ ઇલાજ હોય નહીં, તો? સ્ટીમર ભેગા બધા ડૂબે. ભલે મોડેથી પણ ડૂબે ખરા. તેમ શુદ્ધ અનાદિ ગુરુ વિના કાણાંવાળી સ્ટીમરના પેસેન્જર જેવી દશા થાય. ખબર જ પડે નહીં કે ક્યારે ડૂબશે! એવું લાગે કે ગુરુ તારી રહ્યા છે. ગુરુ બધી વાતે સારા હોય પણ દેહભાવથી પર ન હોય, પ્રકૃતિ-પુરુષથી પર ઉપાસના ન હોય તો કેમ કરીને માયા પાર કરે? આ વાતમાં ઘણો જ મર્મ છે.

એક ગણિતના દાખલાથી મર્મ સમજીએ.

```
      ૫૫૧૫
૧૭ | ૮૯૭૫૫
   | ૮૧ --------------  અહીં ૮૫ જોઈએ
                        ૮૧ ભૂલ છે
     ૮૭
     ૮૫
      ૨૫
      ૧૭
       ૮૫
       ૮૫
```

ઉપરના ગણિતમાં પહેલે જ પગથિયે ભૂલ થઈ છે. પછી ભલે, બીજા બધાં પગથિયાં સાચાં છે. તેમ ગુરુ સાત્ત્વિક હોય, તપસ્વી, જ્ઞાની, વિવેકી પરોપકારી હોય. બધાં પગથિયાં સાચાં, પણ મૂળમાં ભૂલ છે.

ગુણાતીત ગુરુની અહીં જરૂર પડે છે. દેહભાવથી પર હોય તો પણ બીજાને દેહભાવથી પર કરવા, કારણ દેહના ભાવથી મૂકાવવા તે કાર્ય અનાદિ ગુરુ ગુણાતીત જ કરે.

એક સંતે ગમ્મત કરતા યોગીજી મહારાજને પૂછ્યું, 'સ્વામીબાપા, શાસ્ત્રમાં સાધુનાં ચોસઠ લક્ષણ કહ્યાં છે, તો આપ એ ચોસઠ લક્ષણ ગણાવી આપો.' સ્વામીબાપા હસી પડ્યા અને કહે, 'એ આપણને ન આવડે. તમે શાસ્ત્રી, તમે ભણેલા, તમને ખબર પડે.'

સંતે કહ્યુંઃ 'કેમ ન આવડે? ખિસ્સામાં પૈસા હોય તે ખબર ન હોય? તમારામાં ગુણ પડેલા છે, ખબર ન હોય?'

સ્વામીબાપા હસી પડ્યા.

આ મર્મ કોણ સમજે?


આપણા ગુરુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કેટલા સાદા, સરળ! તેમની ચાલુ ચીલાની વ્યવહારિક ક્રિયા કેટલી અલૌકિકતા અને નરી દિવ્યતાથી ભરપૂર! દેખાય નહીં, સમજાય નહીં પણ ખૂબ જ સુખ અનુભવાય.

આ વાતમાં ઘણો જ મર્મ છે.

બીજા ઘણા કેટલા સારા હોય છે. પણ ગુણની સરળતા અનુભવાય નહીં. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૧માં શ્રીજીમહારાજે કહ્યું કે કર્મ કરતો હોય તેને નિષ્કામ સમજવા અને અકર્મપણે રહ્યો હોય તેને કર્મમાં ડૂબેલા જોવા તે મર્મ. આ તો આદર્શ હરિભક્ત, નિષ્ઠાવાળા ભક્તની વાત થઈ. સ્વામીબાપાની તો વાત જ થાય એમ નથી. આપણે કેવા ભાગ્યશાળી! સેવક-ગુરુના સંબંધે પરમ-સુખિયા સેવક થઈ જઈશું.

આ વાતમાં મર્મ છે. ◆

*પોતાને બ્રહ્મરૂપ માનીને*
*ભગવાન માંહી રહ્યા છે એમ માનવું*
*એ જ્ઞાનની સ્થિતિ છે,*
*તે અધિક છે, ને તેમાં વિઘ્ન નથી...*
*જ્ઞાનીને મતે દુઃખ નથી*
*અને અજ્ઞાનીને મતે સુખ નથી...*
*– અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી*
*(સ્વામીની વાતો: ૧.૨૨૮)*





# જ્ઞાનની સ્થિતિ અધિક છે...

**પૂજ્ય ડૉક્ટર સ્વામી (સાધુ સ્વયંપ્રકાશદાસ)**

'પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાન માંહી રહ્યા છે એમ માનવું એ જ્ઞાનની સ્થિતિ છે, તે અધિક છે, ને તેમાં વિઘ્ન નથી...'

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ઉચ્ચારેલી આ વાત સુખનો શ્રેષ્ઠ માર્ગ ચીંધે છે – જ્ઞાન.

જ્ઞાનીને મતે દુઃખ નથી અને અજ્ઞાનીને મતે સુખ નથી.

ગુણાતીતાનંદ સ્વામીની દરેક વાત પાછળ બ્રહ્મરૂપ થવાનો આદેશ છુપાયેલો છે. જ્ઞાન અને અજ્ઞાન મનુષ્યમાત્રનાં બે પાસાં છે. વસ્તુ કે પદાર્થ, રાજ્ય, સમૃદ્ધિની વચ્ચે બેઠેલો જ્ઞાની એને ભોગવતો હોય તો પણ તેનાથી નિર્લેપ રહીને અંતરથી સુખી રહે છે, પણ અજ્ઞાની પોતાને બંધન કરનાર નાનું ઝૂંપડું કે પદાર્થ છોડી શકતો નથી, એટલે જ એ અંતરથી દુઃખી રહે છે.

ગરીબ અજ્ઞાની કે તવંગર જ્ઞાની બન્ને માટે ગુણાતીતાનંદ સ્વામી એક શાશ્વત સુખનો માર્ગ બતાવે છે. 'પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાન માંહી રહ્યા છે એમ નિરંતર સમજવું.'

લૌકિક લક્ષ્યને સિદ્ધ કરવા લૌકિક જ્ઞાન-સમજણ થોડો સમય સહાયરૂપ થાય છે. કોઈ સ્થળે કોઈ કાર્યક્રમ યોજાયો હોય ને ત્યાં લાભ લેવા જવું છે, તો એ સ્થળ સુધી જવામાં રસ્તાનું જ્ઞાન સહાયક બને છે. એ રસ્તાનું જ્ઞાન ન હોય અને નીકળ્યા હોઈએ તો દુખી થવાય છે. કોઈપણ પ્રકારનું અજ્ઞાન દુઃખને નોતરે છે, પરંતુ સૌથી મોટું અજ્ઞાન આધ્યાત્મિક અજ્ઞાન છે. આ અજ્ઞાન માનવીને સૌથી વધુ દુખી કરે છે. જેને આધ્યાત્મિક જ્ઞાન થાય છે તેને બીજાં ભૌતિક અજ્ઞાન દુખી કરી શકતા નથી.

પોતાના આત્માને ઓળખ્યો અને પરમાત્માને ઓળખ્યા તેને આ ભૌતિક જ્ઞાન-અજ્ઞાનની ભેદરેખા સ્પર્શતી નથી.

આપણે રોજબરોજના સંસાર-વ્યવહારમાં કામકાજ કરવાનાં હોય છે, તેનું ભૌતિક જ્ઞાન હોવું પણ જરૂરી છે. ધંધા-વેપાર-રોજગારથી લઈને અભ્યાસ અને સામાજિક વિષયોનું જ્ઞાન હોવું જોઈએ.

હમણાં વરસાદ ખૂબ પડ્યો, પાણી ભરાઈ ગયાં. નીચાણમાં અઠવાડિયાં સુધી ભરાયેલાં રહે છે. આવું બને ત્યારે કોલેરા ને કમળો ને કમળી થવાની પૂરી શક્યતા ઊભી થાય છે. એ

જ્ઞાન જરૂરી છે. તેનો ઉપાય અગાઉથી વિચારાય તો ઘણી સમસ્યા નિવારી શકાય. આવી અનેક વિષયોની ભૌતિક જરૂરિયાતની બાબતોની ઉપેક્ષા કરવાનો આશય નથી.

આમ છતાં મોટું અજ્ઞાન કયું? એ જાણવું વધુ અગત્યનું છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે દેહાત્મબુદ્ધિ તે મોટું અજ્ઞાન છે. તે અજ્ઞાન કાઢવું પડે. દા.ત. શરીરમાં નાના ખીલ થયા, ખરજવું થયું અને હાર્ટએટેક પણ આવ્યો. ત્રણેય રોગ એક સાથે થયા હોય, તો તેમાં સૌથી પ્રથમ સારવાર કયા રોગની કરવી જોઈએ? કોના પર વધુ ધ્યાન આપવું જોઈએ?

હાર્ટએટેક પર પહેલું ને અતિ સભાનપૂર્વક ધ્યાન આપવું પડે. તેમ આપણને ભૌતિક અને આધ્યાત્મિક બંને દિશામાં અનેક વિષયોનાં અજ્ઞાન છે, પરંતુ કોના પર વધુ ધ્યાન આપવું પડે?

વળગેલું મિથ્યા દેહાભિમાન તે પહેલું ટાળવું પડે.

'તમે કોણ છો?'

'મણિભાઈ.'

'તમે કોને મણિભાઈ કહો છો? શરીરને?'

મણિભાઈ અત્યારે ૬૦ વર્ષનું શરીર ધરાવે છે, તે જન્મ્યા પછીના દરેક તબક્કે તેમનું શરીર બદલાતું ગયું! મણિભાઈનો બાળપણનો ફોટો અને અત્યારનો ફોટો એક નથી, છતાં તે મણિભાઈ જ રહ્યા છે! એ આશ્ચર્ય નથી?

મોટી ગેરસમજ એ છે કે શરીરને મણિભાઈ માની લીધા છે. વાળ ખરી ગયા, દાંત પડી ગયા, મોતિયા આવી ગયા, છતાં મણિભાઈ? ક્યારેક અકસ્માતમાં બે હાથ, બે પગ કપાઈ જાય છતાં મણિભાઈ તેના તે રહે છે! મોટી સર્જરી દ્વારા ફેફસું કાઢી નાખે, હોજરી પણ કાઢી નાખે, મૂત્રપિંડ કાઢી નાખે, હૃદય બદલી નાખે, શરીરના ચહેરા-મહોરાં બદલાઈ જાય છતાં મણિભાઈ?!

મણિભાઈ તો શરીરની એક ઓળખ છે. આપણી ખરી ઓળખ તો આત્મા છે. તે આત્માને અક્ષરબ્રહ્મ સાથે એકરૂપ કરીને અંદર રહેલા પરમાત્માનું સુખ અનુભવવું તે આધ્યાત્મિકતા છે.

આ વાતમાં સ્વામી ટકોર કરે છે.

દેહમાં દોષો છે, દુઃખ છે, તેથી બિલકુલ વિપરીત એ છે કે આત્મા અને પરમાત્મામાં અતિ સુખ છે.

પરંતુ મોટી ખોટ એ છે કે એ આત્મા અને પરમાત્માનું જ અજ્ઞાન છે.

આજે માણસને દુનિયાભરની બધી ખબર છે પણ પોતાના ઘરની કે પોતાની જ ખબર નથી! માણસ પોતાને કે પોતાના અસલ સ્વરૂપને ઓળખતો થાય તો એક પણ પ્રશ્ન ઊભો ન થાય.

દુનિયાના બધા પ્રશ્નો નહીં જાણીએ તો કોઈ અજ્ઞાની નહીં કહે, પણ તમે જે ભૂમિકા હાલ નિભાવી રહ્યા છો તે માટે સજાગ રહેવું જ જોઈએ. તમે કોઈના પિતા તો કોઈના પુત્ર છો, તમે કોઈના ફુઆ, માસા કે વેવાઈ-સસરા પણ છો. ને તમે કોઈના શેઠ, મેનેજર કે પ્રિન્સિપાલ પણ છો, કોઈના પાડોશી પણ છો. તમને ખબર હોવી જોઈએ કે મારી ભૂમિકા મારે કયા પ્રકારે અદા કરવાની છે!!

એક ફ્લેટમાં એક ભાઈએ ઉપરવાળા ફ્લેટમાં રહેતા પાડોશીને વિનંતી કરી કે 'ભાઈ, જરા નીચેના લોકોનો ખ્યાલ રાખો. કોગળા કરવા હોય તો બાથરૂમમાં જઈને કરો, અહીં લોબી ગંદી થાય છે!' આ ભાઈ કહેઃ 'આ તો ભાડાનો માળો છે, અહીં આમ જ ચાલશે. તમારે વધુ સારી રીતે રહેવું હોય તો પોતાનો બંગલો બાંધી લો...'

જે સાચા અર્થમાં બ્રહ્મરૂપ થાય છે તે અંદરથી સુખી રહે છે અને બીજાના સુખનો પણ વિચાર કરે છે. બીજાની તકલીફોને પોતાની તકલીફો માનીને તેને દૂર કરવાનો પ્રયાસ કરે છે. બ્રહ્મરૂપ થવું એટલે માત્ર મનમાં માનવું તેવું નથી, આચરણમાં મૂકવું તે છે.

સાચા અર્થમાં પોતે પોતાને ઓળખે એટલે આપોઆપ બધા ગુણો પ્રગટ થાય, વ્યવહારુતા, સજ્જનતા, વિવેક, સુઘડતા વગેરે માનવીય ગુણો પણ એમાંથી જ જન્મે છે. સૌ પ્રત્યે પ્રેમ અને સદ્‌ભાવ પણ તેમાંથી જ પ્રગટે છે. જે પોતાના આત્માને ઓળખે છે, તેને કોઈના પ્રત્યે રાગદ્વેષ નથી રહેતો.


યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

તેમણે આત્મા-પરમાત્માનું જ્ઞાન સિદ્ધ કર્યું છે એટલે સૌ પ્રત્યે તેમને સ્નેહ છે, કોઈનાય પ્રત્યે દ્વેષ નથી, સૌના હિતનું ચિંતન અને તેનો જ પ્રયાસ કરે છે.

આપણે આત્મા છીએ તે સાથે બીજું ઘણું બધું છીએ. તેમાં વ્યવસ્થિત થવું તે આત્મજ્ઞાનની ફળશ્રુતિ છે. વેપારી હો તો ગ્રાહક સાથે કેમ વર્તવું તે આવડવું જોઈએ. તમે જેમ પોતાને ભગવાનના માનો છો તેમ બીજા પણ ભગવાનના જ છે એ દૃઢપણે માનવું ને તે સાથે એ રીતે વર્તવું તે આત્મજ્ઞાનની ફળશ્રુતિ. મણ જ્ઞાન કરતાં કણનું વર્તન ચઢશે. પછી ભગવાનની અખંડ અનુભૂતિ આત્મામાં થશે. એ જ જ્ઞાનની સ્થિતિ છે. તે અધિક છે. એવા જ્ઞાનીના મતે કદી દુઃખ નથી. ◆

*પ્રહ્લાદજીએ નારાયણ સાથે ઘણા દિવસ યુદ્ધ કર્યું પણ ભગવાન જિતાણા નહીં. પછે ભગવાને પ્રહ્લાદને કહ્યું જે, 'યુદ્ધે કરીને હું જિતાઉં તેવો નથી. મને જીતવાનો ઉપાય તો એ છે જે, જીભે કરીને મારું ભજન કરવું, મનમાં મારું ચિંતવન કરવું ને નેત્રમાં પણ મારી મૂર્તિ રાખવી, એ પ્રકારે નિરંતર મારી સ્મૃતિ કરવી.*

*– અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી*
*(સ્વામીની વાતો: ૧.૩)*





# ભગવાનને જીતવાનો ઉપાય

**પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી**

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની બે વાતો પર આપણે મનન કરીએ. પ્રથમ વાતમાં સ્વામી કહે છે:

'પ્રહ્લાદજીએ નારાયણ સાથે ઘણા દિવસ યુદ્ધ કર્યું પણ ભગવાન જિતાણા નહીં. પછે ભગવાને પ્રહ્લાદને કહ્યું જે, 'યુદ્ધે કરીને હું જિતાઉં તેવો નથી. મને જીતવાનો ઉપાય તો એ છે જે, જીભે કરીને મારું ભજન કરવું, મનમાં મારું ચિંતવન કરવું ને નેત્રમાં પણ મારી મૂર્તિ રાખવી, એ પ્રકારે નિરંતર મારી સ્મૃતિ કરવી.' એમ કહ્યું પછી એવી રીતે પ્રહ્લાદે અભ્યાસ કર્યો ત્યારે ભગવાન છ મહિનામાં વશ થઈ ગયા. માટે ભગવાનને રાજી કરવાને અર્થે આ ઉપાય સર્વોપરિ છે, તે શીખવો.'

કીડી ઉપર આખો લાડુ મૂકે તો દબાઈ જાય પણ લાડુના ટુકડા કરી તેની આગળ મૂકે તો આખો લાડુ ધીરે ધીરે ખાઈ જાય. તેમ આધ્યાત્મિક જ્ઞાન સમજવું ઘણું કઠણ છે. તે કોઈક બુદ્ધિશાળીને તર્ક દ્વારા સમજાય પણ બધાને સમજાય નહીં. ભગવાન સ્વામિનારાયણનો સર્વજીવ-હિતાવહ સિદ્ધાંત સર્વ લોકોને ભોગ્ય બનાવવા માટે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ દૃષ્ટાંતો દ્વારા આધ્યાત્મિક જ્ઞાન સરળતાથી સૌને પીરસ્યું છે. જેમ મોઢામાં શીરાનો કોળિયો મૂકે ને સીધો પેટમાં ઊતરી જાય, ચાવવો પણ ન પડે તેમ આ જ્ઞાન દૃષ્ટાંતો દ્વારા સૌને સરળતાથી સમજાઈ જાય છે. દૃષ્ટાંતો દ્વારા સિદ્ધાંતને સ્ફુટ કરવાની સ્વામીની આ અપૂર્વ કળા છે.

રાવણ, હિરણ્યકશ્યપ, કંસ, આદિ મહાશક્તિશાળી હતા. તેમણે અજ્ઞાને કરીને ભગવાન સાથે યુદ્ધ કર્યું તો પણ સર્વશક્તિમાન ભગવાન કોઈથી જિતાયા નથી તો પ્રહ્લાદજી નારાયણ સાથે યુદ્ધ કરીને કેવી રીતે જીતી શકે? યુદ્ધ રૂપી મનસ્વી સાધનોથી ભગવાન ક્યારેય જિતાય નહીં.

પૂર્વે શૂરવીર રાજાઓ શત્રુને સામેથી લડવા માટે દારૂગોળો વગેરે આપે ને પછી તેની સાથે યુદ્ધ કરે તેમ સર્વસત્તાધીશ ભગવાને પોતાને જીતવાનો ઉપાય સામેથી મુમુક્ષુને બતાવ્યો છે. 'જીતમ્ જગત્ કેન મનો હિ યેન' અર્થાત્ 'જેણે મન જીત્યું તેણે જગત જીત્યું.' એટલે કે જગતને જીતવાનો ઉપાય મનને જીતવું તે છે. તેમ ભગવાનને જીતવાનો ઉપાય મન, કર્મ, વચને તેમનું સેવન કરવું તે છે.

મને કરીને ભગવાનનું ચિંતવન કરવું, કર્મે કરીને ભગવાનની મૂર્તિ અંતરમાં ધારવી અને વચને કરીને ભગવાનનું ભજન કરવું, ભગવાનના મહિમાનું ગાન કરવું.

એકલું ચિંતન કે ધારણા કે ભજનથી ભગવાન ન જિતાય. ત્રણેય ઉપાય સાથે અજમાવવા પડે તો જ કાર્ય સિદ્ધ થાય. મનમાં ભગવાનનું ચિંતવન થતાં મનની શુદ્ધિ થાય છે તે અસ્થિર-ચંચળ મન સ્થિર થાય છે. નેત્રમાં ભગવાનની મૂર્તિ ધારતાં કર્મની શુદ્ધિ થાય છે. સત્કર્મ થયાં કરે છે ને દુષ્કર્મોથી દૂર રહેવાય છે. જિહ્વાથી ભગવાનનું નામસ્મરણ કે મહિમાનું ગાન થતાં વચનની શુદ્ધિ થાય છે. ગ્રામ્યવાર્તાથી દૂર રહેવાય અને અખંડ ભગવાનનાં લીલાચરિત્રનું ગાન થયા કરે. આમ ત્રણેય પ્રકારે ભગવાનમાં જીવની વૃત્તિ-પ્રજ્ઞા સ્થિર થતાં ગીતામાં જણાવ્યા પ્રમાણે તે સ્થિતપ્રજ્ઞ બને છે.

કોઈ દરરોજ એક જગાએ પાણીનો ઘડો ઢોળે તેણે કરીને પાણી ન ભરાય. કારણ કે આગળના દિવસનું જળ બીજા દિવસે સુકાઈ જાય ને પાછલા દિવસનું પછીના દિવસે સુકાઈ જાય, પણ આંગળી જેટલી પાતળી પાણીની સેર સતત વહ્યા કરે તો ત્યાં પાણીનો ધરો ભરાય. તેમ નિરંતર સ્મૃતિ કરવા જણાવ્યું છે.

ભગવાનનું ચિંતવન કરે ને પછી વળી વિષયનું ચિંતવન કરે તો કર્યું, કારવ્યું ધૂળ-ધાણી થાય માટે તૈલધારાવૃત્તિ ભગવાનમાં રાખવી આવશ્યક છે.

પ્રહ્લાદજીએ ભગવાનના વચનમાં વિશ્વાસ રાખી તે મુજબ સાધન કર્યાં તો ભગવાન સહજમાં વશ થઈ ગયા.

આવી સિદ્ધાંતની વાત સાંભળીને *'તે બીજા માટે છે'* તેમ જાણી જવા દે તો પોતે કોરો રહી જાય. તેથી જ સ્વામીએ આ ઉપાય શીખવાનો આદેશ આપ્યો છે.

ગાયનું પાલન કરવું, દૂધ કાઢવું, દહીં મેળવવું, તેનું મંથન કરી માખણ મેળવવું ને તેને તાવી ઘી મેળવવું એ બહુ લાંબી પ્રક્રિયા છે, પણ એના કરતાં કોઈ સીધે સીધું ને તૈયાર ઘી આપે તો! તેમ શાસ્ત્રમાત્રનું દોહન કરી સારરૂપ આ સિદ્ધાંત, અનુભવી, ગુણાતીત, ધામરૂપ સંતે બતાવ્યો છે તે અત્યંત સરળ, શક્ય અને ઉત્તમ હોઈ મુમુક્ષુ જનોએ જીવનમાં આચરી છેલ્લો જન્મ કરી લેવો.

ગુણાતીતાનંદ સ્વામીએ એવી જ એક બીજી વાત માનવને સાચો માનવ બનાવવા માટે ઉચ્ચારી છેઃ

'વિષયને માર્ગે આંધળા થવું, બહેરા થવું, લૂલા થવું, એમ થવું પણ આસક્ત ન થવું.'

અકસ્માતમાં માણસની આંખ ફૂટી જાય, માથામાં સખત ઈજા થાય કે પગ ભાંગી જાય તો માણસ સહેજે આંધળો થાય, બહેરો થાય કે લૂલો થાય પણ પોતાની મેળે ક્યારેય આંધળો, બહેરો કે લૂલો થવા ન જ ઇચ્છે. છતાં ગુણાતીતાનંદ સ્વામીએ ભૌતિક દૃષ્ટિએ નહીં પરંતુ એક અલગ અર્થમાં તેવું થવાની સલાહ આપી છે. કારણ કે તેવું કરવામાં માનવનું હિત સમાયેલું છે.

જો બાહ્ય રૂપમાં વૃત્તિ ચોંટી ગઈ હતી ને પાછી વાળી ન શક્યો તો પેલા સુથારે પોતાની બંને આંખો ગુમાવેલી. ગુણાતીતાનંદ સ્વામીએ આંખ ફોડી નાંખવાની વાત નથી કરી પણ આંખથી જોઈ શકતા હોવા છતાં જરૂર જણાય ત્યારે આંખની વૃત્તિ ખેંચી લેવાની સલાહ આપી છે.

''શબ્દે માર્યા મરી ગયા ને શબ્દે છોડ્યા રાજ...'' મુજબ દ્રૌપદીના શબ્દે મહાભારત સર્જાયું ને સીતાજીના શબ્દે રામાયણ થયું તેથી તેવા શબ્દો ન સાંભળવા. કાનથી સાંભળતો હોવા છતાં તેવા શબ્દોમાં વૃત્તિ જવા ન દેવી એટલે કે બહેરા થવાનું સ્વામી સૂચવે છે.

કામાસક્ત માણસોએ અધર્મનું આચરણ - પરસ્ત્રીગમન કરતાં પ્રાણ ગુમાવેલાના ઘણા પ્રસંગો બને છે. તેવી અધોગતિ ન થાય તે માટે, એવા માર્ગે ગતિ કરતા પગને રોકવા એટલે કે દોડી શકતો હોવા છતાં લૂલા થવા સ્વામી આદેશ આપે છે.


ગુણાતીતાનંદ સ્વામીની સાદી, સરળ, સચોટ, સાચી શીખ માનવ જીવનમાં ઉતારે તો વર્તમાન જગતમાં પ્રવર્તતા અનિચ્છનીય પ્રસંગો સંભવે ખરા? કોઈ કરોડપતિ વ્યસનથી બરબાદ થઈને રોડપતિ થાય ખરો? દારૂના સેવનથી શરીરનો બગાડ થતાં અકાળે દેહનો અંત આવે ખરો? પ્રચંડ યુવાશક્તિ સમાજોદ્ધારના કાર્યને બદલે સમાજને ઊંડી ગર્તામાં ખેંચી જાય ખરી? સંસ્કારહીન વ્યક્તિ, કુટુંબ, ગામ, દેશને પાયમાલ કરી શકે ખરી?


પંચવિષયથી થતી અધોગતિથી બચાવવા માટે ગુણાતીતાનંદ સ્વામીએ અન્ય શબ્દોમાં તે જ સલાહ આપી છે કે 'વિષયનો સંબંધ થયા મોર્ય બકરાની પેઠે બીવું અને સંબંધ થાય તો ત્યાં સિંહ થવું.' એટલે કે જેમ સિંહને જોઈ બકરી દૂર ભાગી જાય તેમ વિષયના માર્ગથી દૂર રહેવું અને જો કદાચિત્ વિષયનો યોગ થઈ જાય તો તેવા પ્રસંગે સિંહ થવું. સિંહ ગર્જના કરે ત્યારે વન્યપશુ ભાગદોડ કરે છે તેમ શૂરવીર થઈને વિષયને દૂર ભગાડી દેવા.

વર્તમાનકાળે એવા જ ગુણાતીત સંત પ્રમુખસ્વામી મહારાજના અનુગામી મહંત સ્વામી મહારાજનું માર્ગદર્શન મેળવી, તે પ્રમાણે જ જીવન જીવીને છેલ્લો જન્મ કરીએ - અક્ષરધામની પ્રાપ્તિ કરીએ... ◆

*આ સમાગમ મળ્યો છે તે પૂર્વના સંસ્કાર ભારે છે... અહીં આવતા નથી તેને ભારે પાપ છે. આનું ફળ તો આજ, કાલ, મહિને કે વરસે પણ મળશે, ને સમાસ ઘણો કરશે. ને કોઈક જાણતા હશે જે કરીએ છીએ ને કેમ કાંઈ થાતું નથી? પણ આ તો મેળવણ નાખીએ છીએ. તે દહીં થઈને ઘી તો વલોવ્યા પછી નીકળશે.*

*– અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી (સ્વામીની વાતો: ૬.૬૫)*





# રસોઈ કરીને ન જમીએ તો?

**પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી**

ઉત્સવનો રંગ જામ્યો હતો. એકત્ર થયેલા ભક્તોનાં મુખ પર આનંદ છવાયો હતો. કંઈક અંતર્મુખ રહેતા વિજયના મુખ ઉપર પ્રસન્નતા જરા દબાયેલી જણાતી હતી. એ જોઈ વિનયે એને પૂછ્યું:

'કેમ કંઈ ખિન્ન જણાય છે?'

'ખાસ તો કાંઈ નથી, પણ ઘણીવાર મનમાં એમ લાગી આવે કે આપણે સત્સંગ તો કરીએ છીએ પણ જીવનમાં ઉન્નતિ કેમ બહુ જણાતી નથી?'

વિજયે ટૂંકમાં પતાવ્યું. કદાચ એ પોતાના મનોભાવો પ્રગટ કરવામાં પણ સંકોચાતો હતો.

'કયા પ્રકારની ઉન્નતિ?'

વિજયને જરા ઢંઢોળી, વિનયે ફરીથી પૂછ્યું.

'સત્સંગમાં ઉન્નતિ એટલે કંઈ પૈસે-ટકે નહીં પણ સત્સંગથી જીવનમાં આનંદ મળવો જોઈએ, મન સ્થિર થવું જોઈએ, મૂંઝવણો ઘટવી જોઈએ, દોષો ઓછા થવા જોઈએ – એવો કાંઈ લાભ ખાસ જણાતો નથી, વિજયે સ્પષ્ટતા કરી.

વિજયનો આ પ્રશ્ન, કદાચ બીજા ઘણાનો પણ હોઈ શકે. કોઈ પણ કાર્ય પછી એનાં ફળની પ્રાપ્તિ, એ મનુષ્યમાત્રની સ્વાભાવિક અપેક્ષા બની રહે છે. પુરુષાર્થ કર્યો તો ફળ મળવું જોઈએ. કસરત કરી તો શરીર સશક્ત દેખાવું જોઈએ. પૌષ્ટિક ખોરાક લીધો તો શરીર પુષ્ટ થવું જોઈએ. પરસેવો પાડ્યો તો ધન પ્રાપ્ત થવું જોઈએ. સત્સંગ કર્યો તો આનંદ મળવો જોઈએ. ફળશ્રુતિનાં આવાં સ્વપ્ન-કિનારા ઉપર ઊભા રહીને જ મનુષ્ય ઉદ્યમનો આરંભ કરે છે. પુરુષાર્થના સાગરનો કિનારો જ્યારે વાસ્તવમાં નજીક આવતો નથી ત્યારે મનુષ્યે ભેગી કરેલી શ્રદ્ધા વિખરાતી જણાય છે.

સંતો કહે છે - ચાંદો વધે છે, જણાતો નથી. સૂરજ ફરે છે, જણાતો નથી. વેલ વધે છે, દેખાતી નથી, એમ હરિજન ભગવાનની ભક્તિ સાચા ભાવથી કરે છે તો જરૂર વધે છે પણ એ સત્સંગની અભિવૃદ્ધિ, અધ્યાત્મ અનુભવ સ્થૂળ સ્વરૂપે જણાતો નથી. કારણ કે આંતરિક શુદ્ધિનું રિડિંગ મીટર હોતું નથી.

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ એમની વાતોમાં માર્મિક રીતે સમજાવ્યું છે કે, 'આ સમાગમ મળ્યો છે તે

પૂર્વના સંસ્કાર ભારે છે... અહીં આવતા નથી તેને ભારે પાપ છે. આનું ફળ તો આજ કાલ, મહિને કે વરસે પણ મળશે, ને સમાસ ઘણો કરશે. ને કોઈક જાણતા હશે જે કરીએ છીએ ને કેમ કાંઈ થાતું નથી? પણ આ તો મેળવણ નાખીએ છીએ. તે દહીં થઈને ઘી તો વલોવ્યા પછી નીકળશે.'

સત્સંગ કરીએ છીએ - દૂધમાંથી દહીંની જમાવટ થાય છે. વલોણું કરી, ઘી મળવાને હજુ વાર છે. પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર સમજાવે છે કે દહીં જામતું હોય ને તેમાં વારે વારે આંગળી નાખીએ કે દહીં જામ્યું છે કે નહીં - તે જુઓ તો દહીં કદાપિ જામે જ નહીં.

પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ જેવા ગુણાતીત સંતના આશરે ને વચને દિનપ્રતિદિન ઉત્સાહપૂર્વક સત્સંગ કરવો એ જ સફળતા, લાભ અને વૃદ્ધિ છે.

■

માનવીના વિકાસ સાથે, એનું મન જાગ્રત બને છે. દરેકની રુચિ ભિન્ન છે. એનાં પૂર્વ સંસ્કાર અને પ્રારબ્ધ કારણભૂત છે. એ રીતે જીવનનો દૃષ્ટિકોણ ઘડાય છે. જીવનનાં મૂલ્યો નક્કી થાય છે. એ માટે પ્રવૃત્તિ થાય છે. પછી એ મૂલ્યોનું મધ્યબિંદુ વિષય સુખ, પૈસા, સત્તા કે કીર્તિ કોઈપણ હોઈ શકે, એ માટે માનવી એકાગ્ર બને છે. એ જ ધ્યેય બને છે. એ જ લક્ષ્ય બને છે. એ જ અંતિમ સુખ મનાય છે. એ જ પ્રાપ્તિને માટે માનવી સમગ્ર ઇંદ્રિયો, મન અને બુદ્ધિથી પ્રયાસ કરે છે. લગની લાગે છે. જેવો જેને ખપ. કેટલાક અધવચ્ચે રહે છે. કેટલાક આગળ નીકળી જાય છે.

પણ એનું અધ્યાત્મ પાસું સમજવા જેવું છે. લૌકિક વાત સિદ્ધ કરવા માનવી ઝઝૂમે છે. પણ જો અધ્યાત્મ વાતનું મૂલ્ય સમજાય તો એના પ્રયત્નો જુદા છે. એની પાછળ પડનારા વિરલા છે. એવા ખપવાળાની ખોટ છે. અધ્યાત્મ માર્ગમાં શ્રેયને પહોંચવામાં એને કાંઈ આડું આવતું નથી. અંતરાય આવે છે ખરા, પણ દરેક બાબતને અવળી રીતે લે છે, વિચારે છે. ભગવાનની ઈચ્છા સમજે છે. કસોટી સમજે છે. વિશ્વાસથી વિઘ્નોને ઉલ્લંઘે છે. હોંશથી આગળ વધે છે. ધ્યેય સુધી પહોંચવામાં કોઈ બાબત દુઃખરૂપ કે વિઘ્નરૂપ દેખાતી નથી. પોતાની ભૂલ, ખામી ખોળે છે. સુધારે છે. ભગવાનમાં મન લાગ્યું છે. સ્વાર્થ મનાયો છે.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કહે છેઃ

'ખોળી ખોળીને ખોળિયું, ખરા ખપવાળાની ખોટ રે,
જેને ન આવડે અવળું લેવા, સમજે સીધું સોટ રે.'

એ વાતને વધુ સ્પષ્ટ કરતા શ્રીજીમહારાજ સમજાવે છેઃ 'જે સાધુને મોક્ષનો ખપ હોય, તેને તો જેમ દુખવીએ ને વિષયનું ખંડન કરીએ તેમ અતિ રાજી થાય.' (ગઢડા મધ્ય પ્રકરણ ૪૭)

વિષય ખંડન, દેહ દમન ને મનનું અમન, આ સાધનામાં જરાપણ પીછેહઠ કરે નહીં. ગુરુ-સંત કે ભગવાન આકરી કસોટી કરે, અતિ દુઃખ થાય એવાં વચનો કહે, મનને ન ગમે એવા આદેશો આપે, તેમાં પણ રાજી રહે. ઉત્સાહથી આગળ વધે, એ ખરો ખપવાળો.

યોગીજી મહારાજ શ્રેયના માર્ગે આગળ વધવાનાં ત્રણ મુખ્ય સાધન બતાવતાઃ શ્રદ્ધા, ખપ ને સમાગમ. અને ગુણાતીતાનંદ સ્વામીએ કહેલી વાત સમજાવતા –

'કલ્યાણનો ખપ કેવો રાખ્યો જોઈએ જે, ઓગણોતેરા કાળમાં ભીમનાથમાં રાંકાં માગવાં આવતાં ને કરગરતાં ને તેને ધક્કા મારે પણ જાય નહીં, એવો ખપ રાખવો.' (૨-૯૫)

સંવત ૧૮૬૯માં ભીષણ દુકાળ પડ્યો. ખાવા અન્ન રહ્યું નહીં. ત્યારે ધંધૂકા પાસે નીલકા નદીને કાંઠે ભીમનાથ મહાદેવમાં સદાવ્રત અપાતું. ભૂખે ટળવળતા લોકો સદાવ્રત માંગવા આવતા. કરગરતા. ભારે ધસારો થતો, સદાવ્રત દેનારા ધક્કા મારે. લોકો પડે, વાગે, અપમાનિત થાય. પણ પાછા આવે કારણ કે ડંકો થૂલું ત્યાં જ મળતું હતું. એના વગર જીવ જાય. પ્રાણને ટકાવવા લોકો આવો ખપ રાખતા. એવો કલ્યાણનો ખપ રાખવો.


અને ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે સારા કામમાં સો વિઘ્ન, પરમેશ્વર ભજવામાં બહુ અંતરાય, એને ઓળખવા. એથી સાવધાન રહેવું, ને પાર ઊતરવું. એવો બહુ ખપવાળો હોય તે જ ભગવાન સન્મુખ ચાલે. (૧-૩૩૭)

કલ્યાણનો ખપ
કેવો રાખ્યો જોઈએ?
જે ઓગણોતેરા કાળમાં
ભીમનાથમાં રાંક માગવા
આવતા ને કરગરતા ને તેને
ધક્કા મારે પણ જાય નહીં,
એવો ખપ રાખવો.

પ્રાપ્તિ થઈ છે, હવે ખપની જરૂર છે.

રસોઈ તૈયાર છે, હવે જમવાની જરૂર છે. રસોઈ કરીએ અને જમીએ નહીં તો?

મહંત સ્વામી મહારાજની નિશ્રામાં એવો ખપ કેળવી શ્રીજીમહારાજને પામીએ, કૃતાર્થ થઈએ. ◆



પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

## વડોદરામાં અધ્યાત્મવર્ષા વરસાવતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...

*જન જનની મુક્તિ કાજે દિન-રાત વિચરતા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે વડોદરામાં અટલાદરા ખાતે તા. ૧૧-૮-૨૦૧૮ થી તા. ૨-૯-૨૦૧૮ સુધી બિરાજીને હજારો ભક્તો-ભાવિકોને આધ્યાત્મિકતાના રંગે રંગ્યા હતા. સતત ૨૨ દિવસ સુધી સ્વામીશ્રીનું પાવન સાંનિધ્ય પામીને અટલાદરા-વડોદરાવાસીઓ ધન્ય બન્યા હતા. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં અદ્‌ભુત માહોલ છવાઈ જતો હતો. આબાલવૃદ્ધ સૌ કોઈના હૈયે સ્વામીશ્રીનાં દર્શનનો અનેરો તરવરાટ અનુભવાતો હતો. નિત્યક્રમ મુજબ મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધારતા, પ્રાતઃપૂજામાં બિરાજતા તેમજ વ્યક્તિગત મુલાકાતો દરમ્યાન સ્વામીશ્રીનાં દર્શનની વિરલ સ્મૃતિઓ હજારો હરિભક્તોના હૈયે સદાયને માટે અંકિત થઈ ગઈ હતી. વળી, રાજકીય આગેવાનો, ઉચ્ચ પદાધિકારીઓ, સામાજિક અગ્રણીઓ ઉપરાંત વિવિધ ક્ષેત્રના માંધાતાઓએ પણ સ્વામીશ્રીનાં દર્શન-આશિષ પ્રાપ્ત કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. યજ્ઞપુરુષ સભાગૃહમાં નિત્ય યોજાતી સાયંસભાઓમાં બાળકો-કિશોરો-યુવકોએ વિવિધ કાર્યક્રમો રજૂ કરી સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ગુરુહરિના નિરામય સ્વાસ્થ્ય માટે અટલાદરા, વડોદરા તેમજ આજુબાજુનાં સત્સંગ કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તોએ પદયાત્રા કરી ઠાકોરજી સમક્ષ મંગલકામના કરી હતી.*

*અહીં, હવે પછીનાં પૃષ્ઠોમાં સ્વામીશ્રીએ અટલાદરા ખાતે આપેલા દિવ્ય સત્સંગલાભને માણીએ...*



# ડભોઈ ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી...

તા. ૧૧-૮-૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ બોડેલીથી ભાવભરી વિદાય લઈ ડભોઈ પધાર્યા હતા. આજે અહીં એક નૂતન આધ્યાત્મિક પૃષ્ઠ ઉમેરાઈ રહ્યું હતું. એ હતું: સ્વામીશ્રીના વરદ હસ્તે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો માંગલિક અવસર.

સ્વામીશ્રીનું આગમન થયું ત્યારે ઈશ્વરચરણદાસ સ્વામી તથા આચાર્ય સ્વામી (નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી)ની ઉપસ્થિતિમાં મૂર્તિપ્રતિષ્ઠાનો પૂર્વવિધિ સંપન્ન થઈ ચૂક્યો હતો.

સ્વામીશ્રી ઉત્તરવિધિમાં જોડાયા. બુલંદ વેદમંત્રોના ગાન સાથે સ્વામીશ્રી વિધિને અનુસર્યા. અંતિમ ચરણમાં પૂજનવિધિ માટે અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ સ્વામીશ્રી, ઘનશ્યામ મહારાજ સમક્ષ ઈશ્વરચરણદાસ સ્વામી તથા અન્ય દેવસ્વરૂપો સમક્ષ અન્ય સંતોએ સ્થાન લીધું. ન્યાસવિધિ બાદ સ્વામીશ્રીએ મૂર્તિઓનું પ્રતિષ્ઠા-પૂજન કર્યું. સ્વામીશ્રી તથા સંતો-હરિભક્તોએ અન્નકૂટ સહિત પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારી ત્યારે અદ્‌ભુત આનંદ છવાઈ ગયો. આરતી બાદ સ્વામીશ્રીએ પ્રત્યેક મૂર્તિના ચરણમાં મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી. સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરેલા આશીર્વાદના અક્ષત, ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતોએ હરિભક્તો પર વરસાવ્યા.

સાથે સાથે સ્વામીશ્રીએ બોડેલી વિસ્તારનાં મોટા ફોફળિયા, ભીલાપુર, મોટા કરાળા અને સાઠોદ ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની પણ વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી. ત્યારબાદ સ્વામીશ્રી પ્રાસંગિક સભામાં પધાર્યા. ઈશ્વરચરણદાસ સ્વામીના ઉદ્‌બોધન બાદ મંદિરનિર્માણમાં સહયોગ આપનાર મુખ્ય સંતો-હરિભક્તોએ સ્વામીશ્રીને પુષ્પહાર અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

ડભોઈ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સ્થપાયેલી ચેરિટેબલ હૉસ્પિટલ વર્ષોથી સ્થાનિક ગરીબ દર્દીઓની સેવા કરી રહી છે. હવે, અહીં સુંદર મંદિર સ્થપાતાં સૌનાં તનની સાથે મન અને આત્માની પણ સંભાળ લેવાશે. તેનો સંતોષ વ્યક્ત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ મંદિર ખરેખર ભવ્ય થયું છે. નાની ઝૂંપડીમાં પણ મહારાજ-સ્વામી પધરાવે તો તે ભવ્ય કહેવાય.'

ડભોઈમાં સુંદર મંદિરની ભેટ આપીને, સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈ સ્વામીશ્રી વડોદરામાં અટલાદરા ખાતેના બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા. ગુરુહરિના આગમનને વધાવતાં મંદિરના ચોકમાં ફૂલ-પાનની રંગોળીઓ અને ટમટમતા દીપકો દિવ્યતા રેલાવી રહ્યા હતા. મંદિરનો ચોક હરિભક્તોથી ભરચક હતો. સૌએ ગુરુહરિનું ઉમંગભેર સ્વાગત કર્યું.



## અટલાદરામાં ભક્તિરસની હેલી વરસાવતાં સ્વામીશ્રી...

*વડોદરાનું ઉપનગર અટલાદરા એટલે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની અનેક સ્મૃતિઓનું દિવ્ય સ્થાન.*

*બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આ પ્રાસાદિક સ્થાનમાં સતત ૨૨ દિવસ સુધી બિરાજીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌને અધ્યાત્મરસમાં રસભીના કર્યા હતા. તેઓના અટલાદરા ખાતેના નિવાસ દરમ્યાન વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોની હારમાળા રચાઈ હતી. સાયંસભાઓમાં સ્વામીશ્રીના પાવન સાંનિધ્યમાં એકાંતિક ધર્મનાં ચારેય સોપાનો રૂપે - સ્વધર્મ પર્વ, જ્ઞાન પર્વ, વૈરાગ્ય પર્વ અને ભક્તિ પર્વ યોજાયાં હતાં. 'એકાંતિક થઈએ, પરમ એકાંતિક સંગે' કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલાં આ ભક્તિપર્વો અંતર્ગત વિવિધ દિનની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરી બાળકો-કિશોરો-યુવકો-કાર્યકરો સ્વામીશ્રીની કૃપાના અધિકારી બન્યા હતા. ગુરુહરિનું અપાર વાત્સલ્ય આ સૌ પર વરસી રહ્યું હતું. વિશિષ્ટ દિનની સભાઓમાં અદ્‌ભુત કાર્યક્રમો માણી હજારો મુમુક્ષુઓએ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સભાના અંતે આશીર્વચનમાં સ્વામીશ્રીએ સૌને એકાંતિક ધર્મ દૃઢાવ્યો હતો.*

*અહીં તે વિવિધ કાર્યક્રમોનું સંક્ષેપમાં આચમન કરીએ...*

### સ્વાગત સભા

તા. ૧૨-૮-૨૦૧૮ના સાયંકાળે સ્વામીશ્રીના આગમનને વધાવવા સ્વાગત સભા યોજાઈ હતી. યુવકોના બૅન્ડવાદન સાથે તમામ શ્રોતાજનોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી ગુરુહરિને આવકાર્યા.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'એકાંતિક થઈએ, પરમ એકાંતિક સંગે' કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાનાર એકાંતિક ધર્મની છાવણીનો સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને મંગલ શુભારંભ કર્યો. સંતોએ ગુરુહરિનું સ્વાગત-પૂજન કર્યું. વિશેષમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં પ્રતીકો અર્પણ કરી સ્વામીશ્રીને નવાજ્યા.

બાળ-યુવાવૃંદે *'સ્વાગત કરીએ રે...'* કીર્તન પર નૃત્ય કરી ગુરુહરિને આવકાર્યા. બાદ બાળકો-યુવકોએ એક સુંદર નાટિકા રજૂ કરી.

અંતમાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવા જ આવ્યા છે. આપણે બીજું બધું કરી ચૂક્યા છીએ. બાકીમાં આટલું જ છે - એકાંતિક ભક્ત થવું. મહારાજ-સ્વામીનું મિશન આ જ છે.

શ્રીજીમહારાજે કહ્યું, 'પાતાળથી પ્રકૃતિપુરુષ સુધી બધા પશુ સમાન છે.' કારણ કે ત્યાં સુધી બધામાં દેહભાવ છે. દેહભાવ એટલે અહમ્-મમત્વ. તે છૂટવું બહુ મુશ્કેલ છે. એ જ માયા છે. પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ

બોચાસણમાં ધનુર્માસમાં સ્લેટ ધરી તો તેમણે તરત એક સેકન્ડના પણ વિલંબ વગર લખ્યું 'અહં-મમત્વ મૂકી ભગવાન ભજી લેવા.' અહમ્-મમત્વ જ બધું બગાડે છે. તે દૂર થાય એટલે એકાંતિક. સ્વભાવો જ માણસને નચાવે છે. ઋષિમુનિઓ, ઈશ્વરો બધા સ્વભાવને વશ છે. સ્વભાવ મુક્ત થઈએ તો અહીં જ અક્ષરધામ.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત એકાંતિક ભક્તિ આપણે કરવાની છે. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને સત્પુરુષને રાજી કરવા એ જ ધ્યેય હોવો જોઈએ. એ જેટલી ચોખવટ હોય એટલું એકાંતિકપણું આવશે.''

## સ્મૃતિ દિન

તા. ૧૩-૮-૨૦૧૮ના રોજ તારીખ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો દ્વિતીય સ્મૃતિદિન હતો. તેઓની પુણ્યસ્મૃતિમાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં ભાવવાહી પદો ગવાયાં ત્યારે સૌનાં હૈયાં ભારે હતાં પણ એ જ પ્રમુખસ્વામી મહારાજ મહંત સ્વામી મહારાજરૂપે પ્રત્યક્ષ બિરાજમાન હતા તેથી સૌને હૈયે હામ પણ હતી.

સંધ્યા સમયે યોજાયેલા સ્મૃતિદિન સમારોહમાં પ્રમુખસ્વામી મહારાજની અનુભવેલી સ્મૃતિઓ સંતોએ જીવંત કરી. પ્રમુખસ્વામી મહારાજ સ્નેહનો સાગર હતા. તેમણે આબાલવૃદ્ધ સૌને સ્નેહથી તરબતર કરી દીધા હતા. આ જ ભાવને *'સ્વામી! તમારો સ્નેહસાગર...'* કીર્તનના ગુંજારવ સાથે એક વીડિયોના માધ્યમથી દર્શાવાયો.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ મળ્યા, હવે બીજું જોઈએ શું? બીજું જોઈએ તે અધૂરપ છે. આવા ગુરુ મળ્યા ને તેમણે કાયા નિચોવી નાંખી. કાંઈ બાકી રાખ્યું નથી. હવે બીજી કોઈ ઇચ્છા રાખવી નહીં. એમણે તો આપણા માટે બહુ કર્યું છે. હવે એમના માટે આપણે શું કરવું તે વિચાર કરવો.

એમના થકી હું એક વાત શીખ્યો છું: સંતો-હરિભક્તોને રાજી કરી લેવા. એમાં જ માલ છે. સંતો-ભક્તો રાજી થશે તો શ્રીજીમહારાજ રાજી થશે.''

## વિદ્યામંદિર દિન

તા. ૧૪-૮-૨૦૧૮ના રોજ બી.એ.પી.એસ. વિદ્યામંદિરના છાત્રોએ 'વિદ્યામંદિર દિન'ની ઉજવણી કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

સ્વામીશ્રીએ ઘંટનાદ કરી સભાસત્રની શરૂઆત કરી અને બોધવચન આપતાં સુઅક્ષરે લખ્યું: *'વિદ્યા એ યજ્ઞ છે.'*

સભાના આગામી કાર્યક્રમમાં બાળકોએ વિવિધ રજૂઆતો કરી સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી. સંચાલકોએ બી.એ.પી.એસ. વિદ્યામંદિરની સિદ્ધિઓ અને તેની પાછળનાં પ્રેરક બળોનું પ્રેઝન્ટેશન દર્શાવ્યું. ત્યારપછી સંગીત ખુરશીની રમત દ્વારા બાળકોએ સંપ ભાવના વ્યક્ત કરી. બાળકોએ સુંદર ભક્તિનૃત્ય પ્રસ્તુત કર્યું.

અંતમાં પ્રેરણાવચનો આપતાં સ્વામીશ્રીએ કહ્યું: ''બહારથી એટીકેટ હોય, પરંતુ અંદરથી સંસ્કારીપણું આવવું જોઈએ. અંતરમાં એવું થઈ જાય કે મારે પોતાને સારા થવું છે, તો એમાં બધું આવી જાય. દરેક બાળક આ વિચાર કરે તો આગળ આવે. આપણે તો અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવા સુધી પહોંચવાનું છે, પણ અત્યારે તો જે ભણાવે તે સારી રીતે ભણવાનું. તેમાં કાંઈ કાચપ રાખવાની નહીં. તક મળી છે, સગવડ મળી છે તો ભણી બતાવવું, ને એ થઈ શકે. આસન, પ્રાણાયામ, યોગ આ બધાની સાથે મારે શ્રેષ્ઠ ભણવું છે તે તાન મુખ્ય રાખવું. નિશાન હોય તો સીધા ત્યાં પહોંચાય. નહીં તો રખડતો રખડતો પહોંચે કે ન પહોંચે. રમતગમત, શારીરિક, માનસિક, આધ્યાત્મિક બધી રીતે સર્વાંગી વિકાસ થવો જોઈએ. આપણી સ્કૂલો-છાત્રાલયોમાં આ શીખવવામાં આવે છે.

સ્વામીબાપાને રાજી કરવા છે એવું હોય તો બધું આવી જાય. રાજી કરવાની અંદરની સચ્ચાઈ હશે તો જ ભગવાન રાજી થશે. આ રીતે આપણે સંસ્કાર પામ્યા છીએ, પામવાના છે અને જયજયકાર કરવાનો છે.''





## સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયાં વિવિધ ભક્તિપર્વો...

### ■ સ્વધર્મ પર્વ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અટલાદરા ખાતે વિવિધ પર્વોના ઉપક્રમે ભિન્ન ભિન્ન દિન યોજાયા હતા.

તા. ૧૫ થી ૧૮ ઑગસ્ટ, ૨૦૧૮ દરમ્યાન યોજાયેલા 'સ્વધર્મ પર્વ'ના પ્રથમ ચરણરૂપે 'આહારશુદ્ધિ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. તેના અંતર્ગત એક પ્રેરક સંવાદ દ્વારા અભક્ષ્ય આહારો અને બહારની ખાણી-પીણીનો નિષેધ પ્રસ્તુત થયો હતો.

આજના દિનને સુસંગત 'બી.એ.પી.એસ. અમૃત હર્બલ કૅર' દ્વારા શુદ્ધતમ અને ગુણવત્તા સભર મસાલાની દરેક પ્રોડક્ટ્સ હસ્તમાં ધરીને સ્વામીશ્રીએ તેને પ્રસાદીભૂત કરી હતી.

આજના દિનને અનુરૂપ આહારશુદ્ધિની વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ડુંગળી-લસણ તામસી છે. સત્સંગીએ તો તેને અડાય જ નહીં. મરચું-તેલ વધુ વાપરે તે હાર્ટના પ્રશ્ન ઊભા કરે છે. વધુ ખાય તો શરીરે જાડા થઈ જાય. વળી, આળસ-પ્રમાદ વધી જાય. માટે માપમાં વાપરવું, સાચવવું. આહારશુદ્ધિ હોય તો ભજન-ભક્તિ સારી રીતે થઈ શકે.'

**નિત્યપૂજા દિન :**

તા. ૧૬-૮-૨૦૧૮ના રોજ નિત્યપૂજા દિન ઊજવાયો હતો. આજના દિનની ઉજવણી કરતાં યુવકોએ પ્રાતઃપૂજાની આપણી ખામીઓ તથા આદર્શ રીત પ્રદર્શિત કરી. તેને જ પુષ્ટિ આપતો સંવાદ 'અમે નિત્યપૂજા કરીશું' રજૂ થયો.

અંતે પ્રેરણાવચન વહાવતાં ગુરુહરિએ કહ્યું: "પૂજા એ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓ સાથેની મુલાકાત છે. આ સમજણથી પૂજા કરવાની છે. અબજો રૂપિયા દેતાં આવી મુલાકાત મળે નહીં.

યોગીજી મહારાજ કહેતા, 'પૂજામાં, આરતીમાં, થાળમાં અને ચેષ્ટામાં શ્રીજીમહારાજ પ્રગટ થાય છે.' આ મોટાપુરુષનાં વચન છે. એમાં વિશ્વાસ રાખીને કરવું. શ્રીજીમહારાજને પ્રગટ કરવા તમારા હાથની વાત છે.

પૂજામાં ભગવાનનો આદરભાવ રાખવો. મોબાઈલને તો અડવાનું જ નહીં. પૂજામાં કંટાળો લાવવો નહીં. વ્યવસ્થિત પૂજા કરો એટલે આખો દિવસ સરસ જાય. પૂજા બરાબર ન કરો, લફરફફર કરો તે બરાબર નથી. પૂજા માટે સમય ન નિકાળે તો તેને સત્સંગી જ ન કહેવાય. માટે પૂજા બરાબર અને વિશ્વાસ રાખીને કરવી કે ભગવાન પૂજામાં આવે છે. આવી સમજણ રાખી પૂજા કરો તો એટલી મજા આવે કે ન પૂછો વાત!"

**યુવા દિન :**

તા. ૧૭-૮-૨૦૧૮ના રોજ યુવા દિનની ઉજવણી થઈ હતી. 'લ્યો રાજીપો!' કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલી 'યુવા દિન'ની સભાના પ્રારંભમાં યુવકોએ *'યોગી આવો તે*

*રંગ મુને શીદ લગાડ્યો...'* કીર્તન પર ભક્તિનૃત્ય કરી, આખીય સભામાં ભક્તિની ભરતી લાવી દીધી હતી. સ્વામીશ્રીએ આ યુવકો અને યુવા-કાર્યકરો પર કેસૂડાનો ભક્તિમય રંગ છાંટી તેઓને વિશેષ સ્મૃતિ આપી.

ત્યારબાદ સ્વામીશ્રી સાથે કાર્યક્રમની શૃંખલામાં જ પ્રશ્નોત્તરી થઈ. 'ભગવાનનો રાજીપો મેળવવો કઈ રીતે?' એ પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાનનું સ્વરૂપ સમજવું, સંતનું સ્વરૂપ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળવી, તો ભગવાન રાજી રાજી ને રાજી.'


એક યુવકે અંગ્રેજી પ્રવચન દ્વારા ભગવાન અને સંતના સ્વરૂપનો મહિમા વર્ણવ્યો. બાદ આજ્ઞાપાલનની દૃઢતા કરાવતાં સ્વામીશ્રીએ 'તિલક-ચાંદલા'ની મુદ્રા કરીને સૌને આજીવન, તિલક-ચાંદલા સહિત નિત્યપૂજા કરવાની આજ્ઞા કરી. ત્યારપછી સ્વામીશ્રીએ સદાય સંપ રાખવાની આજ્ઞા સૂચવતું એક સુંદર ચિત્ર દોરી આપ્યું. પછી આજ્ઞા કરતાં કહે, 'Do satsang daily!' સૌએ તાળીઓના ગડગડાટથી ગુરુઆજ્ઞાને વધાવી લીધી.

કાર્યક્રમના અંતમાં, આજનો યુવાન મનનું માનીને ફેસબુક, ગરબા વગેરેમાં કેવો લેવાઈ જાય છે તે દર્શાવવામાં આવ્યું. આ જ વાતને કેન્દ્રમાં રાખીને યુવાનોને બોધપાઠ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આમાં સત્સંગ ને કુસંગની વાત છે. આપણે સંયમ રાખવાનો. સંયમ હોય તો મન પર કાબૂ રહે. સંયમ વિનાના તો હજારો ને લાખો હોય, એનું પરિણામ શું આવે? નાપાસ, જીવન બરબાદ. કુલક્ષણો ઘૂસી જાય પછી અંતર્દૃષ્ટિ થાય તોય એમાંથી બહાર નીકળવું બહુ મુશ્કેલ પડી જાય. કુસંગ તો મગરની જેમ મોઢું ફાડીને બેઠો છે. જરાક સહકાર આપ્યો તો તમને ઝડપી લે ને ઓગાળી નાખે. કુસંગ કર્યો એટલે બરબાદ. એટલે બધાએ સંયમ ખાસ રાખવો. પણ સંયમ ન હોય એટલે લેવાઈ જાય. પણ આજ્ઞાની દૃઢતા હોય તો તે ન લેવાય.'

**સત્સંગસભા દિન :**

તા. ૧૮-૮-૨૦૧૮ના રોજ ઊજવાયેલા સત્સંગસભા દિનના ઉપક્રમે બાળસભા, યુવાસભા અને સંયુક્તસભાનો મહિમા ગવાયો હતો. સાંજે યોજાયેલા ખાસ સમારોહમાં પ્રથમ દૃશ્યમાં, વરસતા વરસાદમાં હોંશે હોંશે દોડીને બાળસભામાં પહોંચી જતાં બાળકોના મુખે બાળસભાનો મહિમા ગવાયો. પછીનાં દૃશ્યોમાં યુવાસભા અને સંયુક્તસભાનો મહિમા ગવાયો. સાથે વિપરીત પરિસ્થિતિઓમાં પણ સત્સંગસભા/સત્સંગ કાર્ય ગૌણ ન કર્યાં હોય તેવા હરિભક્તોના પ્રેરક પ્રસંગો રજૂ થયા.

બાદ વીડિયોના માધ્યમથી 'સત્સંગ સભાનો મહિમા' વિષયક પ્રમુખસ્વામી મહારાજનાં વચનો દર્શાવવામાં આવ્યાં. અંતમાં સૌને વિશેષ બળ અને પ્રેરણા આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'સંસારમાં સુખ-દુઃખના પ્રસંગો ચાલ્યા જ કરે છે. દુઃખ વધુ છે અને ભલભલાને છે. માણસ પ્રશ્નોનું બંધન લઈને જ જન્મે છે. કર્મવશ થઈને બધાને ભોગવવું જ પડે, પણ ફેર કેટલો? સત્સંગ નથી તે રડીને દુઃખ ભોગવે છે, જ્યારે સત્સંગી સમજણે કરીને હસતે મોઢે ને બળમાં સુખ-દુઃખ ભોગવે છે. આ જબરજસ્ત ફેર છે. આવા કેટલાય પ્રસંગો છે. સત્સંગની સમજણ એવી છે કે બધાં દુઃખોને ટપી જાય. હરિભક્તને ખરેખર દંડવત કરવા પડે એવી તેમનામાં સમજણ હોય છે. સત્સંગથી આ સમજણ આવે છે. રવિસભાએ ગજબ કાર્ય કર્યું છે. સત્સંગની દૃઢતા અને મહારાજ-સ્વામીમાં વિશ્વાસને લીધે આ સમજણો થઈ છે. યોગીબાપા એ વખતે ૨૫,૦૦૦નો નફો જતો કરી રવિસભા ભરવાનું બોલ્યા હતા; અત્યારે તો કરોડ થાય, તે જતા કરીને રવિસભા ભરવી.'




## ■ જ્ઞાન પર્વ

તા. ૧૯ થી ૨૬ ઑગસ્ટ, ૨૦૧૮ દરમ્યાન ઊજવાયેલા 'જ્ઞાન પર્વ' અંતર્ગત ઉપાસના દિન, શિશુ દિન, સ્મૃતિ દિન, સમજણ દિન, છાત્રાલય દિન, બાળ દિન, રક્ષાબંધન દિનની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

**ઉપાસના દિન :**

તા. ૧૯-૮-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં જ્ઞાન પર્વના પ્રથમ ચરણરૂપે 'ઉપાસના દિન' તથા 'શિશુ દિન'ની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી. આજના દિનને અનુરૂપ શિશુઓએ ચર્ચામાં શાસ્ત્રો અને સાંપ્રદાયિક ગ્રંથોના આધારે *'ગુણાતીતાનંદ મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર'* અને *'પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર'* એ વિષય ખૂબ સરસ




રીતે પ્રતિપાદિત કર્યા. તે સાથે જ *'મારા સ્વામીની થાયે વાહ વાહ...'* કીર્તન ગુંજવા લાગ્યું. આ કીર્તન પર સુંદર ભક્તિનૃત્ય કરી શિશુઓએ સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી.

આ પ્રસંગે શુભાશિષ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'શિશુઓ નાના નાના લાગે છે, પણ બધી સાધનાઓ કરીને આ સત્સંગને પામ્યા છે.

શિશુઓએ કરેલી ચર્ચાને અંતે સાબિત થયું કે 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર.' શાસ્ત્રીજી મહારાજે આ જ્ઞાન માટે ખૂબ દાખડો કર્યો. શાસ્ત્રીજી મહારાજને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. તેમણે આપણા મોક્ષનો માર્ગ ખુલ્લો મૂકી દીધો છે. નિયમ અને નિશ્ચયથી અક્ષરધામમાં જવાય અને આપણે અક્ષરધામમાં જ બેઠા છીએ.'

**સ્મૃતિ દિન :**

તા. ૨૦-૮-૨૦૧૮ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો સ્મૃતિ દિન ઊજવાયો હતો.

આજે શ્રાવણ સુદ દશમ. તિથિ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દ્વિતીય પુણ્યતિથિ. આજની વિશિષ્ટ 'સ્મૃતિ સભા'માં સ્વામીબાપાના અનંત ઉપકારોને ભક્તિ-અંજલિ અર્પવા હજારો ભક્તો ઊમટ્યા હતા. સૌ માટે આજની સભા અવિસ્મરણીય બની રહી હતી.

સભાના પ્રારંભમાં અનિર્દેશદાસ સ્વામી અને જ્ઞાનવત્સલદાસ સ્વામીએ સ્વામીબાપાના પોતે અનુભવેલા ઉપકારો વર્ણિત કર્યા. નારાયણચરણદાસ સ્વામીએ સ્વાનુભૂતિઓ રજૂ કરી.

*'સાગર સમા આપ, જીવન અમાપ છે, ગાગરમાં કેમ એ સમાયે...'* કીર્તન પર સ્વામીબાપા જેવું જ સુખ અત્યારે મહંત સ્વામી મહારાજ આપી રહ્યા છે તેની સુંદર વીડિયો પ્રસ્તુતિ થઈ. ત્યારપછી 'સ્વામીબાપા આજે મહંત સ્વામી મહારાજરૂપે સદાય આપણી સાથે જ છે' વિષયક સુંદર પ્રવચન આત્મસ્વરૂપદાસ સ્વામીએ કર્યું.

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જન્મસ્થાન ચાણસદને પ્રવાસન અને યાત્રાધામ તરીકે વિકસાવવા માટે સરકારશ્રીએ આજે નિર્ણય લીધો હતો. તેની જાહેરાત બ્રહ્મવિહારી સ્વામીએ કરી. સરકારશ્રીએ પ્રમુખસ્વામી મહારાજને અર્પેલી આ ભાવાંજલિને સૌએ તાળીનાદથી વધાવી.

મંચ પર પુષ્પાસનમાં બિરાજમાન પ્રમુખસ્વામી મહારાજની મનોહર મૂર્તિને કલાત્મક હાર અર્પણ કરી મહંત સ્વામી મહારાજે ભક્તિઅર્ઘ્ય અર્પ્યું. યુવાવૃંદે *'હે ગુરુજી ! નહીં ભૂલું તમને'* કીર્તન પર ભાવવંદના કરી. તે દરમ્યાન જ સંતોએ વિવિધ હાર અને ચાદર વડે પ્રગટ ગુરુહરિને ભક્તિભાવથી વધાવ્યા.

પ્રમુખસ્વામી મહારાજના આપણા સૌ પર અનંત અનંત ઉપકારો છે. તે ઉપકારોને અભિવ્યક્ત કરવા માટે સત્સંગ સમાજના દરેક અંગમાંથી એક એક પ્રતિનિધિ આવ્યા. તેમણે પોતે અનુભવેલા સ્વામીશ્રીના અપાર હેતને, કરુણાને, અનુભવોને રજૂ કર્યાં. દરેક રજૂઆતના અંતે સ્વામીશ્રીનાં ચરણોમાં પ્રશ્નપુષ્પ અર્પણ થતું હતું, 'સ્વામી! આવી રીતે પ્રમુખસ્વામી મહારાજનું

અમારી પર અનંત ઋણ છે. તે અમે કેવી રીતે ચૂકવી શકીએ?'

આશીર્વાદરૂપે ઉત્તર આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે કાંઈ બાકી રાખ્યું નથી. આપણા બધા માટે અનહદ કર્યું છે. ભૂલવું હોય તોય ભુલાય નહીં. એમનું જે સ્મરણ થાય તે કર્યે જ રાખજો. તે ગયા જ નથી. જો 'સ્વામીબાપા ગયા' એમ કહીએ તો યોગીબાપા, શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને શ્રીજીમહારાજ ગયા કહેવાય. પણ એ તો છે જ. સ્થૂળદેહે જે તેઓના સંપર્કમાં આવ્યા, તેઓની જે સ્મૃતિ મળી તે ગયા જ નથી, એમ માનીને ચાલુ જ રાખવી.

સ્વામીબાપાએ બધાને નિશ્ચય કરાવ્યો. એ જ એમનું કાર્ય હતું. તેઓ હેત કરતા ને કરાવતા. આપણે તે બધી સ્મૃતિઓ ચાલુ જ રાખવી. તેઓ ગયા જ નથી, છે જ.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રી સહિત સૌ શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ગુરુવર્યોની સમૂહ આરતીમાં જોડાયા. હજારો શ્રદ્ધાદીપ શ્રદ્ધાંજલિદીપ બનીને ગુરુહરિને શત શત નમન સાથે વંદી રહ્યા...

**સમજણ દિન :**

તા. ૨૧-૮-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સમજણ દિન ઊજવાયો.

સંધ્યાસભામાં સમજણની અગત્યતા દર્શાવતો 'દશ મૂર્ખાઓ' સંવાદ વાઘોડિયા મંડળે ખૂબ સરસ રીતે પ્રસ્તુત કર્યો. આ સંવાદનો સાર હતો: ભગવાનની નજરમાં આપણે મૂર્ખા જ છીએ. કારણ, આપણે આપણા દેહને ગણતરીમાં લઈને ઘણું કરીએ છીએ. પણ પેલા લોકોને જેમ બાવાજી મળી ગયા ને તેમની ભૂલ સુધરી, તેમ આપણનેય જો સાચા સંત મળે તો ભૂલ સુધરે, નહીં તો રહી જઈશું મૂર્ખા. સૌને અહોભાગ્ય મનાયાં કે ઉત્કૃષ્ટ જ્ઞાનના સાક્ષાત્ સ્વરૂપ ગુરુહરિ સામે જ બેઠા છે. સ્વામીશ્રીએ ઉત્કૃષ્ટ જ્ઞાન પીરસતાં કહ્યું, 'એક અગત્યની વાત પાતાળથી પ્રકૃતિપુરુષ સુધી સૌ ભૂલ્યા છે કે આપણે આત્મા છીએ. સત્સંગમાં આ જ સમજવાનું છે. હું આત્મા છું, દેહ નથી. પ્રવચનો તોડી નાંખે એવાં કરે, પણ દેહભાવ-સ્વભાવ છૂટતા નથી. અપમાન લાગે એ જ ખોટું છે. આત્મભાવમાં અપમાન લાગે જ નહીં,



દેહમાં રાચે એટલે તરત અપમાનનો ચમકારો લાગે, પછી બીજી સમજણે કરીને કળ વળે.

અવળી સમજણ હોય તેને સવળી કરી નાંખવી તો કાઠા પ્રસંગો લાગે નહીં. કેટલાય બાળકો-હરિભક્તો છે, જે નિયમમાં ચૂકતા નથી. તે મોટી સમજણ, સવળી સમજણ. સમજણથી બધાં દુઃખ કપાઈ જાય ને આનંદમાં રહે, કેફમાં રહે. એવી સમજણ ન રાખે તો અભાવ-અવગુણ લે ને વધારે ને વધારે ગૂંચાય, ક્લેશ પામે. અવળું લે તેનો સંગ કરવો નહીં. સત્સંગ કરે તેને કોઈ દુઃખ ન હોય. તે કેફમાં ને બળમાં જ રહે અને વળી ભગવાન મળ્યા એને તો કેફ માય નહીં, એટલે આપણે આવી રીતે સત્સંગ કરીને બળમાં રહેવું.'

**છાત્રાલય દિન :**

તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ ગુરુહરિના સાંનિધ્યમાં બી.એ.પી.એસ. છાત્રાલયના છાત્રોએ 'છાત્રાલય દિન'ની હર્ષભેર ઉજવણી કરી હતી. વળી, આજે મૂર્તિપ્રતિષ્ઠાદિન પણ હતો. સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ૧૫ મંદિરોની મૂર્તિપ્રતિષ્ઠા અને ૫ મંદિરોનો શિલાપૂજન વિધિ થયો હતો.

આ પ્રસંગે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ ઉકાઈ ક્ષેત્રનાં ચોરવાડ, ઉકાઈ, સોનગઢ; નહાર ક્ષેત્રનાં અમનપુર, ભોદર; કરમાડ ક્ષેત્રના રામપુર; કરજણ ક્ષેત્રના વીરજાઈ; પોર ક્ષેત્રના ઈટોલા; રણોલી ક્ષેત્રનાં પદમલા, સોખડા; ગવાસદ ક્ષેત્રનાં કુરાલ, મોભા; આમોદ ક્ષેત્રના નિણમ; વડોદરા-૧ વિસ્તારના ચાપડ અને ગોરિયાદ ક્ષેત્રના આમળા ગામમાં રચાયેલા નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી. સાથે નોંધણા ક્ષેત્રના નોબાર; પાદરા ક્ષેત્રનાં તાજપુરા, જાસપુર; ગોરિયાદ ક્ષેત્રના સાધી અને નહાર ક્ષેત્રના અમનપુર મંદિરની શિલાઓનું વેદોક્ત પૂજન કરી સૌને અવિસ્મણીય સ્મૃતિ પ્રદાન કરી હતી. આ અવસરે આ તમામ ગામોના હરિભક્તો પર દૃષ્ટિ કરી આશીર્વાદ આપતાં સૌને શ્રદ્ધા-વિશ્વાસ રાખીને ભજન-ભક્તિ કરતા રહેવાની અને રોજ મંદિરે જવાની પ્રેરણા આપી.

સાયંકાળે કુલ ૩૫૦ જેટલા શિશુઓ અને મુમુક્ષુઓને સમૂહ વર્તમાન ધરાવી સ્વામીશ્રી છાત્રાલય દિનની સભામાં પધાર્યા. આજનો છાત્રાલય દિનનો કેન્દ્રિય વિષય હતોઃ *'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ.'*

આ જ મધ્યવર્તી વિચાર સાથે છાત્રાલયના સંચાલક સંત પરમપ્રેમદાસ સ્વામીએ લખેલો સંવાદ સભાના મુખ્ય કાર્યક્રમરૂપે રજૂ થયો. સંવાદ બાદ આ જ કેન્દ્રિય વિષય પર રચાયેલા સુંદર કીર્તનનું ગાન થયું.

અંતે સ્વામીશ્રીએ છાત્રોની પ્રાર્થનાને સ્વીકારી સાધના માર્ગ સરળ બની જાય અને ચિરંતન સ્મૃતિ રહે તેવું અદ્‌ભુત વાક્ય લખ્યુંઃ *'મહારાજ અને સ્વામીમાં અતિશય દૃઢ વિશ્વાસ રાખવો.'* ત્યારપછી શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: ''અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' મંત્ર, કંઈ નવો લોન્ચ કરવામાં આવ્યો નથી, અનાદિ કાળનો છે. મહારાજ-સ્વામી અનાદિ છે. આ મંત્રથી અનંત અનંત મુક્ત થયા છે. આ સામાન્ય વાત નથી. આ તો બહુ મોટો મહામંત્ર છે. એનાથી ઘણાં કાર્ય થયાં છે.

આ મંત્ર બરાબર સમજીને સિદ્ધ થયો હોય તેને એવી સમજણ આવે કે દુઃખને સુખમાં ફેરવી નાખે, પોતે બળમાં રહે ને બીજાને બળ આપે. આ મંત્રથી તો નિર્વાસનિક થઈ જવાય, બ્રહ્મરૂપ થઈ જવાય ને મુક્તોની પંક્તિમાં ભળી જવાય. તે સુખ-દુઃખ બધું કાપી નાખે. મંત્ર સાચો છે એટલે આવું કામ કરે. આ મંત્ર સિદ્ધ કરવો. જેટલું સિદ્ધ થાય એટલા દુઃખને સુખમાં ફેરવી નાખે ને બળમાં રહે. આ મંત્ર વધારે ને વધારે સમજવો તો અંદરથી ઘણું નીકળી જશે.

*'શાસ્ત્ર સકળનો સાર પરમ એ બ્રહ્મ અને પરબ્રહ્મ,'* એટલે સારનો સાર આ મંત્રમાં આવી જાય. આ મંત્ર ભારેમાં ભારે છે, સર્વોપરી છે, એની આગળ કોઈ ટકે નહીં. જેટલો સિદ્ધ થાય એટલી સમજણ દૃઢ થાય અને છેવટે મહારાજ ને સ્વામીના ચરણમાં બેસી જવાય.''

**બાળ દિન :**

તા. ૨૪-૮-૨૦૧૮ના રોજ ઊજવાયેલા 'બાળ દિન' નિમિત્તે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી જ બાળકોનો દબદબો વર્તાતો હતો. પૂજામાં બાળકોએ નંદ પંક્તિના કવિ પરમહંસોનાં નામને અનુરૂપ પ્રસ્તુતિ કરીને પછી સ્વરચિત કીર્તનો તથા પરમહંસોનાં પદો ગાયાં હતાં. વળી, બાળકોએ મુખપાઠ રજૂ કરી ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

'બાળ દિન'ની સંધ્યા સભામાં સ્વામીશ્રીના આગમનને વધાવતા બાળકોએ વિવિધ પશુ-પક્ષીના પરિવેશમાં *'આવે આવે આવે ગજરાજ આવે...'* ગીત પર આનંદભર્યું ભક્તિનૃત્ય કર્યું.

સભાના મુખ્ય કાર્યક્રમની પ્રસ્તુતિ માટે બાળકો મંચ પર સ્વામીશ્રીની બંને બાજુ ગોઠવાયા. બંને પક્ષના બાળકોએ 'પોતાને મોટા મોટા માંધાતાઓ સાથે નજીકની ઓળખાણ છે' તેવી જબરજસ્ત ચર્ચા કરી. ચર્ચાના અંતે એક બાળકે કહ્યું, 'અનંત બ્રહ્માંડ છે. તેની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા જે અક્ષરબ્રહ્મ છે, તેમની સાથે મારે મોઢામોઢ ઓળખાણ છે. જુઓ આ રહ્યા તે – અક્ષરબ્રહ્મ મહંત સ્વામી મહારાજ.' સૌએ તાળીઓના ગડગડાટથી આ વાસ્તવિકતાને વધાવી.

ત્યારપછી પ્રાપ્તિનો કેફ, ઓળખાણનો કેફ દર્શાવતો 'વજેસિંહનો હોકો' સંવાદ બાળકોએ પ્રસ્તુત કર્યો. આ સંવાદ વિશે યોગીબાપા શું કહેતા? તે જણાવતાં સ્વામીશ્રી કહે, 'બે ગામના ધણી જેવો આપણને કેફ ન હોય, પ્રાપ્તિનો કેફ ન હોય તો આપણે શાસ્ત્રીજી મહારાજ ને ગુરુને સેવ્યા જ નથી. એટલે આવો કેફ હોવો જોઈએ કે કોણ પુરુષ મળ્યા છે!' ત્યારપછી આવી પ્રાપ્તિ જીવનભર સાચવવા સ્વામીશ્રીએ નિજહસ્તે લખ્યું, 'શ્રીજીમહારાજમાં અતિ દૃઢ વિશ્વાસ.'

આ તો થઈ સાચા ગુરુની વાત, પણ જો ખોટા ગુરુમાં ભરાઈ ગયા હોત તો કેવી દશા થાત તે દર્શાવતા 'સમાધિનો દંભ' સંવાદ રજૂ થયો. સંવાદના અંતે હવે તો આપણું અક્ષરધામ પાકું જ છે – તેવા દૃઢ વિશ્વાસ સાથે બાળકો અક્ષરધામના વિમાનનો પ્રવેશપત્ર લઈને આવ્યા. સ્વામીશ્રીએ તેના પર સહી કરી મહોર મારી દીધીઃ 'સૌનું અક્ષરધામ પાકું જ છે.' તેના આનંદમાં બાળકોએ *'આજ મળી મોટી વાત...'* પ્રાપ્તિગીત પર સુંદર ભક્તિનૃત્ય રજૂ કર્યું.

**રક્ષાબંધન :**

તા. ૨૬-૮-૨૦૧૮ના રોજ ઊજવાયેલું પવિત્ર રક્ષાબંધન પર્વ સૌ માટે વિશેષ સ્મરણીય બની રહ્યું હતું, કારણ કે તિથિ પ્રમાણે આજે સ્વામીશ્રી બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે બિરાજ્યા હતા. આજે તેને બરાબર બે વર્ષ પૂર્ણ થતાં સૌને હૈયે અનેરો આનંદ અને ઉત્સાહ હતો. આ પ્રસંગે ગુરુહરિનાં દર્શન કરવા માટે ઊમટેલા દેશ-વિદેશના હજારો હરિભક્તોને સ્વામીશ્રીએ દર્શન-આશિષ અર્પ્યા.

પ્રાતઃ પૂજા બાદ સ્વામીશ્રીએ પ્રેમથી શ્રી હરિકૃષ્ણ મહારાજના કાંડે રાખડી બાંધી. પછી આત્મસ્વરૂપદાસ સ્વામી, ભાગ્યસેતુદાસ સ્વામી અને અન્ય સંતોએ સૌ સંતો-હરિભક્તો

વતી સ્વામીશ્રીના કાંડે રક્ષાસૂત્ર બાંધ્યું. સૌને નવીન અને સ્મૃતિદાયક દર્શન થયાં. 'ગઈકાલે સ્વામીશ્રી દ્વારા પ્રસાદીભૂત થયેલી રાખડીઓ સંતો સૌ હરિભક્તોને બાંધશે' તેવી જાહેરાત થતાં સ્વામીશ્રીએ તરત જ અદ્‌ભુત વાક્યો કહ્યાં: 'સંતો તમને રાખડી બાંધવાના છે તે મેં બાંધી છે એમ જ સમજજો. ખરેખર બધા પ્રેમથી હાથ ધરજો. રાખડી બંધાવજો.' સૌએ તાળીઓના ગડગડાટથી ગુરુના વચનને ઝીલી લીધું.

વળી, આજે વહેલી સવારે ૫૦૦થી વધુ ભૂદેવો અને બ્રાહ્મણ બટુકોએ ગુરુહરિના પાવન સાંનિધ્યમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે જનોઈ પરિવર્તિત કરી હતી. નૂતન જનોઈ લેનાર બ્રાહ્મણ બટુકોને સ્વામીશ્રીના આશિષનો લાભ મળ્યો હતો.

આજના દિનની સંધ્યાસભામાં બાળ-યુવાવૃંદે પ્રહ્‌લાદની રક્ષા થઈ તે પ્રસંગ 'ભક્ત પ્રહ્‌લાદ' નૃત્ય-નાટિકામાંથી રજૂ કર્યો હતો.

હવે પછીનો આખોય કાર્યક્રમ 'ભગવાન તો પોતાના ભક્તની રક્ષા કરવામાં જ બેઠા છે...' તે સ્વામીની વાતના આધારે હતો. સ્વામીની વાતના આધારે ચાર વિભાગોના મનન સાથે સમજૂતી આપવામાં આવી હતી ને પછી તેને અનુરૂપ શ્રીજીમહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને અત્યારે મહંત સ્વામી મહારાજ આપણી રક્ષા કેવી રીતે કરી રહ્યા છે, તેના સુંદર પ્રસંગોની પ્રસ્તુતિ થઈ હતી.

અંતમાં આશિષ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: ''ભગવાન બધી રીતે રક્ષા કરે છે. કેટલાયે પરચા થાય છે પણ મૂળ રક્ષા તો ઇન્દ્રિયો-અંતઃકરણથી છે. માટે આપણે ભગવાનની આજ્ઞામાં રહેવું. તેમાં વિશેષ સલામતી.

ભગવાનનો દૃઢ આશરો રાખે તે સુરક્ષિત. તેને કોઈ પ્રશ્ન ન રહે. પણ તે આશરામાં કંઈ પોલ ન હોવી જોઈએ. એટલે અવળાઈ કરવી નહીં. દૃઢતા રાખી નિયમ પાળવા ને સાથે દૃઢ આશરો હોય તો ભગવાન રક્ષામાં જ છે. ચિંતા રહિત થઈને ભગવાન જે કરે છે તે સારું જ કરે છે, એવી દૃઢતા રાખવી.''

## ■ વૈરાગ્ય પર્વ

તા. ૨૭ અને ૨૮ ઑગસ્ટ, ૨૦૧૮ દરમ્યાન યોજાયેલા 'વૈરાગ્ય પર્વ'ના પ્રથમ ચરણરૂપે 'સત્સંગ દિન' ઊજવાયો હતો. સંધ્યા સમયે યોજાયેલી સત્સંગ દિનની સભાના મુખ્ય કાર્યક્રમ રૂપે ત્યાગવત્સલદાસ સ્વામી લિખિત 'લ્યો આ કંઠી!' સંવાદ રજૂ થયો હતો. જેમાં આપણે સત્સંગમાં કેવી કેવી અપેક્ષાઓ રાખીએ છીએ, તેનાથી કેવાં દૃશ્યો સર્જાય છે? તે અદ્દલ રજૂ થયું.

સંવાદને કેન્દ્રમાં રાખીને આશીર્વચન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''સત્સંગમાં ખપ વિના બધું અધૂરું છે. ખપ હોય એટલી સ્થિતિ થાય, બ્રહ્મરૂપ થવાય. ખપથી બધું ટળી જાય છે. દેહાભિમાન મૂકો તો દૃષ્ટિ જ બદલાઈ જાય, બધાના ગુણ ગ્રહણ થાય ને સત્સંગની વાત પછી જ સમજાય. દેહાભિમાનની વાત તમને ખીલાની જેમ ખૂંચ્યા જ કરે. તે નીકળી ગયા પછી સુખ-શાંતિ થાય ને નિરાંતે સત્સંગ કરી શકીએ ને સત્સંગમાં ખૂબ આનંદ આવે.''

**સંયમ દિન :** આજના દિનને અનુરૂપ સભામાં 'शिवाजी के दो राज़' સંવાદ રજૂ થયો. વર્તમાનકાળે સંયમની સૌથી વધુ જરૂર સોશિયલ મીડિયાના ઉપયોગમાં રાખવાની છે. તેનો સંદેશ આપતી ચર્ચાસભા 'સોશિયલ મીડિયા આશિષ કે અભિશાપ' રજૂ થઈ.

અંતમાં ચર્ચાસભાના અનુસંધાનમાં



આશિષ અર્પતાં ગુરુહરિએ કહ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે કહ્યું છે કે 'ટૅક્નોલોજી વિવેકથી વાપરો તો આશીર્વાદ, નહીં તો અભિશાપ.' આ તદ્દન સાચી વાત છે.

ટૂંકમાં ગમે તેવો હોય, સત્સંગી હોય, એકાંતિક જેવો હોય તોપણ વિવેક ચૂકે તો પડતી થાય. માટે જેમ બને તેમ ઓછું વાપરવું. પણ જમાનો એવો છે કે વાપરવું જ પડે. ન વાપરીએ તોય ગેરફાયદા છે. સત્સંગની ભાષામાં આ કુસંગ જ છે. બહુ સાવધાનીથી વાપરવું પડે. મોબાઈલ ન વાપરે તો ડબલ આગળ આવે, પણ વાપરવું પડે તો બહુ વિવેકથી. એના માટે દૃઢ સત્સંગ રાખવો, ફાસફૂસિયું નહીં, નહીં તો ચક્કરમાં આવી જ જવાય. પણ 'મારે સત્સંગ કરીને એકાંતિક થવું છે, બ્રહ્મચર્ય પાળવું છે, ભગવાન રાખવા છે, ભગવાનનો રાજીપો લેવો છે' એવું મનમાં હોય તો સલામતી રહે, સત્સંગ તમારી રક્ષા કરે.''

## ■ ભક્તિ પર્વ

તા. ૨૯ ઑગસ્ટથી ૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન 'ભક્તિ પર્વ' યોજાયું હતું. આ પર્વની અંતર્ગત સ્વામીશ્રી ૫૦૦થીય વધુ બાળકો અને નવા મુમુક્ષુઓને સમૂહ વર્તમાન ધરાવી, તેઓને સત્સંગ-ભક્તિનો માર્ગ ચીંધી 'ઘરસભા દિન'ની સભામાં પધાર્યા.

આજના દિનને અનુરૂપ એક વીડિયો શૉમાં દર્શાવવામાં આવ્યું કે, 'ભૂકંપ જેવી કુદરતી આફતોથી તબાહ થયેલાં કુટુંબો, ગામો, શહેરો પુનઃ વસી ગયાં, પણ કરોડો કુટુંબોમાં જે સંસ્કારકંપ ચાલે છે, તેનાથી કુટુંબોને સુરક્ષિત રાખવા, સ્થિર કરવા પ્રમુખસ્વામી મહારાજે ઘરસભા આપી.' ત્યારપછી ઘરસભાથી કેવાં કેવાં સુંદર પરિણામો મળ્યાં તેના સ્વાનુભવો હરિભક્તોએ રજૂ કર્યા. એક નાની નાટિકા દ્વારા દર્શાવવામાં આવ્યું કે ઘરસભાથી પ્રમુખસ્વામી મહારાજે જ જાણે પધરામણી કરી ને પરિવર્તનનો પવન ફૂંકાયો. પરિણામ સ્વરૂપે સળગતું ઘર નંદનવન બની ગયું.

હવે, પ્રશ્નોત્તરી આરંભાઈ. તેમાં 'ઘરસભા' સંબંધી પુછાયેલા પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન આપતાં સ્વામીશ્રી કહે, ''ઘરસભાનો મહિમા આપણે સમજીએ અને ઘરના સભ્યોનેય સમજાવીએ. તેમના પ્રશ્નનો ઉકેલ આવે તે રીતે મહિમા સમજાવવો. સમજણ પાડીએ તો તે ઘરસભા કરતા થઈ જાય. એકવાર ઘરસભામાં ઊંડા ઊતરે પછી ફાયદો જ દેખાય. તાત્કાલિક ન દેખાય, પણ સેટિંગ થાય પછી પ્રશ્નોનું સમાધાન થઈ જાય. અત્યારે ઘરમાં પ્રશ્ન ન હોય પણ આ ઍડવાન્સ બુકિંગ છે. મહિમા સમજાય તો ઘરસભા થાય જ. અને ઘરસભા થાય તો પરમેનન્ટ પ્રશ્ન હોય તે પણ ઊકલી જાય.

ઘરસભાથી સભ્યોમાં સમજણરૂપી, સંસ્કારરૂપી ધન આવે છે. સ્વામીબાપા શાંતિના દૂત એટલે સંસ્કારની રીતે તેઓની વાતો અબજો રૂપિયા છે. ને જે ઘરસભાની આજ્ઞા પાળે છે તેને તેઓ ડોનેટ કરે છે. ગમે ત્યારે પ્રશ્ન આવીને ઊભો રહે. ઘરસભાથી એવી રીતની સમજણ ઊભી થાય કે બધાં સુરક્ષિત રહે. ઘરસભામાં ધીરજ અને શ્રદ્ધા રાખવી પડે. આમાં ફાયદો છે છે ને છે.





# તીર્થધામ ચાણસદના વિકાસની ઘોષણાને વધાવતા મહંત સ્વામી મહારાજ

ચાણસદ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું પ્રાગટ્ય તીર્થ. પ્રમુખસ્વામી મહારાજની જન્મભૂમિની આ પવિત્ર ધરા પર તા. ૩૦-૮-૨૦૧૮ના રોજ સાંજે ૬-૪૫ વાગે તેઓના અનુગામી મહંત સ્વામી મહારાજ પધાર્યા ત્યારે ગુજરાત સરકાર દ્વારા ઘોષિત આ તીર્થધામના વિકાસની યોજનાને તેઓએ વધાવી હતી. યુવકો, બાળકો, ભક્તોએ ઢોલના ઢમકાર અને બી.એ.પી.એસ.ના ધ્વજ ફરકાવીને ભાવભીનું સ્વાગત કર્યું હતું.

સ્વામીશ્રીએ ગુરુહરિના જન્મસ્થાને ભાવપૂર્ણ નેત્રે ને પ્રાર્થનારત હૃદયે ગુરુહરિનાં દર્શન-આરતી કર્યાં ત્યારે ગુજરાતના આયોજનપંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિભાઈ અમીને સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

પ્રમુખસ્વામી મહારાજની અંતર્ધાન-તિથિએ તા. ૨૦ ઑગષ્ટના રોજ ગુજરાત સરકાર દ્વારા ચાણસદને તીર્થધામ તરીકે વિકસાવવાની ઘોષણા થઈ હતી. આજે પ્રમુખસ્વામી મહારાજના પ્રાકટ્ય તીર્થમાં તે વિકાસનાં કાર્યને નક્કર વેગ આપવા નરહરિભાઈ અને સાથીઓ ઉપસ્થિત હતા. તેઓએ સ્વામીશ્રીને સમગ્ર આયોજન વિગતવાર સમજાવ્યું. સ્વામીશ્રીએ પ્રસન્નતાપૂર્વક તમામ અધિકારીઓ, ડિઝાઈનરો અને સહાયકોને ખૂબ આશીર્વાદ અર્પ્યા. સ્વામીશ્રીએ આ યોજના તથા વિવિધ શુભસંકલ્પોની પરિપૂર્તિ માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી.

બાદ સ્થાનિક બી.એ.પી.એસ. મંદિરે પધારીને સભામાં લાભ આપ્યો. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સરકારશ્રી દ્વારા થયેલી વિકાસની યોજના બદલ આભાર વ્યક્ત કર્યો. આત્મસ્વરૂપદાસ સ્વામીએ પણ ભાવોર્મિઓ રજૂ કરી.

આ અવસરે શ્રી નરહરિભાઈ અમીને આ તીર્થધામના વિકાસની યોજનાનો ઘોષણાપત્ર શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કર્યો. ત્યારપછી ભાવોર્મિઓ વહાવતાં કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજના જન્મસ્થળે રાજ્ય સરકાર દ્વારા યાત્રાધામનું નિર્માણ થાય, દેશ-પરદેશથી હરિભક્તો અહીં આવે અને ખાલી સંપ્રદાયના જ નહીં, વિશ્વના તમામ લોકો પ્રમુખસ્વામી મહારાજનું જીવન નિહાળે, તેનો લાભ લે તે માટે આ આયોજન કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદને કારણે જ હું ક્યાંય પાછો પડ્યો નથી. આજે મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પણ મને મળ્યા. તેમણે મારો હાથ પકડ્યો, અને મને ધ્રુજારી ઊઠી કે પ્રમુખસ્વામી મહારાજ જેમ ધબ્બો મારતા, તેમ મહંત સ્વામી મહારાજે મારો હાથ પકડ્યો ને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થતાં હોય તેવાં દર્શન આજે મને થયાં. મારું જીવન ધન્ય થઈ ગયું.'

સ્વામીશ્રીએ કહ્યું: 'મને તો ચાણસદ આવવાનું નક્કી થયું તે વખતે જ શાંતિ થઈ ગઈ ને ગામમાં પ્રવેશ થયો એટલે હૃદયમાં ઠંડું થઈ ગયું! સરકારની મદદથી આ સ્થાન ભવ્ય અને દિવ્ય થશે, ઑર્ડિનરી નહીં. ગામના લોકો સ્વાગત કરતાં થાકશે એટલા હરિભક્તો દેશ-પરદેશથી આવ્યા જ કરશે. અહીં દિવ્યતા છે. પ્રમુખસ્વામી મહારાજ શાંતિનું ધામ છે. એટલે અહીં જે આવશે એને શાંતિનો અનુભવ થશે. દિવસે દિવસે બાપાનો મહિમા એટલો બધો પ્રસરશે ને ખ્યાલ આવશે કે બાપા શું હતા! સરકારની મદદથી સગવડ-સુવિધા થશે ને બધાને શાંતિ મળશે.' આ દિવ્ય સ્થાનમાં દિવ્યાનુભૂતિ કરાવીને સ્વામીશ્રી પુનઃ અટલાદરા પધાર્યા.




ઘરસભામાં બાળકોને જે ગમતો હોય તે વિષય તેવી રીતે લેવો. તેવી રીતે કથા કરવી. રસના વિષયથી શરૂઆત કરવી. પછી લાઈનમાં આવી જાય. ઘરસભાની એન્ટ્રી થાય તો મહિને બે મહિને છ મહિને બધું બદલાઈ જાય. કોઈને પ્રશ્ન રહે જ નહીં.''

**દાસત્વ દિન :** સ્વામીશ્રીના મનગમતા 'દાસભાવ' વિષય પર સંધ્યા સમયે યોજાયેલી 'દાસત્વ દિન'ની સભાના મુખ્ય કાર્યક્રમ રૂપે એક સંવાદ રજૂ થયો. જેમાં, ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના અટલાદરા મંદિરમાં જ બનેલા દાસભાવના પ્રસંગો રજૂ થયા. જેમાં, 'હરિભક્તો માટે સ્વામીબાપા માલપૂઆ લેવા ગયા તો રસોયાએ ખખડાવી માલપૂઆ મુકાવી દીધા; શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલા વખતે સ્વામીબાપાનો વાંક ન હોવા છતાં જૂના હરિભક્તોએ ખખડાવ્યા; સ્વામીબાપાએ 'વડીલોને કહેવાનો અધિકાર છે' એવી ભાવના સાથે તેય સહન કર્યું. સંસ્થાના પ્રમુખ હોવા છતાં રાત્રે, આખી ગાદલાં ભરેલી ટ્રક ખાલી કરી.' પ્રસંગોની સાથે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો મહિમા પણ વણી લેવામાં આવ્યો હતો કે આટલી મોટી સંસ્થાના પ્રમુખ હોવા છતાં તેઓ કેવા દાસના દાસ થઈને વર્તે છે!

સંવાદના અંતે દાસત્વભાવનો મહિમા સ્વામીશ્રીએ આશીર્વાદમાં કહ્યો : 'દાસભાવે વર્ત્યા વિના અક્ષરધામમાં જવાશે જ નહીં, તે ફરજિયાત છે. આપણે દાસભાવે વર્તવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગો જોયા તે પ્રમાણે વર્તવું મુશ્કેલ છે. સ્વામીબાપાને કેવળ શાસ્ત્રીજી મહારાજને રાજી કરવાનું તાન હતું. આપણેય રાજી કરવા પ્રયત્ન કરીએ છીએ, પણ કેટલું બધું ઘૂસી જાય છે? ગડબડ થાય છે. સ્વામીબાપાનો એક જ પ્રસંગ લો ને આખી જિંદગી મનન કરો તો ઓછું છે. તેઓની જેમ એકે પ્રસંગ આપણે વર્તી ન શકીએ, પણ કરવું જ પડશે. અક્ષરધામમાં જવું હોય તો આવી રીતનો રાજીપો લેવો પડશે. બીજાને દાસપણે વર્તાવવાની આ વાત નથી, એ તો બાપપણું કહેવાય. મહિમા સમજીએ તો જ એવી વાણી નીકળે. 'જેને હું કહું છું, મારે એના દાસ થવાનું છે' એવા વિચારો કરવા. પ્રયત્ન કરીએ તો થાય એવું છે, પણ પ્રયત્ન કરવો પડે, અંતર્દૃષ્ટિ કરવી પડે.'

**જન્માષ્ટમી :** તા. ૧-૯-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઉજવાયેલો પ્રતીક જન્માષ્ટમી ઉત્સવ સૌ માટે વિશેષ સંભારણું બની રહ્યો હતો. જેમાં સંત પ્રવચનો તથા યુવાનૃત્ય દ્વારા સૌને કૃષ્ણજન્મોત્સવની વિશેષ અનુભૂતિ થઈ હતી.

આજના ઉત્સવને અનુરૂપ આપેલા આશીર્વાદ પછી સ્વામીશ્રી અને વડીલ સંતોએ મંચ પર ફૂલોથી સજાવેલા રજત હિંડોળામાં વિરાજમાન શ્રી હરિકૃષ્ણ મહારાજને આરતીથી અભિવંદિત કર્યા. આરતી બાદ સ્વામીશ્રીએ પ્રેમથી તેઓને હિંડોળે ઝુલાવી સૌને અલભ્ય સ્મૃતિ પ્રદાન કરી, સભામાંથી વિદાય લીધી.

તા. ૧૧-૮-૨૦૧૮ થી ૨-૯-૨૦૧૮ સુધી સ્વામીશ્રીએ અટલાદરા ખાતે સૌને સત્સંગ-ભક્તિરૂપી અધ્યાત્મવર્ષામાં ભીંજવી દીધા હતા. સતત બાવીસ દિવસ સુધી સૌને દર્શન-આશીર્વાદનું અપાર સુખ આપી, સૌને બ્રહ્માનંદમાં રાચતા કરી સ્વામીશ્રી શ્રીનગર (અમદાવાદ) પધાર્યા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - દેશનાં કેન્દ્રોનું પરિણામ - જુલાઈ ૨૦૧૮

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પ્રતિ વર્ષ સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ યોજાય છે. દેશ-વિદેશનાં કેન્દ્રોમાં લેવાતી આ પરીક્ષાઓ દ્વારા હજારો આબાલવૃદ્ધો ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો તથા સંપ્રદાયની ઉપાસનાનું પાયાનું જ્ઞાન અને સંસ્કાર મેળવે છે.

સન ૨૦૧૮ના વર્ષમાં જુલાઈ માસમાં લેવાયેલી પરીક્ષા અંતર્ગત દેશનાં **૫૦૫** પરીક્ષા કેન્દ્રોમાં હરિભક્તો માટેની સત્સંગ પ્રારંભ પરીક્ષાથી માંડીને અનુસ્નાતક કક્ષાની પ્રાજ્ઞ તૃતીય ખંડ સુધીની ૭ પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં **૧૯,૫૦૭** પરીક્ષાર્થીઓ બેઠા હતા. તેમાંથી કુલ **૪૩.૬૩** ટકા પરિણામ સાથે **૮,૫૧૦** પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

– **પરીક્ષા વ્યવસ્થાપક**

## પારિતોષિક વિજેતાઓની યાદી

**સંત તાલીમ કેન્દ્ર (સારંગપુર)**

**સત્સંગ પ્રવીણ➤** ૧. સાધુ ગુણાતીતમુનિદાસ - ૧૭૮ ગુણ

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| | **સત્સંગ પ્રારંભ** | | |
| ૧. | પંડ્યા ચંદનબેન દિશાંતભાઈ | ૯૯ | પ્રમુખનગર, ગાંધીનગર |
| ૧. | પટેલ ભાવિકાબેન અંકિતકુમાર | ૯૯ | સેક્ટર-૨૬, ગાંધીનગર |
| ૨. | રાવલ સાધના હરિકૃષ્ણભાઈ | ૯૮ | પ્રમુખનગર, ગાંધીનગર |
| ૨. | બારોટ મિલન ઘનશ્યામભાઈ | ૯૮ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૩. | પટેલ પલકબેન જિજ્ઞેશકુમાર | ૯૭ | સેક્ટર-૨૨, ગાંધીનગર |
| ૩. | કતબા સ્વાતિ અંકિત | ૯૭ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૩. | પરમાર રીનાબેન હીરેનભાઈ | ૯૭ | મીરા રોડ, મુંબઈ |
| ૪. | પંડ્યા જલ્પાબેન અર્ચિષ્માન | ૯૬ | રાજપીપળા |
| ૪. | કેવડિયા જસ્મીન ચંદુભાઈ | ૯૬ | અક્ષરવાડી, સુરત |
| ૪. | વેકરિયા હીરલબેન શૈલેશભાઈ | ૯૬ | એ.જી.સોસાયટી, રાજકોટ |
| ૪. | પંચાલ જગદીશકુમાર માધવલાલ | ૯૬ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૪. | રામાણી આરતીબેન જીવનભાઈ | ૯૬ | મોવિયા |
| ૪. | પટેલ માહી નિલેશભાઈ | ૯૬ | કતારગામ, સુરત |
| ૫. | મોદી ધવલકુમાર ચંદુલાલ | ૯૫ | મહેસાણા |
| ૫. | પરમાર જયેશભાઈ ગંગારામભાઈ | ૯૫ | આશાદીપ સ્કૂલ, સુરત |
| | **સત્સંગ પ્રવેશ** | | |
| ૧. | સુથાર મહેશ ઈશ્વરભાઈ | ૧૪૭ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૨. | રાણા મનિષાબેન દીપકભાઈ | ૧૪૫ | મીરા રોડ, મુંબઈ |
| ૩. | પટેલ દીપિકાબેન ગુણાતીતભાઈ | ૧૪૨ | બોરીવલી(વેસ્ટ), મુંબઈ |
| ૪. | કોવાડિયા વિશાલ ઝવેરભાઈ | ૧૪૧ | મીરા રોડ, મુંબઈ |
| ૫. | રૈયાણી નિશાબેન જયેશભાઈ | ૧૩૮ | બોરીવલી(વેસ્ટ), મુંબઈ |
| | **સત્સંગ પરિચય** | | |
| ૧. | રોહિત નગીનભાઈ પરસોત્તમભાઈ | ૧૪૨ | નારાયણકુંજ, ભરૂચ |
| ૨. | પટેલ શૈલેશભાઈ મનુભાઈ | ૧૩૯ | અક્ષર મંદિર, ગોંડલ |
| ૨. | ઇટાળિયા હિતેશકુમાર ઠાકરશીભાઈ | ૧૩૯ | મીરા રોડ, મુંબઈ |
| ૩. | પટેલ કૃપા ભરતભાઈ | ૧૩૭ | બાપુનગર, અમદાવાદ |
| ૩. | અડાલજા જલ્પાબેન ચિરાગભાઈ | ૧૩૭ | માનસનગર, ભરૂચ |
| ૪. | રાઠોડ હેમલસિંહ પ્રતાપસિંહ | ૧૩૬ | શિયાબાગ, વડોદરા |
| ૫. | ચૌહાણ હેતલબેન મેહુલભાઈ | ૧૩૪ | અક્ષર મંદિર, ગોંડલ |
| | **સત્સંગ પ્રવીણ** | | |
| ૧. | પટેલ ભાવિશા દિવ્યેશકુમાર | ૧૭૮ | ગુડગાંવ, ઉત્તર ભારત |
| ૨. | જાડેજા જયજિતસિંહ મહેન્દ્રસિંહ | ૧૭૬ | મોવિયા |
| ૩. | પટેલ દક્ષા ચંદ્રકાન્ત | ૧૭૩ | સેક્ટર-૨૬, ગાંધીનગર |
| ૪. | પટેલ ગાયત્રીબેન ઉમેશભાઈ | ૧૭૧ | કરમાડ, જંબુસર |
| ૫. | પટેલ અલ્પાબેન જિતેન્દ્રકુમાર | ૧૬૯ | મહેસાણા |
| | **સત્સંગ પ્રાજ્ઞ - ૧** | | |
| ૧. | જાની મીનાબેન સુરેશભાઈ | ૧૭૮ | માંજલપુર, વડોદરા |
| ૨. | પટેલ ગીતાબેન શૈલેશભાઈ | ૧૬૫ | અક્ષર મંદિર, ગોંડલ |
| ૩. | શાહ નીપાબેન પરેશભાઈ | ૧૬૩ | કાંદીવલી(વેસ્ટ), મુંબઈ |
| ૪. | ચોટલિયા મયૂરીબેન જૈમિનભાઈ | ૧૬૧ | રાંદેર, સુરત |
| ૫. | પટેલ ઊર્વીબેન તુષારભાઈ | ૧૫૯ | છાણીજકાતનાકા, વડોદરા |
| | **સત્સંગ પ્રાજ્ઞ - ૨** | | |
| ૧. | ઠક્કર પ્રફુલ્લા મયૂરભાઈ | ૧૭૦ | મુલુંડ, મુંબઈ |
| ૨. | પટેલ પરિમલભાઈ નગીનભાઈ | ૧૬૮ | પ્રમુખસ્વામીનગર,વડોદરા |
| ૩. | માંડાણી નયનાબેન સંજયભાઈ | ૧૬૬ | અક્ષરવાડી, સુરત |
| ૪. | પંડ્યા કલ્પનાબેન ભાવેશભાઈ | ૧૬૫ | મીરા રોડ, મુંબઈ |
| ૫. | વિરડિયા ગીતાબેન રમેશભાઈ | ૧૬૩ | લક્ષ્મીનગર, રાજકોટ |
| | **સત્સંગ પ્રાજ્ઞ - ૩** | | |
| ૧. | કોન્ટ્રાક્ટર ડૉ. વૈશાલી હીરેનકુમાર | ૧૬૫ | કૉલેજ રોડ, નડિયાદ |
| ૨. | પટેલ કામિની કિરણભાઈ | ૧૬૨ | નવા નરોડા, અમદાવાદ |
| ૩. | માંગુકિયા હિતેષભાઈ વશરામભાઈ | ૧૫૮ | મીરા રોડ, મુંબઈ |
| ૪. | કોન્ટ્રાક્ટર ડૉ. હીરેનભાઈ નટવરલાલ | ૧૫૦ | કૉલેજ રોડ, નડિયાદ |
| ૫. | પટેલ તેજલબેન નિમેષભાઈ | ૧૪૭ | કૃષ્ણનગર, અમદાવાદ |

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ પરથી) જેટલો સમાસ થાય છે એટલો જ ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી થાય છે.'

વરતાલ ગાદીના આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીનો સત્સંગ-સમાગમ કરવા નિયમિત જૂનાગઢ જતા. સન ૧૮૬૨માં તેઓ પોતાના માન-અકરામ, મરતબો છોડીને તીર્થવાસી થઈને જૂનાગઢ આવ્યા હતા. એક વાર ભગવાન સ્વામિનારાયણની દિવ્યતા અને ઉપાસનાની અદ્‌ભુત વાતો ગુણાતીતાનંદ સ્વામીએ કરી. તે વખતે રઘુવીરજી મહારાજ બોલેલા: 'સ્વામી! આજે તમે મુદ્દાની વાતો કરી. અનંત જન્મોની કસર ટાળીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવે એવી આ વાતો છે.'

આ રીતે ગુણાતીતાનંદ સ્વામીની વાતો જે કોઈ સાંભળતા તેને ભગવાન સ્વામિનારાયણનો મહિમા અને તેઓના ઉપદેશનું મૂલ્ય સમજાતા.

## વચનામૃત પરનું શ્રેષ્ઠ ભાષ્ય

ભગવાન સ્વામિનારાયણ પરબ્રહ્મ અને ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે. તેઓ અનાદિકાળથી માયા પર છે. તેથી જ વચનામૃતમાં રહેલા ભગવાન સ્વામિનારાયણના ઉપદેશોને યથાર્થરૂપમાં ગુણાતીતાનંદ સ્વામી જ સમજાવી શકે એમ છે. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતોમાં વચનામૃતના સાર-સંદેશને અતિ સરળતાથી શ્રેષ્ઠ મર્મ સાથે સમજાવ્યો છે. તેથી સંપ્રદાયમાં સ્વામીની વાતો એ વચનામૃત પરનું શ્રેષ્ઠ ભાષ્ય ગણાય છે. સામાન્ય તથા કોઈ પણ શાસ્ત્ર પરનું ભાષ્ય નીચેની વિગતોનું સરળ અને ઉપયોગી દિગ્દર્શન કરતું હોવું જોઈએ: (૧) મૂળ શાસ્ત્રોના અઘરા શબ્દોના સરળ અર્થ, (૨) ગર્ભિત વાતોની સ્પષ્ટતા, (૩) વિસ્તૃત વર્ણનનો સાર, (૪) ગહન વાતોનો સંક્ષેપમાં સંદેશ અને (૫) ગૂઢ ઉપદેશોનો શાસ્ત્રીય મર્મ. આ બધા જ દૃષ્ટિકોણથી સ્વામીની વાતોને વચનામૃત પરનું ભાષ્ય કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

## વચનામૃત આધારિત વાતો

જ્યારે સ્વામી ઉપદેશ આપતા ત્યારે મહદ્ અંશે તેઓ વચનામૃત વંચાવતા અને ત્યારબાદ તેના આધારે સમજૂતી આપતા. સ્વામીની વાતોના પ્રથમ ભાગનાં સાત પ્રકરણોમાં લગભગ ૮૦ વાતો એવી છે જે સ્પષ્ટપણે દર્શાવે છે કે સ્વામી અમુક વચનામૃત વંચાવ્યા પછી તે પર વાત કરી રહ્યા છે. તે વાતોમાં જે તે વચનામૃતના સિદ્ધાંતો અને મર્મને સ્વામીએ સંક્ષેપમાં સમજાવ્યા છે. સંબંધિત વચનામૃતમાંથી મુખ્ય મુદ્દો શું સમજવાનો છે તે તેઓએ સ્પષ્ટતાથી કહ્યું છે. ચાલો, એવી કેટલીક વાતોના નમૂના જોઈએ.

- *છેલ્લા પ્રકરણનું તેરમું વચનામૃત વંચાવીને તેમાં, દેશકાળનું બહુ પ્રકારે વિષમપણું થઈ જાય ને તેમાં એકાંતિકપણું કેમ રહે? એ પ્રશ્ન ઉપર વાત કરી જે, 'નિશ્ચય રહે એ જ એકાંતિકપણું છે અને એ જ રહેવાનું. તે જેમ ચિંતામણિ રહી ને બીજું ધન સર્વે ગયું પણ કાંઈ ગયું નથી ને ચિંતામણિ ગઈ ને બીજું ધન સર્વે રહ્યું તોપણ કાંઈ રહ્યું નહીં; તેમ જ એક નિશ્ચય રહ્યો તો સર્વે રહ્યું ને અંતે એ જ રહેવાનું છે.' (સ્વામીની વાત: ૧/૨૦૩)*
- *મધ્ય પ્રકરણનું નવમું વચનામૃત વાંચવાની આજ્ઞા કરીને બોલ્યા જે, 'આ વચનામૃતમાં કહ્યું છે તેમ મહારાજને પુરુષોત્તમ જાણશે ને સત્સંગમાંથી નીકળી જાશે તોપણ અક્ષરધામમાં જાશે; ને સત્સંગમાં રહેતો હશે ને ધર્મ પાળતો હશે ને ઊર્ધ્વરેતા હશે, પણ મહારાજને પુરુષોત્તમ નહીં જાણે તો બીજા લોકમાં જાશે.' (સ્વામીની વાત: ૫/૩૦૪)*
- *કારિયાણીનું સાતમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'નિશ્ચય છે એ જ આત્યંતિક કલ્યાણ છે, ને નિશ્ચય છે એ જ સિદ્ધદશા છે, અને દેખવાનું કહ્યું છે તે પણ જ્ઞાને સહિત જાણવું તેને જ કહ્યું છે, ને તે વિના તો દેખાય છે તોપણ ન્યૂન છે.' (સ્વામીની વાત: ૧/૩૦૮)*
- *વળી, વજ્રની ખીલીનું વચનામૃત વંચાવતી વખતે વાત કરી જે, ખીલી બે પ્રકારની સમજવી. એક તો ત્રિભુવનવિભવહેતવેપ્યકુંઠ, એટલે અખંડ ભગવાનની સ્મૃતિ કરે. ને બીજો પ્રકાર તો નિષ્ઠા છે. તે સ્મૃતિ તો થાય કે ન થાય પણ નિષ્ઠા ફરે નહીં ને નિષ્ઠા થકી ત્રિભુવનવિભવહેતવેપ્યકુંઠની સ્થિતિ થઈ છે, માટે એ ઠીક છે; ને આપણામાં બહુધા તો નિષ્ઠાની સ્થિતિની ખીલી છે.' (સ્વામીની વાત: ૪/૧)*
- *મધ્યના તેરના વચનામૃતમાં કહ્યું છે તેમ સમજે ત્યારે છૂટકો છે ને બીજું તો હાથ-પગ કહેવાય ને આ તો માથું કહેવાય.[૧] માટે આ કહ્યું તેમ સમજવું. તે સારુ એવી રુચિવાળા ગુરુ કરવા ને એવાં જ શાસ્ત્ર વાંચવાં, એમ કરીને સિદ્ધ કરવું.' (સ્વામીની વાત: ૬/૨૩૩)*
- *મધ્યનું અગિયારમું વચનામૃત વંચાવીને વાત કરી જે, ગૃહસ્થમાત્ર આ વચનામૃત સમજે તો અંતરે શાંતિ રહે ને આ વાત અટપટી છે.' ત્યાં દૃષ્ટાંત દીધું જે, 'ભોગાવાની રેતીમાં ચૈત્ર મહિનાના તાપમાં ઢૂંઢિયો બેઠો હોય તેને*

૧. ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન તે હાથપગ કપાયા જેવું છે, પરંતુ ભગવાનમાં મનુષ્યભાવ પરઠવો તે માથું કપાવા જેવું છે. અર્થાત્ આધ્યાત્મિક દૃષ્ટિએ તે મરણતોલ છે.

દેખીને એમ જાણે જે, આનું કલ્યાણ થાશે; પણ એનું કલ્યાણ નહીં થાય, ને ગૃહસ્થ હોય તેને બાયડી હોય, આઠ છોકરાં હોય, સોળ હળ હોય, સોળ ભેંશું હોય, એ આદિક હોય, તેને દેખીને એમ જાણે જે, આનું કલ્યાણ નહીં થાય; પણ તેને ભગવાન મળ્યા છે તો એ બધાયનો મોક્ષ થાશે. આ વાત તો જેમ કોઈકને ઘી ખાધાથી રોગ થયો હોય ને પાછો ઘી ખવરાવીને મટાડે તેવી છે. તે બીજાને સમજાય નહીં, મહારાજને જ સમજાય, ને એ પ્રશ્નનો ઉત્તર પણ મહારાજથી જ થાય, બીજાથી થાય નહીં. એના એ રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણ તેથી નર્કમાં જવાય ને એના એ ગુણથી મોક્ષ થાય. તે ઉપર શ્લોક બોલ્યા જે, આમયો યેન ભૂતાનાં ॥'[૨] (સ્વામીની વાત: ૪/૬૦)

- સારંગપુરનું અગિયારમું વચનામૃત વંચાવતી વખતે કોઈક હરિભક્તે પૂછ્યું જે, 'મૃત્યુ આડી ઘડી હોય ત્યારે ભગવાનમાં શી રીતે જોડાવાય?' ત્યાર સ્વામી બોલ્યા જે, 'એને ભગવાનમાં જોડાવાની રુચિ હોય ને દેહનો અંત આવી જાય તો ભગવાન ને સાધુ તેની મદદ કરે, રક્ષા કરે, તેથી ભગવાન વિષે જોડાઈ જવાય. માટે રુચિ સારી રાખવી.' (સ્વામીની વાત: ૪/૪૪)
- પંચાળાનું સાતમું વચનામૃત વંચાવીને સ્વામીએ વાત કરી જે, 'આ પ્રગટ ભગવાનને નિર્દોષ સમજ્યેથી કાંઈ કરવું બાકી રહેતું નથી. ને ચમત્કાર જણાય તો શેખજીની પેઠે જીરવાય નહીં, ગાંડું થઈ જવાય. માટે કસર જેવું રાખ્યું છે. ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે ને દોષ જણાય છે તે તત્ત્વના દોષ છે ને નિર્દોષ તો એક ભગવાન જ છે. ને દેશકાળ તો ભગવાનને ન લાગે, જીવને તો લાગે; કારણ કે પ્રારબ્ધ કર્મે દેહ છે તે ખોટા પ્રારબ્ધનો થર આવે ત્યારે દેશકાળ લાગે પણ ઉપાસ્ય મૂર્તિને નિર્દોષ સમજ્યાથી, એ દોષે રહિત થઈ રહ્યો છે.' (સ્વામીની વાત: ૫/૧૨૪)
- પ્રથમનું ચોપનમું વચનામૃત વંચાવીને બોલ્યા જે, 'અહો! આ વચનામૃત તો દિવસ બધો જાણે સાંભળ્યા કરીએ તોપણ તૃપ્ત ન થાઈએ. જુઓને! માંહી મોક્ષનું દ્વાર જ બતાવી દીધું ને જ્ઞાન પણ બતાવી દીધું છે.' એમ કહીને ત્રણ વાર વંચાવ્યું ને કહ્યું જે, 'જેનાં કર્મ ફૂટ્યાં હોય તેને આ વાત ન સમજાય, તેને તો મૂળ મોટાપુરુષ એ જ શત્રુ જેવા જણાય છે. એ વિપરીત જ્ઞાન કે'વાય. માટે હવે તો સાધુને જ વળગી જાવું.' (સ્વામીની વાત: ૬/૨૦૯)

ઘણી વાતોમાં સ્વામીએ વચનામૃતના ગૂઢ ઉપદેશોનું રહસ્ય સપાટી પર લાવીને સરળ ભાષામાં સમજાવ્યું છે. આથી અધિક, ઘણી વાતોમાં તેઓએ વચનામૃતના સંદર્ભો આપીને તેનું મર્મસભર વિવરણ આપ્યું છે.

## વચનામૃતના સિદ્ધાંત સમજાવતી વાતો

સ્વામીની ઘણી વાતોમાં વચનામૃતના સ્પષ્ટ સંદર્ભો જોવા નથી મળતા, છતાં ઘણાં વચનામૃતના ગહન ઉપદેશો અને મર્મનું ઇંગિત તે વાતોમાં અવશ્ય જણાય છે. ઉદાહરણરૂપે,

- 'સર્વ કરતાં ઉપાસના સમજવી એ મોટું સાધન છે ને સર્વમાં ઉપાસના મુખ્ય બળવાન છે. તે સર્વોપરી ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ મહારાજને સમજવા, એક તો એ સમજવાનું છે. ને બીજું ભગવાનનું સ્વરૂપ સર્વ પ્રકારે નિર્દોષ સમજવું. તે 'સ્વરૂપનિર્ણય'માં કહ્યું છે એવી રીતે ભગવાનનું સ્વરૂપ સમજવું. તે બે વાત મુખ્યપણે અવશ્ય સમજવાની છે. બાકી ભગવાનનો મહિમા સમજવો તે તો સર્વમાં મુખ્ય છે, પણ મહિમા તો ઉપાસના તથા સ્વરૂપ સમજવામાં આવી જાય છે, ને મહિમા વતે સર્વ સાધન થાય છે, ને મહિમા સર્વ કરતાં બળવાન છે. તે શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે એમ સમજીને પોતાને બ્રહ્મરૂપ માનીને સ્મૃતિ રાખવી, એ કરવાનું છે. ને ઉપાસનાની વિક્તિ જે, જેવા મહારાજને સમજે તેવો પોતે થાય. મહારાજને શ્રીકૃષ્ણ જેવા સમજે તો ગોલોકને પામે, ને રામચંદ્રજી જેવા સમજે તો વૈકુંઠને પામે, ને વાસુદેવ જેવા જાણે તો શ્વેતદ્વીપને પામે, ને નરનારાયણ જેવા જાણે તો બદરિકાશ્રમને પામે; તે જેવા જાણે તેવો થાય, ને તેટલું ઐશ્વર્ય ને તેટલા સામર્થ્યને પામે, ને મહારાજને સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ સમજે તો અક્ષરધામને પામે. તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, 'જેવા ભગવાનને સમજે તેવો પોતે થાય છે ને ભગવાન તો અપાર ને અપાર રહે છે.' માટે ઉપાસના ચોખ્ખી સમજવી એ મુખ્ય સાધન છે.' (સ્વામીની વાત: ૨/૨) (વચનામૃત ગ.પ્ર. ૫૬, ૬૧, ગ.મ. ૩૫; ગ.અં. ૩૬)

વાતોમાં જે કહેવાયું છે તે વચનામૃતના ગૂઢાર્થ અને મર્મને જણાવનારું છે. સ્વામીની વાતો વાંચતાં કોઈને પણ

૨. હે સુવ્રત! શું જે ઘી ખાવાથી રોગ થયો હોય એ જ ઘી નિષ્ણાત વૈદની માત્રા સાથે લેવાથી રોગ નથી ટળતો? એ જ રીતે જે કર્મ જન્મ-મરણના હેતુરૂપ છે, તે જ કર્મ ભગવાનની પ્રસન્નતા માટે કરવામાં આવે તો તે મુક્તિના હેતુ બની જાય છે.
– શ્રીમદ્ભાગવત: ૧/૫/૩૩-૩૪.

વચનામૃતના ઉપદેશનો સાર સરળ ભાષામાં સમજાઈ જાય તેમ છે.

## વચનામૃતના ગૂઢાર્થની સ્પષ્ટ સમજૂતી

પોતાની ઘણી વાતોમાં ગુણાતીતાનંદ સ્વામીએ વચનામૃતના ગૂઢાર્થોનું રહસ્યોદ્‌ઘાટન કર્યું છે. ઉદાહરણરૂપે, વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે ઘણી વાર પ્રગટ ભગવાનની દૃઢ નિષ્ઠા અને તેઓ સાથે દૃઢ પ્રીતિની વાતો કરી છે. પ્રગટ ભગવાન વિષેની દૃઢ પ્રીતિનું મહત્ત્વ સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે:

- *પંચાળાના વચનામૃતમાં કહ્યું છે જે, 'જેમ જેમ ભગવાનનો સંબંધ રહે તેમ તેમ સુખ થાય છે; તે ભગવાન પરોક્ષ હોય ત્યારે કેમ સંબંધ રહે?' પછી ઉત્તર કર્યો જે, 'કથા, કીર્તન, વાર્તા, ભજન ને ધ્યાન તેણે કરીને સંબંધ કહેવાય. ને તે કરતાં પણ મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું સુખ આવે. કેમ જે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે. ને પ્રત્યક્ષ હતા ત્યારે પણ જેવા છે તેવા ન જાણ્યા તો સંબંધ ન કહેવાય ને એમ જાણ્યા વિના તો પ્રત્યક્ષ હોય તોપણ શું! ને તેમ જ જે સંતમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે તેને જાણે તો આજે પ્રત્યક્ષ છે ને એમ જાણ્યા વિના તો આજે પરોક્ષ છે.' ત્યારે એક સાધુએ કહ્યું જે, 'મૂર્તિયું પ્રત્યક્ષ નહીં?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતના ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે. તેમ મૂર્તિયું શું ચરિત્ર કરે જે તેનો અવગુણ આવે ને ઘટી જાય? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય ને મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે, પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે. ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે.' (સ્વામીની વાત: ૫/૩૯૨)*

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં પોતાની વાત ઘણે ઠેકાણે કરી છે. દા.ત., વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૯, ૭૩; કારિયાણી પ્રકરણ ૬, લોયા પ્રકરણ ૧૪, ગઢડા મધ્ય પ્રકરણ ૫૫, ગઢડા અંત્ય પ્રકરણ ૧૩ વગેરે.

ઉપરોક્ત વચનામૃતના શબ્દો વાંચતાં વાચકને એવી ગેરસમજ થવાની શક્યતા છે કે ભગવાન સ્વામિનારાયણ પણ વિવિધ પ્રકારની સાધના કરીને જીવનમુક્તની સ્થિતિએ પહોંચ્યા હશે. પરંતુ સ્વામીએ આવા શબ્દોનો મર્મ યથાર્થ રીતે સમજાવ્યો છે, જેથી કોઈને ભ્રાંતિ ન રહે. તેઓ કહે છે:

- *'મહારાજે વચનામૃતમાં પોતાનું વર્તન કહ્યું તે તો પોતાના મુક્તનું જ કહ્યું છે એમ સમજવું, ને પુરુષોત્તમ તથા ધામરૂપ અક્ષર એ બેને તો તેથી પર સમજવા ને તેમને વિષે તો કાંઈ સમજવું નહીં.' (સ્વામીની વાત: ૫/૧૪૫)*

વચનામૃતના પરથારામાં, વચ. વર. ૧૮માં અને સંપ્રદાયનાં કેટલાંક શાસ્ત્રોમાં અક્ષરધામને ગોલોકના મધ્યમાં જણાવ્યું છે. સ્વામીએ તેનું રહસ્ય પણ આ રીતે સમજાવ્યું છે:

- *'જેની જેવી સમજણ હોય ત્યાં તેણે અક્ષરધામ માન્યું હોય. તેમાં કેટલાકે તો બદરિકાશ્રમને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો શ્વેતદ્વીપને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો વૈકુંઠલોકને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો ગોલોકને અક્ષરધામ માન્યું હોય, પણ જેને મહારાજનો મહિમા જણાય છે તેને જેમ છે તેમ અક્ષરધામ સમજાય છે.' તે ઉપર પ્રથમનું ત્રેસઠમું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'જુઓને, મહારાજ લખી ગયા છે કે, જેમ ઝીણા મચ્છર હોય તેને મધ્યે કીડી હોય તે મોટી દેખાય ને કીડીને મધ્યે વીંછી હોય તે મોટો દેખાય ને વીંછીને મધ્યે સાપ હોય તે મોટો દેખાય ને સાપને મધ્યે સમળા હોય તે મોટી દેખાય ને સમળાને મધ્યે પાડો હોય તે મોટો દેખાય ને પાડાને મધ્યે હાથી હોય તે મોટો દેખાય ને હાથીને મધ્યે ગિરનાર જેવો પર્વત હોય તે મોટો દેખાય ને તે પર્વતને મધ્યે મેરુ પર્વત મોટો દેખાય ને તે મેરુ જેવા પર્વતને મધ્યે લોકાલોક પર્વત તે અતિશે મોટો જણાય; તેમ ગોલોકને મધ્યે અક્ષરધામ છે એમ સમજવું. પણ કાંઈ એક હાથીમાં ગિરનાર પર્વત આવી ગયો એમ નથી અને બીજા અનંત પર્વતને મૂકીને ગિરનાર પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતને મૂકીને મેરુ પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતને મૂકીને લોકાલોક પર્વતને ગણ્યો છે; તેમ અનંત ધામને મૂકીને અક્ષરધામને કહ્યું છે. પણ કાંઈ ગોલોકમાં અક્ષરધામ આવી ગયું એમ નથી. ને બીજા ધામની તો અવધિ કહી છે પણ અક્ષરધામની તો અવધિ કહી નથી, એ સિદ્ધાંત વાત છે.' (સ્વામીની વાત: ૩/૨૩)*

આ રીતે મહારાજે ઉપદેશેલા વચનામૃતના સાચા અર્થ-મર્મ સ્વામીએ સમજાવ્યા છે.

## વચનામૃતના વિવિધ ઉપદેશોના મર્મ

ભગવાન સ્વામિનારાયણે પોતાની સમક્ષ બેઠેલા

શ્રોતાઓની બુદ્ધિકક્ષા તથા તેમના આધ્યાત્મિક સ્તર મુજબ ઉપદેશ આપ્યો છે. મુક્તિ માટે તેઓએ વિવિધ આધ્યાત્મિક સાધનાઓ અને સદ્‌ગુણો પર ભાર મૂક્યો છે. તે વખતે ઘણા મુમુક્ષુઓ મહારાજના ઉપદેશનો યથાર્થ હેતુ અને મુક્તિ માટે નિશ્ચિતપણે શું કરવાનું છે તે સમજવામાં થાપ ખાઈ ગયા છે, પરંતુ સ્વામીએ જે તે ઉપદેશનો યથાર્થ હેતુ અને મર્મ ખૂબ સ્પષ્ટતાથી સમજાવ્યા છે. ઉદાહરણરૂપે –



આ વાતું તો
અનંત સંશયને છેદી નાખે
એવી પુરુષોત્તમ ભગવાનની છે.
આ વાતું ફરીને
જન્મ થાવા દે તેવી નથી.

- *એક જણે સ્વામીને પૂછ્યું જે, 'વચનામૃતમાં ક્યાંક આશરાનું બળ કહ્યું છે, ક્યાંક ધર્મનું, ક્યાંક વૈરાગ્યનું, ક્યાંક આત્મનિષ્ઠાનું ને ક્યાંક પાછી તે આત્મનિષ્ઠા ઉડાડી નાંખી છે. એવાં કંઈક ઠેકાણે અનંત સાધન કહ્યાં છે; તેમાં એકને વિષે સર્વે આવી જાય ને ઉત્તમ મોક્ષ થાય એવું એક કહો.' એટલે સ્વામી કહે જે, 'ઉપાસના હોય ને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય હોય તો બધાં આવે.* (સ્વામીની વાત: ૬/૨૯૧)
- *'મહારાજે અનંત પ્રકારની વાતું જીવના મોક્ષને અર્થે પ્રવર્તાવી છે; પણ તેમાં ચાર વાતું છે તે તો જીવનું જીવન છે. તે શું? તો એક તો મહારાજની ઉપાસના ને બીજી મહારાજની આજ્ઞા ને ત્રીજી મોટા એકાંતિક સાધુ સાથે પ્રીતિ ને ચોથું ભગવદી સાથે સુહૃદપણું, એ ચાર વાતું તો જીવનું જીવન છે.'* (સ્વામીની વાત: ૩/૧૭)

આવી અનેક વાતોમાં સ્વામીએ મહારાજના વિવિધ ઉપદેશોના મર્મ સમજાવ્યા છે.

## વચનામૃતના શબ્દોની વિશિષ્ટ વ્યાખ્યાઓ

સ્વામીએ પોતાની વાતોમાં વચનામૃતના ઘણા શબ્દોની વિશિષ્ટ વ્યાખ્યાઓ આપી છે. ઉદાહરણરૂપે –

- ***સત્સંગ:*** *'તે સત્સંગ શું જે, મોટા એકાંતિકને હાથ જોડવા ને તે કહે તેમ કરવું એ જ છે.'* (સ્વામીની વાત: ૧/૧૭)
- ***સાંખ્ય:*** *'પ્રકૃતિનું કાર્ય સર્વે નાશ કરી નાખવું, તેનું નામ સાંખ્ય કહેવાય.'* (સ્વામીની વાત: ૧/૧૦૮)
- ***જ્ઞાનપ્રલય:*** *'જ્ઞાનપ્રલય તે શું જે, પ્રકૃતિનું કાર્યમાત્ર હૈયામાંથી કાઢી નાખી બ્રહ્મરૂપ થાવું, ગુણાતીત થાવું.'* (સ્વામીની વાત: ૫/૧૯૪)
- ***સેવા:*** *'સર્વમાં મુખ્ય સેવા તે શું જે, મોટા એકાંતિકની અનુવૃત્તિ મન, કર્મ, વચને રાખવી, એવી બીજી કોઈ સેવા નથી.'* (સ્વામીની વાત: ૨/૯૯)
- ***માયા:*** *'ભગવાનનું સ્વરૂપ ન ઓળખાય એ જ માયા છે.'* (સ્વામીની વાત: ૫/૯૩)
- ***દિવ્યભાવ:*** *'એની કોઈ ક્રિયામાં દોષ ન આવે એ જ દિવ્યભાવ છે.'* (સ્વામીની વાત: ૧/૧૦૨)
- ***અલૌકિક દૃષ્ટિ:*** *'ભગવાનના અક્ષરધામ સામી જે દૃષ્ટિ એ અલૌકિક દૃષ્ટિ છે, ને પ્રકૃતિનું કાર્ય એ લૌકિક દૃષ્ટિ છે. તેમાં ભગવાનનો નિશ્ચય એ ખરેખરી અલૌકિક દૃષ્ટિ છે.'* (સ્વામીની વાત: ૫/૩૪૯)

અન્ય કેટલીક વાતોમાં વચનામૃતના અન્ય કેટલાક શબ્દોની સ્વામીએ અદ્‌ભુત સમજ આપી છે.

વધુમાં, જ્યારે પ્રવૃત્તિ કરીએ ત્યારે વચનામૃતના કયા શબ્દો લક્ષમાં રાખવા જોઈએ તે સમજાવતાં સ્વામી કહે છે: *'મહારાજે વચનામૃતમાં પોતાનાં રહસ્ય, અભિપ્રાય, રુચિ, સિદ્ધાંત આદિક ઘણા શબ્દ કહ્યા છે, તે ઉપર સૂરત રાખીને ચાલવું, એ જ કરવાનું છે.'* (સ્વામીની વાત: ૨/૭૫)

આ રીતે વચનામૃત અને સ્વામીની વાતોનો પારસ્પરિક સંદર્ભ સાથે અભ્યાસ કરવામાં આવે તો કોઈને પણ પ્રતીતિ થાય એમ છે કે સ્વામીની વાતો સરળ છે છતાં વચનામૃત પરનું શ્રેષ્ઠ ભાષ્ય છે. જો કોઈ મુમુક્ષુએ વચનામૃતને યથાર્થ સમજવું હોય, તો તેણે સ્વામીની વાતો અવશ્ય વાંચવી ઘટે. વાતો વાંચતાં ન કેવળ મહારાજના સિદ્ધાંતો અને અભિપ્રાયો સમજાય છે, પરંતુ તેને જીવનમાં આત્મસાત્ કરવાના સરળ ઉપાય પણ હાથવગા થયા છે.

## વચનામૃતના હૃદગત સિદ્ધાંતોની સ્પષ્ટતા

ભગવાન સ્વામિનારાયણે શ્રોતાસમુદાયની વિવિધ બુદ્ધિકક્ષા અનુસાર પોતાના હૃદગત સિદ્ધાંતો અને અભિપ્રાયો સરળતમ રીતે પ્રસ્તુત કર્યા છે. છતાં જેમ દૂધમાંથી માખણ છૂટું પાડવું અઘરું છે, તેમ આ વચનામૃતની વાતોમાંથી તેનો સાર-સિદ્ધાંત તારવવા અઘરા છે. પરંતુ ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના આ સિદ્ધાંતોની સ્પષ્ટ સમજ પોતાની વાતોમાં આપી છે. ઉદાહરણરૂપે –

- *'મહારાજે ધૂધૂબાજ મારગ ચલાવ્યો છે, તે શું જે, મંદિર, મેડિયું, ઘોડાં, ગાડાં આદિક અનેક વાતું પ્રવર્તાવી છે;*

*પણ પોતાનો સિદ્ધાંત જે કરવાનું છે તે મૂકી દીધું નથી. તે સિદ્ધાંત એ જે, નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું; પછી ગમે તે કામ કરો, ગૃહસ્થાશ્રમમાં રહો કે ત્યાગી થાઓ, પણ અંતે કરવાનું એ છે.' (સ્વામીની વાત: ૨/૮૩)*

- *'આ જીવને મુઆ સુધી પણ આ લોકના મનસૂબા છે, પણ તે મૂકવા ને પરલોકના કરવા. ને આત્મા ને પરમાત્મા એ બે વાત મુખ્ય રાખવી, એમ મહારાજનો મત છે. પણ એ વાતની પુષ્ટિના શબ્દ બહુ થોડા આવે ને ત્યાગના, ભક્તિના અને ધર્મના એ આદિકના હજાર શબ્દ આવે, તેથી પણ એ માર્ગે ચલાતું નથી. પણ સિદ્ધાંત તો એ જ કરવાનું મહારાજ કહે છે.' (સ્વામીની વાત: ૨/૧૦૪)*
- *એક હરિજને ચાર-પાંચ વચનામૃત વાંચ્યાં, તે વચનામૃતનાં નામ, પ્રથમનું ત્રેવીસ ને મધ્યનું ત્રીસ ને પિસ્તાલીસ ને અમદાવાદનું બીજું ને ત્રીજું. ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા જે, 'આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં.' એમ કહીને બોલ્યા જે, 'ફરીથી વાંચો.' ત્યારે ફરીથી વાંચ્યાં. ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે, કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય, કે ભગવાનનો પુત્ર હોય, કે ઈશ્વર હોય, કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી, કેમ જે, એ પણ મહારાજનો મત છે... તેમ આપણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમને પધરાવશું ક્યાં? માટે પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું.' (સ્વામીની વાત: ૩/૧૩)*
- *આપણે બ્રહ્મરૂપ માનવું, તે આજ એમ નહીં થાય તો દેહ પડશે ત્યારે થાશે, પણ દેહ હું માનશે ત્યાં સુધી માન આદિક દોષ કેમ ટળશે? માટે દેહ માનવું નહીં, એમ મહારાજનો સિદ્ધાંત છે. ને બહુ પ્રકારના માણસ છે તેમાં જેમ જેને ફાવે એમ કહેવું; પણ આવી રીતે દિવસમાં એક વાર તો વિચાર કરવો... આ વાતમાં ગોપાળ સ્વામીને શંકા થઈ ત્યારે મહારાજ કહે: 'એ તો જેને ઉપાસના ન હોય તેની વાત નોખી, પણ આપણે તો ઉપાસના છે ને તેને અર્થે એ કરવું છે માટે કેમ નિરાકાર થઈ જવાશે.' (સ્વામીની વાત: ૫/૩૬૦)*
- *'પ્રથમનું ચોપનમું વચનામૃત વંચાવીને બોલ્યા જે, 'અહો! આ વચનામૃત તો દિવસ બધો જાણે સાંભળ્યા કરીએ તોપણ તૃપ્ત ન થાઈએ. જુઓને! માંહી મોક્ષનું દ્વાર જ બતાવી દીધું ને જ્ઞાન પણ બતાવી દીધું છે.' એમ કહીને ત્રણ વાર વંચાવ્યું ને કહ્યું જે, 'જેનાં કર્મ ફૂટ્યાં હોય તેને આ વાત ન સમજાય, તેને તો મૂળ મોટાપુરુષ એ જ શત્રુ જેવા જણાય છે. એ વિપરીત જ્ઞાન કે'વાય. માટે હવે તો સાધુને જ વળગી જાવું.' (સ્વામીની વાત: ૬/૨૦૯)*

જે મુમુક્ષુ આ સ્વામીની વાતો વાંચશે તેને ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતો અને અભિપ્રાયોની સ્પષ્ટ સમજ પ્રાપ્ત થશે.

### સર્વોપરિ મહિમાનો ઉદ્‌ઘોષઃ

ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના ઉપદેશમાં શ્રીજીમહારાજ જ સર્વોપરી ભગવાન છે એ વાત છડેચોક જાહેર કરી છે. આ સમજણ શુદ્ધ ઉપાસનાનો એક ભાગ છે, જેના વિના આત્યંતિક મુક્તિ મળવી અશક્ય છે એમ ગુણાતીતાનંદ સ્વામીનો મત છે. ભગવાન સ્વામિનારાયણના સર્વોપરીપણાનું પ્રવર્તન કરવામાં, અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુણાતીતાનંદ સ્વામીની મહાન સેવા છે.

શાસ્ત્રોની પરિપાટી અને તેની અસરને કારણે ઘણા પરમહંસોને ભગવાન સ્વામિનારાયણનું સર્વોપરીપણું સમજવું કઠણ પડી ગયેલું. કેટલાક શ્રીહરિનું સર્વોપરીપણું સમજતા હતા, પરંતુ લોકોને આ વાતો પથ્ય પડશે નહીં અને વિરોધ કરશે – તે બીકે તેને પ્રવર્તાવવામાં ખચકાતા હતા. પરંતુ, આવાં કોઈ વિઘ્નો શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજાવવામાં ગુણાતીતાનંદ સ્વામીને અવરોધરૂપ બન્યાં નહીં. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં સામે એક જ સંત-ભક્ત હોય કે હજારોની સભા હોય, પણ સ્વામીએ શ્રીહરિના સર્વોપરીપણાને અવશ્ય ખુલ્લું કર્યું છે. ઉપાસના સંબંધી કોઈ જ સંશય તેઓએ કોઈનામાં, ક્યાંય પણ, ક્યારેય પણ રહેવા દીધો નથી. દરેકના હૃદયમાં તેઓએ શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા દૃઢ કરાવી દીધેલી.

જેમ સાગરમાં ઘૂમતા વહાણને કિનારે પહોંચવા માટે દીવાદાંડી જરૂરી છે તેમ કોઈ પણ આધ્યાત્મિક સાધક માટે સાધનાના કિનારે પહોંચવા દીવાદાંડી જોઈએ. આધ્યાત્મિક ધ્યેયની સ્પષ્ટતા, સાધનાનું મહત્ત્વ, ગુરુનું મહત્ત્વ, પોતાની ખામીઓ વગેરે સંબંધી જ્ઞાન હોવું પણ જરૂરી છે. ગુણાતીતાનંદ સ્વામીની વાતો આધ્યાત્મિક માર્ગની એવી અજોડ દીવાદાંડી છે, જે ભવસાગરમાં અટવાતા અસંખ્ય લોકોની જીવનનૈયાને કિનારે પહોંચાડે છે. બ્રહ્મજ્ઞાનના દિવ્ય પડછંદા સમી ગુણાતીતાનંદ સ્વામીની આ વાતોનો પાઠ કરીને આપણે પણ આપણી જીવનનૈયાને શ્રીહરિના દિવ્ય ધામના ઓવારે પહોંચાડી દઈએ... ◆

(અનુસંધાન પૃષ્ઠ ૭ પરથી) ૫. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. અને વર્તમાનકાળે, ૬. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ.

આજે આપણે સૌ ભાગ્યશાળી છીએ કે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ, પુરુષોત્તમ પરબ્રહ્મના અખંડ ધારક, જેમના દ્વારા સર્વાવતારી પરબ્રહ્મ સહજાનંદ શ્રીહરિ સમ્યક્ આ સત્સંગમાં પ્રગટ રહી પોતાનું પરમ દિવ્ય સુખ આપી રહ્યા છે, જેઓ સંપ્રદાયના મૂળ સિદ્ધાંતોના પરિરક્ષક, સંપોષક અને સંવર્ધક છે અને સંપ્રદાયની ગુરુપરંપરાને અખંડિત રાખી રહ્યા છે, એવા ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય નિશ્રા પ્રાપ્ત થઈ છે.

તેમનો દૃઢ પ્રસંગ કરી આપણે પણ બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરીએ, ભગવાન સ્વામિનારાયણનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ કરીએ અને તેમનામાં જ પરબ્રહ્મ સ્વામિનારાયણની પ્રત્યક્ષતાનો અનુભવ કરીએ એ જ પ્રાર્થના.

અસ્તુ. ◆

# અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો

## મોબાઈલ ફોન અને ટેબ્લેટ માટે વિશિષ્ટ સ્ટડી એપ્લિકેશન રૂપે ઉપલબ્ધ...

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની પરાવાણી 'સ્વામીની વાતો' વિશ્વના તમામ મુમુક્ષુઓ માટે અમૂલ્ય જ્ઞાનનિધિ છે. શાસ્ત્રમાત્રના સારરૂપ અક્ષરપુરુષોત્તમના સનાતન સિદ્ધાંતથી ભરપૂર આ ગ્રંથના નિત્યવાચન દ્વારા લાખો હરિભક્તો વ્યાવહારિક તથા આધ્યાત્મિક માર્ગદર્શન મેળવે છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી સંસ્થાના વિદ્વાન અનુભવી સંતો દ્વારા સ્વામીની વાતોને આજના યુગ પ્રમાણે વધુ ગ્રાહ્ય બનાવવાના ફળસ્વરૂપ ૨૫,૦૦૦થી વધુ કલાકોની મહેનત પછી આ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે.

સ્વામીની વાતોના મર્મને યથાર્થપણે સમજી, તેમણે આપેલા સિદ્ધાંતોને આપણી જીવનસાધના બનાવવા માટે જરૂરી સમજૂતીઓ અને સ્પષ્ટતાઓ દ્વારા આ એપ્લિકેશન મુમુક્ષુઓ માટે સ્વામીની વાતોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની તક આપે છે. આધુનિક પેઢી સમક્ષ તેમને રુચે એવા સ્વરૂપમાં આપણું સનાતન જ્ઞાન લઈને આવેલી આ એપ્લિકેશન સ્વામીની વાતોના વાંચન અને અધ્યયન, બંનેને આહ્‌લાદક બનાવે તેવી છે. આ એપ્લિકેશન નીચે દર્શાવેલી અનેકવિધ સુવિધાઓથી સજ્જ છે:

૧. કઠિન શબ્દો, વાક્યો અને દૃષ્ટાંતોના સરળ અર્થ.
૨. ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુપરંપરાનાં સંકલિત વચનો દ્વારા રહસ્યમય વાતોની સરળ સમજૂતી.
૩. વિવિધ શાસ્ત્રો, સ્થાનો અને વ્યક્તિઓનો રસપ્રદ પરિચય.
૪. વાતોમાં ઉલ્લેખાયેલી ઐતિહાસિક, પૌરાણિક બોધકથાઓ.
૫. સુંદર છબીઓ તથા નકશાઓ દ્વારા વિશેષ માર્ગદર્શન.


તદુપરાંત...

૧. ગુજરાતી સાથે અંગ્રેજી ભાષા તથા લિપિ(Transliteration)માં અનુવાદ.
૨. વાંચન સાથે શ્રવણ (Audio) સુવિધા.
૩. વાંચન આયોજન (Reading Plan) સુવિધા.
૪. વિષયવાર વાંચન સુવિધા.
૫. વિશેષ નોંધ (Notes) તથા શોધ (Search) સુવિધા.

સ્વામીની વાતોની આ સ્ટડી એપ્લિકેશન તારીખ ૨૨-૧-૨૦૧૮ના રોજ અક્ષરદેરી સાર્ધ શતાબ્દી મહોત્સવમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે ઉદ્‌ઘાટન થઈ ચૂકી છે. હવે, આપ આ લીંક www.baps.org/apps ઉપરથી ફ્રી ડાઉનલોડ કરીને નિત્ય સ્વામીની વાતોને માણો... ◆



# ‘પ્રમુખસ્વામીના પગલે પગલે’ કાર્યક્રમમાં આફ્રિકાના ૧૨ દેશોનાં ૧૦,૦૦૦ કરતાં વધુ ઘરો સંતોની પધરામણીઓથી ધન્ય થયાં...



આફ્રિકા ખંડમાં ‘પ્રમુખસ્વામીના પગલે પગલે’ કાર્યક્રમ ઉપક્રમે યોજાયેલા સત્સંગવિચરણમાં જોડાયેલું સંતવૃંદ...

વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નવખંડ ધરતીમાં સત્સંગ અને સદાચારના પોષણ માટે અવિરત વિચરણ કરીને પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. તેઓની જન્મ શતાબ્દી પર્વના ઉપક્રમે તેઓને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ થાય તે હેતુસર તાજેતરમાં આફ્રિકા ખંડમાં સંતોનું વિચરણ યોજાયું હતું. પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવનકાળ દરમ્યાન અપાર કષ્ટો સહન કરીને હરિભક્તો-ભાવિકોના ઘરે ઘરે પધરામણીઓ કરીને ભાવિક ભક્તોને અધ્યાત્મના માર્ગે ઉન્નત કર્યા હતા. તેઓના જ પગલે પગલે પૂજ્ય સંતોએ પણ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી સમગ્ર આફ્રિકાખંડમાં ઘરોઘર પધરામણીઓ કરીને હજારો પરિવારોને નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની પ્રેરણા આપી હતી.

## પૂર્વ આયોજન

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયથી આફ્રિકા ખંડમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગનું કાર્ય ચાલી રહ્યું છે, પરંતુ સત્સંગમાં જોડાયેલા હરિભક્તો-ભાવિકો માટે આ પ્રકારની પધરામણીનું આયોજન પ્રથમવાર થયું હતું. વળી, કાર્યકરો માટે પણ આ પ્રથમ અનુભવ હતો. ભારતથી પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામી અને ૩૮ સંતો પધરામણી અને સત્સંગ-પારાયણનો લાભ આપવા માટે પધારવાના હતા. તેના પૂર્વ આયોજન માટે આફ્રિકામાં કાર્યરત બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિ કાર્યાલયે એક વિશેષ આઠ કલાકની તાલીમનું આયોજન કર્યું હતું. પૂજ્ય સંતો તથા અગ્રેસર કાર્યકરો દ્વારા તમામ કાર્યકરોને આ તાલીમ આપવામાં આવી હતી. પૂજ્ય સંતો પધરામણી માટે પધારે તે પૂર્વે કાર્યકરોએ તે પરિવારોનો સંપર્ક કર્યો. આ પ્રોજેક્ટ દરમ્યાન વિવિધ દેશોના જે તે સેન્ટરના કુલ ૩,૮૩૨ સ્વયંસેવકોએ નોકરી-ધંધામાંથી રજા લઈ અમૂલ્ય સમય ફાળવ્યો હતો.

## હરિભક્તોનો ઉત્સાહ

ભારતથી પૂજ્ય સંતો પધરામણી કરવા પોતાના ઘરે પધારવાના હોવાથી હરિભક્તોમાં પણ અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળતો હતો. હરિભક્તોએ દિવાળીની જેમ પોતાનાં ઘર સુશોભન કરી સજાવ્યાં હતાં. આંગણામાં રંગોળી પૂરી, ફૂલોની જાજમ બિછાવી સંતોને સત્કાર્યા હતા. નોકરીના ચાલુ દિવસો અને કામકાજના સમયમાં પણ રજાઓ મૂકી પૂજ્ય સંતોના આદર-સત્કાર માટે પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે શાળામાંથી રજા લઈને બાળકો પણ ખાસ હાજર રહ્યા હતા.

## પધરામણી

તા. ૨૮-૬-૨૦૧૮ થી ૧૦-૯-૨૦૧૮ દરમ્યાન કુલ

૭૫ દિવસ પધરામણીનું આયોજન થયું હતું. સવારે ૯ વાગ્યાથી લઈને રાત્રે ૧૦ વાગ્યા સુધી પધરામણીઓ યોજાતી હતી. સ્વામિનારાયણીય પ્રણાલી અનુસાર સંતો ઓરડાનાં પદોના ગાનથી પધરામણીની શરૂઆત કરતા. ઘરમંદિરમાં પૂજન, આરતી, થાળ વગેરે કરી હરિભક્તો-ભાવિકો સાથે આત્મીયતાની ગોઠડી માંડતા અને અંતમાં અધ્યાત્મમાર્ગે એક ડગલું આગળ વધે તે હેતુસર નિયમ ગ્રહણ કરાવતા. હરિભક્તને કોઈ પ્રશ્ન મૂંઝવતો હોય તો તેનું પણ સમાધાન સંતો આપતા. આમ, સંતોએ કુલ ૧૨ દેશોમાં ૧૦,૨૯૩ પધરામણીઓ કરીને ૨૯,૪૦૯ ભક્તો-ભાવિકોનો સંપર્ક કર્યો હતો. સંતોના આ ભક્તિમય પુરુષાર્થથી સૌ ખૂબ પ્રભાવિત થયા હતા.

## પૂજ્ય સંતોનો પુરુષાર્થ

ભારતથી પધારેલા પૂજ્ય સંતોએ આ કાર્યક્રમને આપેલું ‘પ્રમુખસ્વામીના પગલે પગલે’ નામ ખરા અર્થમાં સાર્થક ઠર્યું. પૂજ્ય સંતોએ દિવસ-રાત ને ભૂખ-તરસને ગણકાર્યા વિના હજારો ભક્તો-ભાવિકોને રાજી કર્યા. એક હરિભક્તને રાજી કરવા માટે ૧૫૦ કિ.મી. સુધીનું અંતર પણ સંતોએ હસતા મુખે કાપ્યું હતું. સમગ્ર દિવસનો પધરામણીનો ભરચક પરિશ્રમ કરવા છતાં મુમુક્ષુઓ, કાર્યકરો સાથે રાતના ૧:૦૦ વાગ્યા સુધી સત્સંગ ગોષ્ઠિઓ કરી સત્સંગની દૃઢતા કરાવી હતી. થાક, કંટાળો કે આળસને ગણકાર્યા સિવાય નિઃસ્વાર્થભાવે કેવળ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને રાજી કરવા સંતોએ અવર્ણનીય પુરુષાર્થ કર્યો હતો.

૩૮ સંતોએ ૭૫ દિવસ સુધી આફ્રિકા ખંડના ૧૨ દેશોમાં ૧૧૯ શહેરોમાં પધરામણીઓ કરી હતી. એક ઘરેથી બીજા ઘરે જતાં કુલ ૪૦,૨૪૦ કિ.મી. અંતર થયું. એક શહેરથી બીજા શહેર જતાં જમીન માર્ગનું અંતર ૧,૬૩,૭૫૩ કિ.મી. થયું. જ્યાં જમીન માર્ગે પહોંચવું શક્ય નહોતું ત્યાં સંતો હવાઈ માર્ગે પહોંચ્યા, જેનું અંતર ૨,૬૭,૦૨૭ કિ.મી. થયું.

## પધરામણીની ફળશ્રુતિ

પધરામણીમાં પૂજ્ય સંતોના યોગમાં આવનાર તમામ ભાવિકોને જીવનમાં કંઈક પામ્યાનો અને સત્સંગ માર્ગે પ્રગતિ કર્યાનો અનુભવ થયો. અનેક ભાવિકોને સત્પુરુષ તથા આધ્યાત્મિક સિદ્ધાંતોની સ્પષ્ટતા થઈ. અનેક મુમુક્ષુઓ નિર્વ્યસની જીવન જીવવા કટિબદ્ધ થયા. પૂજ્ય સંતો દ્વારા સંપર્કમાં આવેલા ૨૭,૩૬૭ ભાવિક-ભક્તો કુલ ૩૯,૦૬૩ નિયમો લઈ અધ્યાત્મ માર્ગે પ્રગતિ કરવા કટિબદ્ધ થયા હતા.

## સત્સંગ પારાયણ

પવિત્ર ચાતુર્માસમાં સત્સંગ પારાયણનો લાભ મળે તે હેતુથી પારાયણનું આયોજન પણ થયું હતું. સંતોનાં ૪ મંડળોએ આફ્રિકાના વિવિધ દેશોનાં વિવિધ સેન્ટરોમાં સત્સંગ પારાયણનો લાભ આપ્યો હતો. પૂજ્ય સંતોની પધરામણી પછીના દિવસોમાં આ પારાયણ યોજાયું હતું. સંતોએ પોતાની આગવી શૈલીમાં સચોટ રીતે શાસ્ત્રોનાં પ્રમાણો સાથે સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું હતું. જેમાં વચનામૃત, શ્રીમદ્ ભાગવત, રામાયણ, શ્રીમદ્ ભગવદ્ગીતા, વિદુરનીતિ જેવા ગ્રંથોનો લાભ પૂજ્ય સંતોએ આપ્યો હતો. પૂજ્ય સંતો સાંજે પારાયણનો લાભ આપતા અને સવારે પધરામણીમાં પણ જોડાતા તો ક્યાંક કાર્યકરો સાથે ગોષ્ઠિ કરી સેવા કરવાની દૃઢતા કરાવતા. પારાયણ કરનાર પૂજ્ય સંતોએ કુલ ૯ દેશોનાં ૫૨ શહેરોમાં ૧૪૬ દિવસ સુધી પારાયણનો લાભ આપ્યો. આ પારાયણોમાં કુલ ૩૩,૬૦૨ ભક્તોએ પારાયણ શ્રવણનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

નૈરોબી મંદિરના કોઠારી પૂજ્ય પ્રિયવ્રતદાસ સ્વામી તથા તમામ સંતોએ સમગ્ર કાર્યક્રમનું સારી રીતે સફળતાપૂર્વક આયોજન કર્યું હતું, જેથી કોઈ તકલીફ ન પડે. વળી, ટ્રસ્ટીઓ તથા એડમિન ટીમના માર્ગદર્શન હેઠળ તમામ સ્વયંસેવકોએ પણ દિવસ-રાત જોયા વગર મહિનાઓ સુધી આ કાર્યક્રમને સફળ બનાવવા ભક્તિમય પુરુષાર્થ કર્યો હતો. તેમ છતાં, દરેકનું હૃદય એક વાત સ્વીકારતું હતું કે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ ‘પ્રમુખસ્વામીના પગલે પગલે’ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો છે.

(અહેવાલઃ સાધુ અમૃતસ્વરૂપદાસ) ◆

### આફ્રિકા ખંડમાં સંતવિચરણની ઝલક

**કુલ વિચરણના દેશોઃ** ૧૨

કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયા, રવાન્ડા, ઇથોપિયા, કોન્ગો, મલાવી, ઝામ્બિયા, ઝિમ્બાબ્વે, બોટ્સવાના, સાઉથ આફ્રિકા અને મડાગાસ્કર

**કુલ શહેરો-નગરોઃ** ૧૧૯

**કુલ પધરામણીઓઃ** ૧૦,૨૯૩

**કુલ વ્યક્તિગત સંપર્કઃ** ૨૯,૪૦૯

**કુલ ગ્રહણ કરેલા નિયમોઃ** ૩૯,૦૬૩

**કુલ પારાયણના શ્રોતાઓઃ** ૩૩,૬૦૨

**કુલ પધરામણી અંતરઃ** ૪૦,૨૪૦ કિ.મી.

**શહેરો-નગરોની મુસાફરીનું કુલ અંતરઃ** ૪,૩૦,૭૮૦ કિ.મી.

# કેન્યાના એલ્ડોરેટ અને ઈંગ્લેન્ડના ચિગવેલ નગર ખાતે સ્થપાયાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો...




કેન્યા દેશના એલ્ડોરેટ શહેર ખાતે નૂતન મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે યજ્ઞમાં વિધિરત કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી...

આફ્રિકા ખંડના કેન્યા દેશનાં મુખ્ય પાંચ નગરોમાંનું એક નગર એટલે એલ્ડોરેટ. સૌથી વધુ વિકાસશીલ શહેરોમાં સ્થાન પામેલું આ શહેર સમુદ્ર સપાટીથી ૬,૮૫૭ ફીટની ઊંચાઈ પર આવેલું હોવાથી એક હિલ સ્ટેશન તરીકે વધુ વિકસ્યું છે.

કેન્યાથી યુગાન્ડા જતાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે એલ્ડોરેટ પધારીને આ ભૂમિને પાવન કરી હતી. ભાઈલાલભાઈ પટેલ તથા કેશુભાઈ ગાર્ડ અહીંના પાયાના હરિભક્તો હતા. સન ૧૯૭૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે એલ્ડોરેટમાં પધારી આશીર્વાદ આપીને સત્સંગસભા શરૂ કરવાની આજ્ઞા કરી હતી. સન ૧૯૭૫માં કિસુમુથી રમેશભાઈ પટેલ(ગુરુ) અહીં સ્થાયી થયા. શરૂઆતમાં સત્સંગ ક્યાં કરવો તે વિકટ પ્રશ્ન હતો. નિષ્ઠાવાન હરિભક્ત શ્રી રમેશભાઈ, ડો. ભરતભાઈ પટેલ અને શ્રી અનિલભાઈ શાહે સ્વામીશ્રીનું વચન અધ્ધર ઝીલીને મોટરગાડીમાં સભા શરૂ કરી. મોટરગાડીમાં સત્સંગની કેસેટ મૂકી તેનું શ્રવણ કરી સત્સંગ કરતા. આ રીતે સત્સંગસભાનો શુભારંભ થયો.

ગુરુવર્યોના આશીર્વાદ હરિભક્તોના દેશકાળ સુધર્યા અને ફરતી સત્સંગસભા યોજાવા લાગી. સન ૧૯૮૦માં મકાન ભાડે લઈને તેમાં લાકડાનો હોલ રચીને સત્સંગ કરવા લાગ્યા. સન ૧૯૯૧માં કેનીટવાળા શ્રી બાબુભાઈ શાહ, શ્રી ગુલાબભાઈ શાહ, શ્રી બટુકભાઈ શાહ, શ્રી અમુભાઈ શાહે જમીન અર્પણ કરતાં અહીં બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૧૫-૬-૧૯૯૧ના રોજ પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.



ગુરુવર્યોના આશીર્વાદથી સત્સંગ સતત અભિવૃદ્ધિ પામતો રહ્યો અને અહીં સુવિધાસજ્જ મંદિરની આવશ્યકતા જણાઈ. આજુબાજુની પણ જમીન સંપાદિત કરવામાં આવી. કોઠારી પ્રિયવ્રતદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મંદિરનું નિર્માણકાર્ય આરંભાયું. નિષ્ઠાવાન અને સમર્પિત હરિભક્તોના સેવા-સમર્પણથી તેમજ અમૃતસેવાદાસ સ્વામી તથા નિર્દોષમુનિદાસ સ્વામીના ભક્તિમય પુરુષાર્થથી જોતજોતાંમાં નૂતન મંદિર નિર્માણ પામ્યું.

તા. ૩૧-૬-૨૦૧૮ના રોજ સવારે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે નગરના મુખ્ય માર્ગ પર દેવસ્વરૂપોની શોભાયાત્રા યોજાઈ, ત્યારે નગરજનોએ ભાવથી દર્શન કર્યાં હતાં. નગરયાત્રામાં સંમિલિત થનારા પ્રત્યેક હરિભક્તના હૈયે ઉમંગ છલકાતો હતો. તા. ૧-૭-૨૦૧૮ના મંગલ પ્રભાતે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મૂર્તિસ્થાપન વિધિ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો. પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં. આ પ્રસંગે સ્થાનિક કાઉન્ટીના સરકારી અધિકારીઓ અને સમાજના પ્રતિષ્ઠિતો પધાર્યા હતા. આમ એલ્ડોરેટ ખાતે ભક્તિભાવપૂર્વક મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો હતો.

## ચિગવેલ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તાજેતરમાં ઇંગ્લેન્ડમાં ચિગવેલ નગર (ઈસ્ટ લંડન) ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.

સન ૧૯૬૩માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદથી અહીં સત્સંગના બીજ રોપાયાં હતાં. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૭૦માં પધારીને અહીં વિશેષ પોષણ આપ્યું હતું. ત્યારબાદ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રેરણાથી અહીં સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થતી રહી. ધીમે ધીમે અહીં બી.એ.પી.એસ. સત્સંગ વિકસવા લાગ્યો. સત્સંગના વિકાસથી અહીં એક નૂતન બી.એ.પી.એસ. મંદિરની આવશ્યકતા જણાઈ. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે સંતો-ભક્તોના ભક્તિમય પુરુષાર્થથી થોડા જ સમયમાં અહીં નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સન ૨૦૧૭ના લંડનના સત્સંગ વિચરણ દરમ્યાન ૮ ઑક્ટોબર, ૨૦૧૭ના રોજ ચિગવેલ ખાતે મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.




ઇંગ્લેન્ડના ચિગવેલ નગરમાં નિર્માણ પામેલા નૂતન મંદિરમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ કરતા આનંદસ્વરૂપદાસ સ્વામી...


આ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૯ જૂન, ૨૦૧૮ના રોજ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી તથા પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીની ઉપસ્થિતિમાં વેદોક્ત મહાપૂજાવિધિ અને સ્થાપનવિધિ યોજાયો હતો. આ અવસરે યોજાયેલા મહાપૂજાવિધિમાં સેંકડો ભક્તો-ભાવિકોએ લાભ પ્રાપ્ત કર્યો હતો. પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય સંતોએ મંદિરની ગાથા વર્ણવી હતી. સાથે સાથે મંદિર દ્વારા થતી સામાજિક સેવાકીય પ્રવૃત્તિની પણ માહિતી આપવામાં આવી હતી.

મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત હતા, જેમાં શ્રી ડેઈમ એલેનોર લેંગ (ડેપ્યુટી સ્પીકર ઓફ ધ હાઉસ ઓફ કોમન) ઉપરાંત એપિંગ ફોરેસ્ટ ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલના સભ્યો શ્રી દર્શનસિંઘ સંગર, શ્રી ગગન મહિન્દ્રા, શ્રી અનિકેત પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આમ, ભક્તિભાવપૂર્વક ઊજવાયેલો આ ઉત્સવ સૌ માટે પ્રેરક સ્મૃતિ સમાન બની રહ્યો હતો. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## કલીમકવાણા ગામ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

નર્મદા જિલ્લાના કલીમકવાણા ગામમાં આઠ વર્ષ પૂર્વે સત્સંગની શરૂઆત થઈ હતી. મંદિરની આવશ્યકતા જણાતાં શ્રી અજિતભાઈ વલ્લભભાઈ તડવીએ ભૂમિ અર્પણ કરી હતી. હરિભક્તોના સહયોગ અને શ્રમયજ્ઞથી મંદિર નિર્માણ પામ્યું. પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૮-૧૧-૨૦૧૭ના રોજ ૧૯૦ યજમાનોની ઉપસ્થિતિમાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. ઢળતી બપોરે મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૨૧-૧૧-૨૦૧૬ના રોજ પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૯-૧૧-૨૦૧૭ના રોજ પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીએ કર્યો હતો. ત્યારબાદ પ્રાસંગિક સમારોહ યોજાયો હતો. ◆



## ગઢડા ક્ષેત્રે રોપાયાં કુલ ૧,૫૦,૦૦૦ વૃક્ષો...

ગઢડા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં કાર્યરત 'પર્યાવરણ સેવા કેન્દ્ર' દ્વારા પ્રતિ વર્ષની જેમ તા. ૨૬-૮-૨૦૧૮ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ ગયો. સત્સંગમંડળના કાર્યકરોએ ૬૦ ગામોમાં મુલાકાત લઈ, ક્યાં, કેટલાં વૃક્ષોનું વાવેતર થઈ શકે તેમ છે, તેનો અહેવાલ તૈયાર કર્યો હતો. સંતો, મહાનુભાવો અને ભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં ૫,૦૦૦ ફળાઉ રોપાઓનું વિતરણ કરીને સૌને કાળજીપૂર્વક ઉછેર માટે પ્રતિજ્ઞાબદ્ધ કરાયા હતા. સંતો અને મહાનુભાવોએ પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પર્યાવરણ સેવા-કેન્દ્ર દ્વારા અત્યાર સુધી ૧,૫૦,૦૦૦ રોપાઓનું વિતરણ અને ઉછેર કરવામાં આવ્યો છે. ◆




## એશિયા પેસિફિક સત્સંગ મંડળોમાં શિબિર

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ દેશના એડિલેડ, બ્રિસ્બેન, પર્થ, સિડની, મેલબર્ન, ઑકલેન્ડ વગેરે બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્રોમાં ૨ જૂન થી ૧ જુલાઈ, ૨૦૧૮ દરમ્યાન એક દિવસીય શિબિર યોજાઈ ગઈ. 'ગૃહશાંતિનો રાજમાર્ગ – ઘરસભા' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ શિબિરોમાં એશિયા પેસિફિક દેશોનાં વિવિધ બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્રોમાં હજારો હરિભક્તોએ લાભ લીધો હતો. શિબિરમાં પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનાં આશીર્વચન, પ્રેરણાદાયી વીડિયો, પ્રવચનો અને વિવિધ કાર્યક્રમ દ્વારા ઘરસભાની મહત્તા દૃઢાવવામાં આવી હતી. ◆



### ભક્તરાજ હસમુખભાઈ પુરુષોત્તમભાઈ પટેલ, મહેળાવ, ઉં.વ. ૭૨, અક્ષરવાસઃ તા. ૨૪-૮-૨૦૧૮



ચરોતર પ્રદેશના પ્રાસાદિક ગામ મહેળાવના વતની અને અમેરિકામાં સ્થાયી થયેલા ભક્તરાજ હસમુખભાઈ પટેલને સન ૧૯૮૭માં સત્સંગનો યોગ થયો. એક સામાન્ય કારકિર્દીમાંથી શરૂઆત કરીને વ્યવસાયમાં ખૂબ પ્રગતિ કરનાર આ ભક્તરાજે અમેરિકામાં ન્યૂયોર્કના ફ્લશિંગ તેમજ લોંગ આયલેન્ડમાં બી.એ.પી.એસ. મંદિરોમાં વર્ષો સુધી વિનમ્રભાવે રસોડા વિભાગમાં સેવા આપી. સંસ્થાના અનેક ઉત્સવોમાં, તેમજ ધારી જેવા મહાન તીર્થધામના નિર્માણમાં તેમજ અન્ય મંદિરોના સર્જનમાં એક ઉદાર દાતા તરીકે તેમણે ખૂબ સેવાઓ કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સત્સંગ અને સેવાનો અનન્ય ખપ ધરાવતા આ ભક્તરાજે ગુરુહરિ તથા સંતોના પડતા બોલને અધ્ધર ઝીલીને સૌને રાજી કર્યા હતા. તેમની વિદાયથી સંસ્થાને એક સેવાનિષ્ઠ અને સમર્પણનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ... ◆

## અભિનંદન  બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી તારલાઓને અને બી.એ.પી.એસ. વિદ્યામંદિરને અભિનંદન...

### બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સંચાલિત આશ્રમશાળા - જ્ઞાનસેવા વિદ્યાસંકુલ રંભાસ



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાના વનવાસી વિસ્તારમાં બી.એ.પી.એસ. દ્વારા સંચાલિત 'જ્ઞાનસેવા વિદ્યાસંકુલ રંભાસ'માં ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓ સંસ્કારયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. આ સંકુલ આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતું અનુપમ વિદ્યાધામ છે. વર્ષ ૨૦૧૮માં લેવાયેલ ધોરણ ૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ હાંસલ કરવા બદલ આ શાળાને વનબંધુઓના શિક્ષણ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરવા બદલ તા. ૯-૮-૨૦૧૮ના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી દરમ્યાન, જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર તેમજ વિચરતી મુક્તજાતિ નિગમના ચૅરમૅન શ્રી લક્ષ્મણ પટનીના હસ્તે આ સન્માનપત્ર શાળાના આચાર્ય શ્રી રમેશભાઈ ભગરિયાને અર્પણ કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ હાંસલ કરવા બદલ શાળાના શિક્ષકગણને હાર્દિક અભિનંદન... ◆

### શ્રી બળદેવપરી જેવરપરી ગોસ્વામી, જૂનાગઢ: શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ...



બી.એ.પી.એસ. વિદ્યામંદિર - ગોંડલના પૂર્વ વિદ્યાર્થી અને બરવાળા માધ્યમિક શાળાના શિક્ષકશ્રી બળદેવપરીને રાજ્યમાં ઓનલાઈન શિક્ષણ દ્વારા ક્રાંતિ કરવા બદલ શિક્ષક દિનના રોજ ઉપરાષ્ટ્રપતિશ્રીએ શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કર્યો છે. તેમને હાર્દિક અભિનંદન. ◆

### શ્રી ભરતકુમાર એમ. પટેલ, મણિયારીઃ શતકવીર રક્તદાતા એવોર્ડ..



મણિયારીના વતની અને વીજાપુર ક્ષેત્રના અગ્રણી કાર્યકર શ્રી ભરતભાઈ પટેલને ૧૦૯ વખત રક્તદાન કરવા બદલ ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ તથા ઉપમુખ્યમંત્રીએ 'શતકવીર રક્તદાતા'નો એવોર્ડ અર્પીને બહુમાન કર્યું છે. હાર્દિક અભિનંદન... ◆

### શ્રી રીકીકુમાર હસમુખભાઈ પટેલ, ડેમોલ: પીએચ.ડી. થયા...




ડેમોલ સત્સંગમંડળના યુવક પ્રો. રીકીકુમાર પટેલ વાયરલેસ એપ્લિકેશન માટે કોમ્પેક્ટ એન્ટેનાની ડિઝાઈન વિષયક શોધનિબંધ પ્રસ્તુત કરતા ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીએ તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે હાર્દિક અભિનંદન... ◆

### શ્રી સંજયકુમાર કાંતિભાઈ પારેખ, કરમસદ: પીએચ.ડી થયા...



કરમસદ ક્ષેત્રના સંનિષ્ઠ સત્સંગીબંધુ અને અગ્રણી કાર્યકર શ્રી સંજયકુમાર કાંતિભાઈ પટેલે લાઈબ્રેરી સાયન્સ વિષય પર શોધનિબંધ પ્રસ્તુત કરતાં સરદાર પટેલ યુનિવર્સિટીએ તેઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેઓશ્રીને હાર્દિક અભિનંદન... ◆



# રાજકોટ ખાતે ઊજવાશે
# વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનો
# ૯૮મો જન્મજયંતી મહોત્સવ

વિશ્વવંદનીય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વના ઉપક્રમે આ વર્ષે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં દિવ્યતા અને ભવ્યતાથી રાજકોટ ખાતે ઊજવાશે. આ અણમોલ અવસરનો લાભ લેવા આપ સૌને હાર્દિક નિમંત્રણ છે. આ ઉત્સવનો લાભ લેવા પધારનારા હરિભક્તોની સુવિધા સારી રીતે સચવાય તે માટે કેટલીક અગત્યની સૂચનાઓ ધ્યાનમાં લેવા વિનંતી.

- જન્મજયંતી મહોત્સવનો મુખ્ય સમારોહ તા. ૧૫-૧૨-૨૦૧૮, માગશર સુદ ૮, શનિવારના રોજ સાંજે ૫:૦૦ થી ૮:૦૦ દરમ્યાન ઊજવાશે.
- જન્મજયંતી મહોત્સવના દિવસે સૌ હરિભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા ઉત્સવ સ્થળે એટલે કે ‘સ્વામિનારાયણ નગર’માં બપોરે ૨:૦૦ સુધી રાખેલી છે. આ દિવસે સારંગપુર, ગઢડા કે ગોંડલમાં મહાપ્રસાદની વ્યવસ્થા થઈ શકશે નહીં.
- જન્મજયંતી મહોત્સવની મુખ્ય સભા માટે સભાસ્થળે પ્રવેશ બપોરે ૩:૦૦ વાગ્યા પછી પ્રાપ્ત થશે.
- મહોત્સવના દિવસે કોઈપણ હરિભક્તે રાજકોટ મંદિરે દર્શન માટે ન જતાં સીધા જ મહોત્સવ સ્થળે પહોચવું. સભા પૂર્વે ઠાકોરજીનાં લાઈવ દર્શન સમયે સમયે થતાં રહેશે.
- જેમને ભીડમાં તકલીફ પડે તેવા અતિ વૃદ્ધ અને અશક્ત હરિભક્તો ઉત્સવમાં ન આવે એ ઇચ્છનીય છે. તેઓ મહોત્સવનું જીવંત પ્રસારણ ઘરે બેઠાં માણી શકશે.

**આ જન્મજયંતી મહોત્સવમાં લાખોની સંખ્યામાં હરિભક્તો પધારવાના હોવાથી ઉતારા અંગે નીચેની સૂચનાઓ અવશ્ય ધ્યાનમાં લઈએ:**

- ગુજરાતના હરિભક્તો મહોત્સવના દિવસે નીકળી ઉત્સવ સમયે રાજકોટ પહોંચી શકશે. આથી **ગુજરાતના કોઈપણ હરિભક્તો માટે ઉત્સવના દિવસે રાજકોટ, ગોંડલ, ગઢડા કે સારંગપુરમાં ઉતારાની વ્યવસ્થા થઈ શકશે નહીં, મહોત્સવની વિશાળતાને અનુલક્ષીને આ પ્રકારની વ્યવસ્થા અનિવાર્ય છે. તેથી ઉતારા માટે કોઈપણ પ્રકારનો આગ્રહ રાખવો નહીં.**
- ફક્ત પરપ્રાંત અને પરદેશના હરિભક્તો તથા ગુજરાતમાં વલસાડ અને તેથી દક્ષિણના વિસ્તારના હરિભક્તોને તા. ૧૪-૧૨-૨૦૧૮, શુક્રવારના દિવસે જન્મજયંતી ઉતારા વિભાગ તરફથી ઉતારો પ્રાપ્ત થશે. આવનાર હરિભક્તો ઉપર જણાવેલા દિવસ કરતાં વહેલાં ન આવે તે ઇચ્છનીય છે.
- ઉતારા માટે www.baps.org વેબસાઇટ ઉપરથી તા. ૧૯-૧૧-૨૦૧૮, સોમવાર સુધીમાં ઉતારા રિક્વેસ્ટ ફોર્મ ભરી સબમિટ કરવાથી આપને રજિસ્ટ્રેશનનો કન્ફર્મેશન નંબર તથા કન્ફર્મેશન ઈમેલ પણ પ્રાપ્ત થશે. આ ઉત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તો પધારનાર હોવાથી ઉતારાની વ્યવસ્થા રાજકોટ કે આજુબાજુના વિસ્તારોમાં અનુકૂળતા પ્રમાણે કરવામાં આવશે. આ માટે આપનું વાહન અવશ્ય સાથે રાખવું.
- પરદેશથી પધારનાર હરિભક્તને રાજકોટની નજીકમાં પોતાનું કે સંબંધીનું નિવાસસ્થાન હોય તો ઉતારો ત્યાં જ રાખવો. અને પરદેશ અને પરપ્રાંતથી પધારનાર હરિભક્તો ગુજરાતમાં રહેતા પોતાના સ્નેહીજનોને ઉતારા માટે પોતાની સાથે ન લાવે તે ઇચ્છનીય છે.
- કોઈ કારણસર ઉત્સવમાં આવવાનો કાર્યક્રમ રદ થાય અથવા આવનાર વ્યક્તિઓની સંખ્યામાં ફેરફાર થાય તો રાજકોટ ઉતારા વિભાગને વહેલી તકે અવશ્ય જાણ કરવી.

### ઉતારા માટે હોટલ બૂકિંગની વ્યવસ્થા:


- જે હરિભક્તો હોટલમાં રૂમ બુક કરાવવા ઇચ્છતા હોય, તેમણે મહોત્સવ-સ્થળની નજીક આવેલી હોટલોની વિગત માટે નીચે આપેલા ફોન નંબર પર સંપર્ક કરવો. ત્યાંથી હોટલોની માહિતી મેળવ્યા બાદ આપને હોટલ સાથે સીધો વ્યવહાર કરવાનો રહેશે. **ઉતારા અંગે વિશેષ માહિતી માટે સંપર્ક:** ફોન નંબર: +૯૧ ૯૯૯ ૮૯૯ ૨૧૩૬

### અન્ય સૂચના:

- તા. ૫-૧૨-૨૦૧૮ થી ૧૪-૧૨-૨૦૧૮ દરમ્યાન ‘સ્વામિનારાયણ નગર’માં પ્રાત:પૂજા-દર્શન, વિશ્વશાંતિ મહાયાગ, જીવનપ્રેરક પ્રદર્શનો, વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉદ્‌ઘોષ, દીક્ષા મહોત્સવ તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનો લાભ મળશે. રાજકોટ ઉપરાંત નજીકના વિસ્તારના હરિભક્તો તેનો લાભ લઈ શકશે, પરંતુ આ દિવસોમાં બહારગામના હરિભક્તો માટે ઉતારાની વ્યવસ્થા થઈ શકશે નહીં.

### મહોત્સવ સ્થળ:

‘સ્વામિનારાયણ નગર’, માધાપર-મોરબી બાયપાસ રોડ, રાજકોટ. ◆




**આવો માણીએ -**
**અદ્વિતીય ગાયક,**
**સ્વરનિયોજક**
**અને સંગીતકાર પૂજ્ય**
**યોગીચરણદાસ સ્વામીના**
**ભક્તિસભર**
**મધુર કંઠે ગવાયેલાં**
**૧૦૦૦ કરતાં વધુ**
**ભજનોની અદ્‌ભુત**
**રસલ્હાણ...**

# સહજાનંદ ચરણ કે ઉપાસી...

**USB DRIVE**

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજના અત્યંત કૃપાપાત્ર અને અજોડ ગાયક, સ્વરનિયોજક, સંગીતકાર સંત અક્ષરનિવાસી પૂજ્ય યોગીચરણદાસ સ્વામીના કંઠે ગવાયેલાં ભજનોની અદ્‌ભુત રસલ્હાણને આપ હવે ઘરે બેઠાં માણી શકશો. ભગવાન સ્વામિનારાયણના મહાન સંતકવિઓ તેમજ ભારતના મહાન ભક્તકવિઓનાં ભજનોને યોગીચરણદાસ સ્વામીના કંઠે માણવાનો આનંદ કંઈક અનોખો અનુભવાતો. ભગવાન તથા ગુરુને જ રાજી કરવા, કીર્તનના અર્ક અને પ્રત્યેક શબ્દના મર્મને પામીને પોતાની અનોખી છટાથી યોગીચરણદાસ સ્વામી કીર્તનો ગાય અને સૌનાં ચિત્તમાં બ્રહ્માનંદ છવાઈ જાય. સંસ્થાના ધ્વનિમુદ્રણ સ્ટુડિયોમાં તથા જાહેર સમારોહમાં તેઓના કંઠે ગવાયેલાં એવાં અસંખ્ય ભજનોમાંથી ૧૦૦૦થી વધુ ચૂંટેલાં ભજનો **'સહજાનંદ ચરણ કે ઉપાસી'** કીર્તનસંપુટમાં સમાવવામાં આવ્યાં છે. વિવિધ વિષયોનાં ફોલ્ડરોમાં પ્રસ્તુત થયેલાં આ કીર્તનોનો સંગ્રહ સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયની એક અમૂલ્ય વિરાસત છે, જેમાંથી આવનારી અનેક પેઢીઓ મહાન સંતકવિઓનાં ભજનોના રસથાળની સાથે સ્વામિનારાયણીય સંગીતકલાનો અદ્‌ભુત નજારો પણ માણતી રહેશે, એમાંથી સદા પ્રેરણા પામતી રહેશે...

**પ્રાપ્તિસ્થાનઃ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરપીઠનાં તમામ વિક્રય કેન્દ્રો પરથી ઉપલબ્ધ...**

Swaminarayan Prakash Gujarati, October-2018, Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.









**કર્ણાવતીના આંગણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં જન્માષ્ટમી ઉત્સવની હર્ષભેર ઉજવણી...**

તા. ૩-૯-૨૦૧૮ના રોજ કર્ણાવતી નગરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં જન્માષ્ટમીનો પવિત્ર ઉત્સવ ઊજવાયો હતો. આ અવસરે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ઠાકોરજીને પારણે ઝુલાવીને ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્યને વધાવ્યું હતું. ઉપસ્થિત હજારો ભક્તોએ પણ ઉત્સવમાં સંમિલિત થઈ ચિરંતન સ્મૃતિ હૃદયે કંડારી હતી એ અવસરની સ્મૃતિ છબીઓ...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas